
કુમાર

સંસ્થાપક રવિશંકર રાવળ · વર્ષ ૪૫ · અંક ૫ · માહે મે · ૧૯૬૮ · સળંગ ૫૩૩મો અંક





મારગના સૂર
ચિત્રકાર: જયંત સિદ્ધપુરા

કોઈ ટોચના સ્થાનેથી દેખાતું દૃશ્ય (જેને 'ટૉપ-ઍંગલ' કહે છે) નિરૂપતી અભિનવ શૈલીના આ ચિત્રનું સંયોજન ભેંશ-આરોહકના પાવાના સૂર જેવું મનોરમ છે. ભેંશોનાં શરીર અને પોટલું લટકાવેલી ડાંગથી નિપજતી રચનાને માનવ-પાત્રો, વૃક્ષ-ટોચો અને શીંગડાંના વળાંક સાથે તાલ લેતી પૂછડાંની છટા રમ્યતા અર્પે છે. (આવી બીજી થોડી કૃતિઓ સાથે કલાકારનો પરિચય આ અંકની 'કલાવાર્તા'માં.)

Blocks by the Courtesy of Thacker & Co. Bombay

અનુક્રમણિકા

મે ૧૯૬૮ • અંક ૫૩૩

તંત્રી : બચુભાઈ રાવત • ઉપતંત્રી : બિહારીલાલ ટાંક

ચિત્રો

કાવ્યો

ચરિત્ર


વાર્તા

લેખો

વિભાગો

કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી તંત્રી, મુદ્રક અને પ્રકાશક : બચુભાઈ પોપટભાઈ રાવત
મુદ્રણ-પ્રકાશનસ્થાન : કુમાર પ્રિન્ટરી, કુમાર કાર્યાલય લિ., ૧૪૫૪ રાયપુર, અમદાવાદ
વાર્ષિક લવાજમ રૂ. ૧૫; પરદેશમાં રૂ. ૨૮ અથવા શિ૦ ૨૭; છૂટક નકલ : રૂ. ૧-૫૦.

કોઈ આકસ્મિક કારણે અંક મોડો ન થયો હોય તો 'કુમાર' દર માસની ૧૫મી તારીખે બહાર પડે છે; એટલે તે અરસામાં અંક ન મળે તો તરત તેની ફરિયાદ કરવી. અકસ્માતે ગુમ થએલા અંકોની ફરિયાદોને, અમારી પાસે નકલો હોય છે ત્યાં સુધી તો પહોંચી વળવાનો અમે પ્રયત્ન કરીએ છીએ; પરંતુ એવા ગુમ થએલા કોઈ પણ અંકો ભરપાઈ કરી આપવાનું કશું બંધન અમારે માથે રહેતું નથી.



આંખ [કાયાની કરામત-૧૧]: મનુષ્યની બધી જ્ઞાનેન્દ્રિયોમાં સર્વોપરિ એવી આંખના ડોળાનો આકાર ડુંગળીના જેવો જ છે. માથા-મોઢાનાં સાત હાડકાંના બનેલા, ખોપરીના ગોખલામાં રક્ષિત આંખના ડોળાનાં પોપચાં અને પાંપણો હવામાંનાં રજકણો તથા જંતુ સામે રક્ષણ કરે છે; ઉપરાંત દર સેકંડે છ વાર પલકારા મારી એને સાફ પણ રાખી શકે છે, ને ઊંઘમાં એને ઢાંકે છે.

ડોળાનાં મુખ્ય ત્રણ પડ છે. બહારનું પડ **અક્ષિપટલ** તે ડોળાનો સફેદ ભાગ. ડોળાનો ગોળ ઘાટ જાળવવા સાથે તે અંદરના ભાગને રક્ષે છે. કીકી પરનો તેનો તદ્દન પારદર્શક ભાગ **કૉર્નિયા** કહેવાય છે. વચલું પડ **કૃષ્ણપટલ** આંખને પોષણ આપે છે. કીકી પાસેનો એનો ભાગ **દૃકપટ** કહેવાય છે, જેની મધ્યમાંનું કાણું તે જ કીકી. આંખમાં પ્રવેશતા પ્રકાશનું એ નિયમન કરે છે.

કીકીની પાછળનો પારદર્શક ને સ્થિતિસ્થાપક **નેત્રમણિ** કૅમેરાના લેન્સ પેઠે ડોળાની અંદરના પાછલા ભાગમાં આવેલા **પીતબિંદુ** આસપાસના વિસ્તાર પર બહારના દૃશ્યને કેન્દ્રિત કરે છે. તેનાથી ઉત્તેજાએલા **નેત્રતંતુઓ** એ દૃશ્યનો સંદેશ મગજને પહોંચાડે છે. આંખનું ત્રીજું પડ આ નેત્રતંતુઓનું જ બનેલું છે. તેને **નેત્રપટ** કહે છે. આંખના ડોળામાં નેત્રતંતુઓ જ્યાંથી ફંટાઈને પ્રસરે છે ત્યાં પડતી છાપથી તેનામાં કોઈ ઉત્તેજના થતી નથી એટલે એને **અંધબિંદુ** કહે છે. ડોળાના અંદરના પોલાણમાંનો પારદર્શક **કાચરસ** એનો ગોળ ઘાટ જાળવી રાખે છે.

તંત્રી બ. રાવત
મે ઈ. ૧૯૯૮

દરિયાઉં શમણે આવ્યા / રમેશ પારેખ

· ગીત ·

એન કાંઈ દરિયાઉં શમણે આવ્યા કે તો ય આંખ કોરીમોરી રે લોલ,
બાઈ મારું નીંદરનું દૂધમલ મોતી કે દરિયા તાણી ગયા રે લોલ.

(કે) બાઈ મારે મોભે કળાયલ રાત કે નળિયાં ગ્હેકયા કરે રે લોલ,
ગ્હેકે ગ્હેકે આંગણાની પડથાર બે પાંદડાં ઝ્હેકયા કરે રે લોલ,

ખડભડ ગઢને ગબ્બર ઝાંખ કે ઝમરખ દીવો બળે રે લોલ,
(કે) લોલ મારે કંઅવે આભલાંની હાર કે ભીંતમાં ભાત્યું પડે રે લોલ.

બાઈ મારે ત્રાજવે ત્રંફાવેલ પંખી કે ભરરં દઈ ઊડી ગયું રે લોલ,
(કે) લોલ મારી પચરંગી ચોપાટ કે સોગઠે કોણ રમે રે લોલ.

ઘેર હું તો પાતલડી પરમાર્ય કે એકલી ફાટી પડું રે લોલ;
બાઈ મારી પાનીની ગોટમોટ રેખ કે નીસરે કેડી થઈ રે લોલ.

(કે) બાઈ મારે હાલવું તે કઈ પેર કે પીંડિયું તૂટી પડે રે લોલ,
ઝાંખેપાંખે દીવડાને અજવાસ કે ચાકળો બૂડી જશે રે લોલ.

બાઈ મારી ભરભર ભાંગશે રાત કે દંયણાં માંડશું રે લોલ,
દૈયણાં દળીએ આઠે પોર કે દૈયણાં ખૂટે નહિ રે લોલ.

સાદ / જશવંત લ. દેસાઈ

મયૂર હે, ટ્હૌકી ઊઠે યદા તું
સુદૂર કો સીમમહીં ઊંડાણે,
લહુ તદા:
કો નભમંડળેથી
ઘેરો ઊંડો આકુલ સાદ આવતો.

જન્માંતરોથી સુજ આ હિયામાં
નિદ્રામહીં ગાઢ સુષુપ્ત કોકને
ઢંઢોળતો...સળવળી ઊઠતો જે
કદીક, પાછું પડખું ફરી જતો...

વૈફલ્ય / હરિકૃષ્ણ પાઠક

· મિશ્ર ·

ઠાલાં બધાં વાદળ, દગ્ધ આંખે
વાતી રહે લૂ; પણ એક ફોરું
ઝરે નહિ, ને અહીં સાવ કોરું;
ઝૂરે ધરા; કંઠ સુકાય શોષે.
ત્યાં દૂર આછા...
આછા કિચૂડાટ સિંચાય કોસે
કો' કાળના કૂપ ઉલેચતું હશે!
દોડી જઉં આશભર્યો; તહીં યે
થાળાં મહીં તો ઠલવાય ઝાંઝવાં!

જીવનદર્શન-૧૧

કિલ્લાનો કોટ

ફાધર વાલેસ

શાણા, વિવેકસંપન્ન, સલાહ-સમૃદ્ધ સજ્જન માટે સૌ કોઈને માન હોય છે, અને સૌ કોઈ પ્રસંગ આવ્યે એના માર્ગદર્શનનો લાભ પણ લે છે. સામાન્ય રીતે એવી સલાહડાહી વ્યક્તિ કોઈ વૃદ્ધ કે પ્રૌઢ વડીલ હોય. જીવનમાં વિવિધ પાસાં જોઈ જોઈને, મીઠા કડવા ઘૂંટડા ભરી ભરીને, સુખદુ:ખની ઘટમાળમાં ઘડાઈ ઘડાઈને તેઓ સાચાખોટાના રંગ પારખતાં શીખ્યા, અને હવે બીજાઓને તેની શીખ આપી શકે છે, આપવા તૈયાર છે.

પણ તમને થશે–ને થાય તો સારું–કે આપણે યુવાનીમાં પણ એવું થોડું ડહાપણ ન લાવી શકીએ? માથાના વાળ ખરી જાય તેની રાહ જોયા વિના એ ન્યાયબુદ્ધિ વહેલી-વહેલી પ્રાપ્ત ન કરી શકાય? આંખે મોતિયો આવે તે પહેલાં દુનિયાનો બુરખો વેધીને તેનો સાચો ચહેરો ન નિહાળી શકાય?

હા; વિવેકશક્તિ વહેલી આવી શકે–તેની પાછળ મહેનત કરવા તૈયાર હો તો. દીર્ઘદૃષ્ટિ ટૂંક સમયમાં કેળવી શકાય–આંખને તાલીમ આપવા તૈયાર હો તો.

આધુનિક લેખક ને તત્ત્વવેત્તા સાર્ત્રનું પ્રથમ પુસ્તક બહાર પડ્યું ત્યારે લોકોને આશ્ચર્ય થયું કે આ નવોદિત લેખક ને ઘરની ચાર દીવાલો વચ્ચે જ ઊછરેલો યુવાન સમાજનું આવું તાદૃશ વર્ણન કેમ કરી શક્યો હશે? એમણે જવાબમાં આટલું જ કહ્યું: 'મારા અંતરમાં દુનિયાનું પ્રતિબિંબ પડતું એ તરફ જોઈને મેં તેનું ચિત્ર દોર્યું.'

પહેલું નિરીક્ષણ તે આત્મનિરીક્ષણ.

અંદર જોવાથી બહારનું દૃશ્ય સ્પષ્ટ થઈ જાય. પોતાની જાતને બરાબર ઓળખવાથી આખી દુનિયાનો પરિચય થઈ આવે. પોતાનું ઘર સંભાળવાથી માણસોના સંચાલનની કલા હસ્તગત થઈ જાય.

વેપારી રોજ સાંજે દુકાન બંધ કર્યા પછી હાથમાં ચોપડો લઈને બેસે છે અને આજે કેટલું આવ્યું ને કેટલું ગયું એનો બારીકાઈથી હિસાબ કાઢે છે. એ ઉપરથી ક્યારે કેટલો માલ મંગાવવો પડશે અને નફો-નુકસાન કેટલું થતું જાય છે તેનો ચોક્કસ ખયાલ એ મેળવે છે. એ ચોક્કસ ખયાલ વિના તેનો વેપાર વહેલોમોડો ખોટમાં જશે.

કોઠારમાં શું આવે છે ને જાય છે એની ગણતરી આવડે છે, તો મનમાં ને હૃદયમાં શો માલ આવે છે ને એમાંથી ભાવના ને વાસના રૂપે શું શું નીકળે છે તેનો હિસાબ ન રાખીએ? તે વિના તો આપણો જીવનધંધો વહેલોમોડો ખોટમાં જશે એ વાત પણ વેપારધંધા જેટલી જ ચોક્કસ છે.

દિવસમાં શ્રમ કરતાં કરતાં શરીરે મેલ ચડે છે તે આપણે દિવસને અંતે સ્નાન કરીને ઉતારીએ છીએ, એટલે શરીર સ્વચ્છ ને સ્વસ્થ રહે છે. દિવસો સુધી જો દેહની આટલી માવજત કરવાનું ચૂકીએ તો કેટલી ગંદકી, અકળામણ ને આખરે બીમારી થાય! દેહ માટે કરીએ, અરે ઘરની ચાર ઓરડીઓ માટે પણ રોજ ઝાડુ વાળાને કરીએ, અને મન માટે ગંદા-મેલા ખૂણાઓ જોઈને એક વાર તેના ઉપર પોતું ફેરવવાનું સૂઝતું નથી. કેટલી બધી ગંદકી ત્યાં ભેગી થઈ હશે!

બેન્જમિન ફ્રૅંકલિન વીજળી-દંડના શોધક તેમજ નિપુણ રાજનીતિજ્ઞ તરીકે અમેરિકામાં ખ્યાતિ પામ્યા હતા. પોતાના કહ્યા મુજબ ગરીબ કુટુંબમાંથી ઊંચા સ્થાન સુધી પહોંચવાની સફળતા પોતાની રોજ આત્મનિરીક્ષણ કરવાની ટેવને આભારી હતી. પોતાનો એ રોજનો પ્રયોગ તેઓ આ શબ્દોમાં વર્ણવે છે: 'એક કોરા પાના પર આડીઊભી લીટીઓ દોરીને, ઉપર અઠવાડિયાના વાર, અને બાજુમાં જે સદ્‌ગુણોદુર્ગુણો પર મારે નજર રાખવાની હતી એનાં નામ હું લખતો. પછી રોજ રાત્રે સૂતાં પહેલાં હું એ કાગળ લઈને બેસતો, દિવસ દરમિયાન થએલી ચડતી-પડતી તટસ્થ ભાવે નિરખવા મનમાં ને મનમાં ઈશ્વરની પ્રાર્થના કરતો, અને છેલ્લા ચોવીસ કલાકમાં મારા મનમાં થએલા વિચારો, કહેલી વાતો ને આચરેલા વર્તનની તપાસ કરતો. તે અનુસાર દરેક ખાનામાં હું યોગ્ય આંકડો મૂકતો જતો. દા.ત. સોમવારે હું ત્રણ વાર ગુસ્સે થયો હોઉં તો સોમવારનો સ્તંભ અને ક્રોધની પંક્તિ જ્યાં આગળ મળતાં ત્યાં ત્રગડો આવતો. અઠવાડિયાને અંતે મારી નજર સામે મારું ખરું નૈતિક ચિત્ર ઊભું થતું, ને બીજા અઠવાડિયા માટે શામાં વધુ ધ્યાન આપવું એનો નિર્ણય લઈ એ અમલમાં મૂકવા ઈશ્વરનો આશીર્વાદ યાચતો. વરસો સુધી અચૂક, નિયમિતપણે ચાલુ રાખેલા આ પ્રયોગને લીધે મારા જીવનમાં શુદ્ધિ આવી, જાગૃતિ આવી, મારી શક્તિ-અશક્તિનો ચોક્કસ ખયાલ આવ્યો, અને રોજ આગળ વધતા રહેવા માટે સૂઝ ને સ્ફૂર્તિ આવી. મારા આખા જીવનનું સતત સુખ ને કલ્યાણ એ નાનકડા પ્રયોગને આભારી છે, તેથી મારા પછી આવનારી પેઢીઓ પણ તેનો લાભ લઈ શકે એટલા માટે મેં તે અહીં જાહેર કર્યો છે.'

નિત્ય આત્મનિરીક્ષણથી માણસ પોતાના અંતરનું સાચું ચિત્ર દેખતો થાય છે એ તેનો અમૂલ્ય લાભ છે. તમે અરીસામાં તમારું મોં રોજ એક વાર (કે પચાસ વાર) તો જુઓ છો; અને પરિણામે તમારા આખા વર્ગનો સમૂહફોટો તમને બતાવે કે તરત સેંકડો ચહેરાઓમાં તમારો ચહેરો ઓળખી કાઢો છો અને ખાતરીપૂર્વક જાહેર કરી દો છો: 'આ હું'. પરંતુ જો તમને સો યુવાનોનાં માનસિક ચિત્ર, એટલે કે દરેકની બુદ્ધિ ને લાગણી, સંસ્કારો ને વિચારો, આદર્શો ને કુટેવોને લઈને ઊભાં થતાં અંતરનાં ચિત્ર, તમારી આગળ મૂકે તો એ સોમાંથી તમારું આગવું ચિત્ર ઓળખી શકશો ખરા? કેટલાક યુવાનોને માનસશાસ્ત્રીય પદ્ધતિથી તૈયાર થએલાં એવાં શબ્દચિત્રો બતાવવામાં આવ્યાં ત્યારે ફક્ત અર્ધા ભાગના પોતાનું સાચું ચિત્ર ચૂંટી લેવામાં સફળ થયા; બીજાઓએ તો કાં તો ખોટાં ચિત્રો કાઢયાં અથવા કોઈ પણ ચિત્ર પસંદ કરવાની અશક્તિ બતાવી. માણસ પોતાનું મોં ન ઓળખે એ કેવી દયા ને શરમની વાત છે!

હા, દરેક માણસના બંધારણમાં અસલ તત્ત્વો તો સરખાં હોય છે. દરેકના હૃદયમાં કામક્રોધાદિ વાસનાઓ તેમ જ પ્રેમ, સેવા, નેકી ને શ્રદ્ધા જેવી ઉત્કૃષ્ટ ભાવનાઓ ભરેલી છે. પરંતુ તેમનું મિશ્રણ જુદુંજુદું હોય છે. દરેક માણસને બે હાથ ને બે પગ છે, ચામડી ને માંસ છે, છતાં કોઈ બે માણસના ચહેરા કે ચાલ સરખાં નથી. તેથી માણસે પોતાના જ પગનું જોર અને હાથની તાકાત પારખતાં શીખવું પડે છે, અને તેની એ શક્તિ પ્રમાણે એ પછી કામ પસંદ કરે છે.

હવે, શારીરિક દૃષ્ટિએ નહિ પણ માનસિક તથા આધ્યાત્મિક દૃષ્ટિએ તમારી શક્તિ ને તમારી નબળાઈનો અંદાજ તમે કાઢયો છે? શામાં વિશ્વાસ છે ને શામાં ભય છે એવાં તમારા મનના બંધારણમાંનાં સ્થાનો શોધ્યાં છે? શામાં વાંધો નહિ આવે, ને શામાં સહેજ ધક્કો લાગતાં પડી જવાય એમ છે એની તપાસ કરી છે?

કિલ્લાનો કોટ એકસરખો મજબૂત હોતો નથી. કયાંક દીવાલ ઊંચી ને નક્કર છે, તો કયાંક ઘસાએલી-તૂટેલી છે. જો કિલ્લાના સરદારને ખબર ન હોય કે કોટમાં કયાં ચિરાડો છે તો દુશ્મનો એ તક લઇને ત્યાંથી ચડાઈ કરશે અનેગઢ સહેલાઇથી સર કરશે.

તમારા મનના કિલ્લામાં પણ કેટલાંક ભયસ્થાનો છે, અને કદાચ એનો ચોકસ ખયાલ તમને—કિલ્લાના સરદારને—નથી. પણ તમારા અંગત શત્રુઓ, તમારી દુર્વાસનાઓ, તમારા એ ષડ્રિપુ જાસૂસો મોકલીને એની પૂરી બાતમી મેળવી ચૂકયા છે, અને એ ફાટ પડેલી દીવાલમાંથી હુમલા કરીને તમારા મનનો કબજો કરી લેશે—તમે એ ભયની જગ્યાએ તમારી રક્ષક સેનાની જમાવટ વખતસર નહિ કરો તો.

પ્રાચીન જર્મન સાહિત્યમાં સિગ્ફ્રીડની રોમાંચક કથા ખૂબ લોકપ્રિય હતી. એક મહાકાય રાક્ષસને માર્યા પછી સિગ્ફ્રીડને વરદાન મળ્યું કે જો એ રાક્ષસના લોહીમાં સ્નાન કરે તો તેની ચામડી અભેદ્ય થાય. સ્નાન કરતાં કરતાં નજીકમાં ઊભેલા એક વૃક્ષ ઉપરથી એક પાંદડું ઊડતું ઊડતું આવ્યું ને તેની પીઠ પર ચોંટી ગયું. એ જગ્યા પર રાક્ષસના લોહીનો સ્પર્શ ન થતાં ત્યાં વરદાન ન લાગ્યું, પણ બાકીનાં અંગો તો અભેદ્ય થયાં એટલે રણમેદાનમાં રોજ નવાં પરાક્રમો કરીને તે અજેય હોવાની કીર્તિ પામ્યા. અંતે તેના એક ખોટા મિત્રે તેનું રક્ષણ કરવાને બહાને તેની મા પાસેથી તેના અજેયપણાનું રહસ્ય મેળવ્યું ને પાછળથી મર્મસ્થાને ભાલાનો ઘા કરી તેનો પ્રાણ લીધો.

આપણા ચારિત્ર્યમાં યે એવાં મર્મસ્થાનો હોય છે. અમૃતકુંજમાં સ્નાન કરતાં કરતાં અવિદ્યાનાં પાંદડાં આપણા મન ઉપર પડયાં અને જુદે જુદે ઠેકાણે ચોંટી ગયાં. કોઈની વિષયવાસના તો કોઈની સત્તાક્ષુધા, કોઈની ધનલોલુપતા તો કોઈની સ્વાદપૂજા, કોઈનું અભિમાન તો કોઈનું વેરઝેર, દરેક માણસની પીઠ ઉપર કોઈ ને કોઈ કોમળ ભાગ રહ્યો છે. અને શત્રુનાં બાણ તો એ તરફ જવાનાં. જો ઢાલ-બખતર વખતસર ન પહેરાય તો અજેય શૂરવીર પણ મોતને શરણે જવાનો.

નિત્ય આત્મનિરીક્ષણથી તમારાં એ મર્મસ્થાનો તમારી નજર સામે ઉઘાડાં પડશે. રોજના નૈતિક હિસાબથી તમારી પ્રધાન વાસના ચત્તી થશે. પછી કયાં આગળ શક્તિની જમાવટ કરવી એ તમને સમજાશે, અને તમારા આત્માના કિલ્લાનું રક્ષણ સફળતાપૂર્વક કરી શકશો.

આત્મનિરીક્ષણથી મેળવેલું વિવેકનું વરદાન એ જ અજેયપણાનું સાચું રહસ્ય છે.

"His power came from some great reservoir of spiritual life, else it could not have been so universal and potent; but the majesty and beauty of the language with which he clothed it were all his own." —*Claude Bragdon*

ખલિલ જિબ્રાન



સત્ય ને સૌંદર્યનો ઉપાસક, જ્ઞાની કવિ અને ચિત્રકાર

*

લેખક
જગદીશ પરીખ

*

ખલિલ જિબ્રાન→

બૈરુતના જાહેર ચોગાનમાં નવા પ્રસિદ્ધ થએલા એક પુસ્તકની પ્રતોની હોળી થઈ રહી હતી. એ પુસ્તકને 'ભયજનક, ક્રાંતિકારી અને યુવાનો માટે ઝેરી' જાહેર કરવામાં આવ્યું હતું. એ લખવાના પાપ (!) માટે તેના લેખકને મેરોનાઈટ કૅથલિક ચર્ચમાંથી દૂર કરવામાં આવ્યો અને તેને દેશનિકાલની સજા ફરમાવવામાં આવી. એ સમયે હજી માંડ વીસીમાં પ્રવેશેલો એ 'ભયજનક' પુસ્તકનો લેખક પારી(સ)માં મહાન ચિત્રકાર રોદાંના હાથ નીચે ચિત્રકળાનો અભ્યાસ કરતો હતો. ખબર સાંભળીને એણે એટલું જ કહ્યું: 'પુસ્તકની જલદી બીજી આવૃત્તિ બહાર પાડવાનું આ એક ઉત્તમ કારણ છે.'

એ સમય હતો વીસમી સદીની શરૂઆતનો. સીરિયા પર એ સમયે તુર્કીનું રાજ્ય હતું. એ પુસ્તક હતું Spirits Rebellious (વિદ્રોહી આત્મા) અને એનો યુવાન લેખક હતો જિબ્રાન ખલિલ જિબ્રાન.

ઈ. ૧૮૮૩ની ૬ઠ્ઠી જાન્યુઆરીએ સીરિયાના લેબેનન પ્રાંતના બશેરી ગામમાં એનો જન્મ. પિતાનું નામ પણ ખલિલ જિબ્રાન માતાનું નામ કામિલા રહમી. જિબ્રાનના જીવન પર એ માતાની ઊંડી અસર છે. પોતાની માતા વિષે એણે કહેલું: 'તે અસંખ્ય કાવ્યો જીવી છે, પણ કદી તેણે એકે ય લખ્યું નથી.' અને તેણે એમ પણ કહ્યું છે કે: 'માતાના હૃદયમાં શાંતિથી સૂતેલું ગીત બાળકના ઓષ્ઠ પર ગવાશે.'

બાલ્યાવસ્થામાં ઘેરે જ શિક્ષણ લઈને જિબ્રાન અરેબિક, ફ્રેંચ તથા અંગ્રેજી શીખ્યા. ૧૮૯૪માં કુટુંબ સાથે બૉસ્ટન (અમેરિકા) ગયા. પરંતુ માતૃભાષામાં વિદ્યાભ્યાસ કરવાની તીવ્ર ઇચ્છાને લીધે ૧૮૯૬માં એકલા જ બેરૂત પાછા ફર્યા, જ્યાં તેમણે મદ્રસત-અલ-હિકમત (=જ્ઞાનની શાળા)માં શિક્ષણ લીધું અને અભ્યાસક્રમની બહારના પણ અનેક વૈવિધ્યપૂર્ણ વિષયોનો અભ્યાસ કર્યો—જેમાં વૈદક, આંતરરાષ્ટ્રીય કાયદો, ધર્મોનો ઇતિહાસ ને સંગીતનો પણ સમાવેશ થાય છે.




ખલિલ જિબ્રાનનું એક ચિત્ર. પોતાના ચિત્રને કોઈ નામ નહિ આપવાની એની એક ખાસિયત હતી.

ઈ. ૧૯૦૧માં બહુમાન સાથે એ અભ્યાસક્રમ પૂરો કર્યો એ ગાળા સુધીમાં ૧૫ વર્ષની વયે તેમણે તેમના અતિ પ્રસિદ્ધ અને મહામૂલ્યવાન પુસ્તક 'ધ પ્રૉફેટ'નું પ્રથમ સર્જન કર્યું; ૧૬ વર્ષની વયે સાહિત્યિક અને તત્ત્વજ્ઞાનયુક્ત સામયિક અલ-હકીકત (=સત્ય) નામના સામયિકનું સંપાદન કર્યું; ૧૭મે વર્ષે લેબેનનના એક વર્તમાનપત્રમાં ગદ્ય કાવ્યના પ્રકાશન દ્વારા જાહેરમાં આવ્યા, અને એ જ વર્ષે, જેમનાં કોઈ ચિત્રો અસ્તિત્વમાં ન હતાં એવા કેટલાક ઈસ્લામ પૂર્વેના કવિઓનાં ચિત્રો દોર્યાં. ઉપાધિ પ્રાપ્ત કર્યા પછી ગ્રીસ, ઈટલી ને સ્પેઈન થઈને પારી(સ) ગયા. ૧૯૦૧ થી ૧૯૦૩ દરમિયાન ત્યાં ચિત્રકળાનો અભ્યાસ કર્યો ને અરેબિકમાં પુષ્કળ લખ્યું. આ જ ગાળામાં 'વિદ્રોહી આત્મા' (Spirits Rebellious) લખાયું અને બળાયું. ૧૯૧૦ના વસંતમાં તે બૉસ્ટન પાછા ફર્યા અને એ વર્ષના પાછલા ભાગમાં ન્યૂ યૉર્ક શહેરમાં ૫૧, વેસ્ટ ટેન્થ સ્ટ્રીટમાં રહેવા ગયા જ્યાં મૃત્યુ પર્યંત રહ્યા.

સમયની દૃષ્ટિએ જોતાં એમનું જીવન ટૂંકું હતું; પણ સમયના માપમાં ન તો તેઓ કદી જીવ્યા કે ન તો તેમણે કદી વિચાર્યું. તેઓ હમેશાં કહેતા: 'આપણે અનંત છીએ.' અને એમની ઝંખના હતી—જેના વડે એમનું જીવન દોરાયું—કે 'આત્મા અવકાશ કરતાં વધુ શક્તિશાળી છે, સમય કરતાં વધુ મજબૂત છે, સમુદ્ર કરતાં ઊંડો છે અને તારાઓ કરતાં ઊંચો છે.' તેમના આ શબ્દો ગીતામાંનાં કૃષ્ણવચનોની યાદ અપાવે છે.

ઈ. ૧૯૧૮માં એમનું સૌપ્રથમ અંગ્રેજી પુસ્તક પ્રસિદ્ધ થયું: 'ધ મૅડ મૅન'. આ પુસ્તકમાં આપણને સુંદર વક્રોક્તિવાળી દૃષ્ટાંતકથાઓ જોવા મળે છે,—અને જીવન સામેની એક તીવ્ર કટુતા પણ. ૧૯૨૩માં તેમનું નિર્વિવાદ સર્વોત્તમ ને બહુપ્રશંસિત પુસ્તક 'ધ પ્રૉફેટ' પ્રસિદ્ધ થયું તે પહેલાં તેમનાં Twenty Drawings (૧૯૧૯) અને The Forerunner (૧૯૨૦) પ્રસિદ્ધ થઈ ચૂક્યાં હતાં. 'પ્રૉફેટ'નાં મૂળ જિબ્રાનના જીવનમાં બહુ ઊંડાં જણાય છે. માત્ર ૧૫ વર્ષની વયે તેમણે એ માતૃભાષામાં લખેલું. માતાની અંતિમ માંદગી સમયે તેમણે એ વાંચી સંભળાવ્યું. માતાએ પ્રશંસા સાથે એને જાળવીને ઊંચું મૂકવા, અને એ પાકટ થવાની રાહ જોવા કહ્યું. ૧૦ વર્ષ પછી જિબ્રાને ફરી એને માતૃભાષામાં લખ્યું અને ત્યાર પછી એને સ્વતંત્રપણે અંગ્રેજીમાં લખી પોતાનાં જ સુંદર ભાવવાહી અને અગમ્ય ચિત્રો વડે સુશોભિત કર્યું.







મથાળે: ખલિલ જિબ્રાનના અરબી અને અંગ્રેજી હસ્તાક્ષરો.
ઉપર ડાબી બાજુ 'વધસ્તંભ પર' અને જમણી બાજુ 'જિસસ સન ઑવ મૅન'

એ પુસ્તકની સફળ ભાષા ને જીવનનાં સત્યોની અનોખી રજૂઆતને કારણે દેશ-વિદેશોનું એના પ્રત્યે ધ્યાન ખેંચાયું.

પ્રશ્નોત્તરની શૈલીમાં લખાએલા આ પુસ્તકમાં કવિએ જીવનના જુદાજુદા લગભગ દરેક પાસા (જેવા કે, પ્રેમ, શ્રમ, આનંદ-શોક, સ્વાતંત્ર્ય, આત્મજ્ઞાન, શિક્ષણ, દુ:ખ, મિત્રતા, કાળ, સૌંદર્ય, ધર્મ, મૃત્યુ વગેરે) વિષે પોતાના અભિનવ વિચારો દર્શાવ્યા છે. પુસ્તકનું મુખ્ય પાત્ર છે: અલ-મુસ્તફા (=પ્રભુનો અનુગ્રહ પામેલ), જે લોકો સમક્ષ તેમના પ્રશ્નોના ઉત્તર રૂપે સમગ્ર જીવનની સનાતન અને સાર્વત્રિક રજૂઆત કરે છે. જીવનના ચિરકાળના ગીતનું એ ગાન છે;—પયગંબરી છે એનો ધ્વનિ, અને આકાશી વિચાર અને સામુદ્રિક લાગણી છે એનાં વાજિંત્રો. જીવન પ્રત્યેનો એક તાજગીભર્યો દૃષ્ટિકોણ અહીં જોવા મળે છે: 'Your joy is your sorrow unmasked;' 'Your pain is breaking of the shell that encovers your understanding;' અને 'Beauty is Eternity gazing at itself in a mirror. But *you* are eternity and *you* are mirror.'

ત્યાર પછી ૧૯૨૬માં 'Sand and Foam', ૧૯૨૭માં 'Tears and Laughter', ૧૯૨૮માં 'Jesus–The Son of Man', ૧૯૩૧માં 'The Earth Gods' ને ૧૯૩૨માં 'The Wanderer' પ્રસિદ્ધ થયાં. દરમ્યાન તેમનાં ઘણાં પુસ્તકો અરબી ભાષામાં પ્રસિદ્ધ થએલાં જેમાંનાં મોટા ભાગનાં પુસ્તકોનો અંગ્રેજીમાં અનુવાદ થએલો છે.

૧૯૩૩માં એમનું છેલ્લું પુસ્તક પ્રસિદ્ધ થયું: 'ધ ગાર્ડન ઑવ ધ પ્રૉફેટ'. કવિના આ પુસ્તકને સંકલિત કરીને પ્રગટ કરવાનું કાર્ય તેમનાં અંગત મિત્ર શ્રીમતી બાર્બારા યુંગે કર્યું. આ પુસ્તક 'ધ પ્રૉફેટ'ના બીજા ભાગ જેવું છે. કવિએ 'ધ પ્રૉફેટ'ની માળામાં 'ધ ડેથ ઑવ ધ પ્રૉફેટ' આપવાની ઉમ્મીદ પણ સેવી હતી, જે બર ન આવી. 'પ્રૉફેટ'માં કવિએ જેમ માનવ-માનવ વચ્ચેના અને 'ગાર્ડન ઑવ ધ પ્રૉફેટ'માં માનવ અને કુદરત વચ્ચેના સંબંધોનું દર્શન કરાવ્યું છે, તેમ એ પુસ્તકમાં કવિ માનવ અને ઈશ્વર વચ્ચેના સંબંધનું દર્શન કરાવવાના હતા. પણ કમનસીબે તેની એક જ લીટી લખાઈ હતી જે તેમણે પહેલેથી લખેલા 'અલ-મુસ્તફા'ના કરુણ અંતને દર્શાવે છે: 'And he shall return to the city of Orphalese...and they shall stone him in the market-place, even unto death; and he shall call every stone a blessed name.'

અલ-મુસ્તફાનું પાત્ર જાણે જિબ્રાન પોતે જ છે. જો કવિના આત્માની આત્મકથા આપણને જોઈતી હોય તો તે 'ધ પ્રૉફેટ' અને 'ધ ગાર્ડન ઑવ ધ પ્રૉફેટ'માં વાંચી શકાએ.

જીવન પ્રત્યેની એમની શ્રદ્ધા અને ભાવના ખૂબ ઊંડાં છે, અને એવું જ નિરાળું છે એમનું મૃત્યુ વિષેનું ચિંતન. 'પ્રૉફેટ'માં તેઓ કહે છે: 'તમારે મૃત્યુનું રહસ્ય જાણવું છે, પણ તમે તેને કેવી રીતે જાણશો,—જો તમે તેને જીવનના મધ્યમાં જ ન ખોળો તો?' અને 'જે જીવન શરીરની અંદરના જ જીવનને શોધે છે, તે જ કબરથી ડરે છે.' વળી જીવનના સાતત્યમાંની તેમની શ્રદ્ધા 'થોડો સમય, વાયુ પર ક્ષણભર વિશ્રાંતિ, અને એક બીજી માતા મને ધારણ કરશે.' આવા જ વિચારો 'ગાર્ડન ઑવ ધ પ્રૉફેટ'માં પણ છે જ: 'અને મૃત્યુની પાર પણ હું જીવીશ...' અને પુસ્તકના અંતમાં ધુમ્મસને સંબોધતાં

...I rise to you a mist,
And together we shall float upon the sea
untill life's second day
When dawn shall lay you dewdrops
in a garden,
And me a babe upon the breast of a woman.

'ગાર્ડન ઑવ ધ પ્રૉફેટ'માંનું કવિનું 'પિટી ધ નેશન' તેમની ઉચ્ચ રાષ્ટ્રભાવનાનો સ્પષ્ટ ખયાલ આપે છે: 'એ દેશની દયા ખાજો—જે માન્યતાઓથી ભરેલો પરંતુ ધર્મવિહોણો છે...જે જાતે ન વણેલાં કપડાં પહેરે છે અને જાતે ન વણેલું અનાજ ખાય છે...જેનો રાજ્યકર્તા શિયાળ જેવો છે અને દાર્શનિક બનાવટ કરનારો છે...જેના સંતો વર્ષોથી મૂગા છે અને સમર્થ પુરુષો હજી માત્ર પારણામાં છે...જે ભાગલાઓમાં વહેંચાઈ ગયો છે અને જેનો દરેક ભાગ પોતાને એક દેશ માને છે...' દેશ કેવો ઉન્નત અને ગૌરવવંતો હોવો જોઇએ તેનું સ્પષ્ટ ચિત્ર અહીં જોવા મળે છે. આજના ભારતે પણ આ નજર સમક્ષ રાખવા જેવું છે.

બાળપણથી જ કવિને ચિત્રકળાનો શોખ હતો. ચાર વર્ષની વયે

બાળક જિબ્રાન, ચિત્રો દોરવા માટે પોતાને કાગળો પૂરતા પ્રમાણમાં મળી રહે તે હેતુથી કાગળના ટુકડાઓ કરી બગીચામાં વાવતો! છ વર્ષની વયે તો એ ઈટલીના પ્રસિદ્ધ ચિત્રકાર લિયોનાર્દો-દ-વિંચીની પાછળ ગાંડો બનેલો. ૧૯૦૧ થી ૧૯૦૩ના સમય દરમ્યાન પારી(સ)માં પ્રસિદ્ધ ચિત્રકાર રોદાંના હાથનીચે ચિત્રકળાનો અભ્યાસ કર્યો ૧૯૦૩ થી ૧૯૦૮ દરમ્યાન ઘણાં ચિત્રો દોર્યાં અને તે પ્રત્યે લોકોનું ધ્યાન ખેંચાયું. ૧૯૦૪માં ત્રણ વાર એમનાં ચિત્રોનું પ્રદર્શન ભરાયું, પરંતુ છેલ્લી વાર ભરાએલા પ્રદર્શનનું મકાન સળગી ગયું અને સાથે જ જિબ્રાનની ૧૯૦૪ સુધીની સર્વ કલાત્મક રચનાઓ પણ ભસ્મીભૂત થઈ ગઈ.

૧૯૦૮માં ફરિ ચિત્રકળાના વધુ અભ્યાસ માટે ફરીથી પારી(સ) ગયા, જ્યાં એમનાં ચિત્રોનું બે વાર પ્રદર્શન થયું. ૧૯૧૦માં અમેરિકા પાછા ફર્યા પછી પોતાના ન્યૂ યૉર્કના નિવાસમાં ચિત્રો અને શિલ્પો માટેનો ખાસ સ્ટૂડિયો ઊભો કર્યો. ૧૯૧૪ના ડિસેમ્બરમાં ન્યૂ યૉર્કની મૉન્ટ્રેસ ગલેરીમાં અને ૧૯૧૭મા નૉડલેર ગૅલેરીમાં તેમના ચિત્રોનાં પ્રદર્શન યોજાયાં. વળી, ૧૯૧૭ના એપ્રિલમાં બૉસ્ટનની ડૉલ અને રીચાર્ડ્ઝ ગૅલેરીઝ'માં ચિત્રોનું બીજું પ્રદર્શન યોજાયું.

તેમના દરેક પુસ્તકમાં તેમનાં નિજી જ ચિત્રો છે. તેની ચિત્રણા વિશિષ્ટ પ્રકારની છે. લગભગ દરેક ચિત્રમાં માનવ આકૃતિઓ છે. પણ તે બધી જ દિગંબર છે. કેટલાંક ચિત્રોના ભાવ સહેલાઈથી સમજી શકાય એવા છે, જ્યારે કેટલાકના ભાવો સમજવા થોડા કઠિન જણાય. એ ચિત્રોની વિશેષતા ચિત્રો જોવાથી જ સમજાય એવી છે.

ઘણા લોકો પૂછે છે : કઈ કળાને જિબ્રાન વધુ મહાન ગણતા અને વિશેષ ચાહતા—તેમની કવિતાને કે તેમની આલેખનાને? લોકો આમ પૂછતા અને તે સ્મિત કરતા અને એક વખત એક જોડિયા બાળકના પિતાને તેમણે આ પ્રમાણે જવાબ આપેલો : 'તમારા બંને બાળકોમાંથી, તમે કહી શકશો, કયું બાળક તમારા હૃદયની વધુ નજદીક છે?'

જોસેફ ગોલ્લોમ્બે ઈ. ૧૯૧૯માં લીધેલી જિબ્રાનની મુલાકાત પછી 'ન્યૂ યૉર્ક ઈવનિંગ પોસ્ટ'ના લેખમાં ટાગોર સાથે તેમની સરખામણી કરી છે. બંનેએ જાણે માતૃભાષામાં લખતા હોય તેવી સરળતા અને અધિકારપૂર્વક અંગ્રેજીમાં લખ્યું છે, અને બંને જણા કાવ્ય ઉપરાંત બીજા સ્વરૂપોમાં પણ કલાકાર છે. પરંતુ સામ્ય અહીં પૂરું થાય છે અને તફાવત શરૂ થાય છે. સૌથી મોટો તફાવત બંનેના દેખાવમાં છે. મોટો ઝભ્ભો પહેરેલા ટાગોર તેમના લાંબા સુંદર વાળ અને દાઢી સાથે કોઈ ઋષિ જેવા લાગે છે, જ્યારે જિબ્રાન પાશ્ચાત્ય જગતના આધુનિક પોશાક પહેરેલા નાગરિક જેવા.

ટાગોર અને જિબ્રાનના વિચારોમાં પણ સામ્ય છે, જેમાંનું એક જ જોઈએ. ટાગોરના મત મુજબ ઈશ્વરનો સાક્ષાત્કાર જીવનના સામાન્ય સંબંધોમાં અને જેના આધારે જગત ટકેલું છે તેવાં રોજિંદાં કાર્યોમાં કરવાના છે. જિબ્રાન પણ એવો જ વિચાર આપે છે: 'Your daily life is your temple and your religion'; અને એક પ્રસંગે કોઈના પ્રશ્નના ઉત્તરમાં : 'ધર્મ? એ શું છે? હું તો માત્ર જીવનને જ જાણું છું જીવન એટલે ખેતર, દ્રાક્ષ-વાડી અને દ્રાક્ષનું ઝૂમખું...મંદિર તમારી જ અંદર છે અને તમે સ્વયં જ છો તેના પૂજારી.' વળી, ટાગોરની જેમ જિબ્રાન પણ સત્યના નિર્ભીક અને નિષ્ઠાવાન શોધક છે. કેમ કે, 'Truth is the will and purpose of God in man.'

જિબ્રાનનું અંગત જીવન ઘણું સાદું અને સરળ હતું. કુશાગ્ર બુદ્ધિ સાથે ઉદારતા, વિદ્યાવ્યાસંગ, સ્વદેશપ્રેમ, બાલસરલ સ્વભાવ, નૈતિક હિંમત અને નિષ્કપટ વ્યવહાર તેમના આગળપડતા ગુણો હતા. તે ભાવનાપ્રધાન અને દીર્ઘોદ્યોગી હતા. પરિશ્રમ માટે તેમણે લખ્યું છે: 'Work is love made visible' (શ્રમ એટલે પ્રેમનું સાકાર સ્વરૂપ) અને 'પ્રેમ વિનાની મહેનત નકામી છે. પણ જ્યારે તમે પ્રેમથી મહેનત કરો છો ત્યારે તમે પોતાનો પોતા સાથે, બીજા સાથે તેમજ ઈશ્વર સાથે યોગ કરો છો. (ધ પ્રૉફેટ)' તેઓ કહેતા: 'કામ કરવાનો મને રોગ લાગુ પડ્યો છે' પણ એમ તો ઉદારતા અને નિઃસ્વાર્થપણાના રોગ પણ એમને લાગેલા. બાર્બારા યુંગ લખે છે: 'તેમનું હૃદય એક મોટા પક્ષી જેવું હતું. તેની પાંખોનો ફફડાટ પણ સાંભળી શકાતો. તેમના ઓષ્ઠ પર હાસ્ય રહેતું, પરંતુ તેમની આંખો સમગ્ર જગતનાં દુઃખોને લીધે ગમગીન દેખાતી. અને તેમાં શું આશ્ચર્ય?'

ચાડિયો

એક વખત એક ચાડિયાને મેં કહ્યું: 'આ એકાકી ખેતરમાં ઊભો રહીને તું જરૂર થાકી જતો હશે.'

અને તેણે કહ્યું: 'બીજાને બીવડાવવાનો આનંદ ઊંડો ગાઢ અને ચિરંજીવી છે, એટલે હું તો કદી થાકતો જ નથી.'

થોડી વાર વિચારીને મેં કહ્યું: 'સાચી વાત છે; કેમ કે હું પણ એ આનંદ જાણું છું' એટલે તેણે કહ્યું: 'જેઓ ઘાસથી ભરેલા છે તેઓ જ માત્ર એને જાણી શકે.'

પછી હું ચાલ્યો ગયો. પણ મને ન સમજાયું કે તેણે મને અભિનંદન આપ્યાં કે મારી હાંસી કરી.

એક વર્ષ પસાર થઈ ગયું અને તે દરમ્યાન એ ચાડિયો ફિલસૂફ બની ગયો હતો.

અને જ્યારે ફરી વાર હું ત્યાંથી પસાર થયો ત્યારે મેં કાગડાને એની ટોપીમાં માળા બાંધતા જોયા.

(ખલિલ જિબ્રાન કૃત 'ધ મૅડ મૅન'માંથી)

ઊંઘમાં ચાલનારાં

મારા વતનના શહેરમાં એક મા-દીકરી રહેતાં હતાં, જેમને ઊંઘમાં ચાલવાની ટેવ હતી.

એક રાત્રે, જગત શાંતિથી ઘેરાઈ ગયું હતું ત્યારે એ સ્ત્રી અને તેની પુત્રી ઊંઘમાં જ ચાલત.ચાલતાં તેમના ધુમ્મસછાયાં બગીચામાં મળ્યાં.

અને તે સ્ત્રી બોલી: આખરે તો તું મારી શત્રુ! તારે લીધે મારું યૌવન નાશ પામ્યું. તેં મારાં અસ્થિ ઉપર તારું જીવન ચણતર કર્યું. દાઝ તો એવી ચડે છે કે તારો ટોટો પીસી નાખું!'

અને તેની પુત્રી બોલી: 'સ્વાર્થી ડોકરી! ધિક્ છે તને! તું મારી અને મારી સ્વતંત્રતાની વચ્ચે આડી આવે છે. તું મારા જીવનને તારા કરમાઈ ગએલા જીવનનો પડઘો ઇચ્છે છે! તું તો મરી ગઈ હોત તો સારું થાત!'

એ જ વેળા કૂકડો બોલી ઊઠ્યો ને બંને સ્ત્રીઓ જાગી ગઈ. માએ મૃદુતાથી કહ્યું: 'તું છે, મારી વહાલી દીકરી?' ને પુત્રીએ ધીમેથી જવાબ આપ્યો: 'હા, વહાલી મા.'

(ખલિલ જિબ્રાન કૃત 'ધ મૅડ મૅન'માંથી)

માનવીના સદ્વ્યવહારમાં તેમને શ્રદ્ધા જણાય છે (The ill-intentioned always fall short of achieving their purpose)તો સાથે જ પીડિતો ને શોષિતોના ઉત્કર્ષ માટેની ચિંતા પણ; કેમ કે સહૃદયતા, ભ્રાતૃભાવ અને દયા તો તેમના જીવનસિદ્ધાંત હતા.

કવિની ઝંખના સત્ય, સૌંદર્ય અને જીવનની સાચી કળાના અર્કને શબ્દો અને ચિત્રોમાં સર્જિત કરવાની હતી: 'આપણે સૌંદર્યની શોધ માટે જ જીવીએ છીએ' વળી જીવન અને સૌંદર્ય માટે: 'જ્યારે તમે જીવનના હાર્દમાં પહોંચશો ત્યારે દરેક વસ્તુમાં તમને સૌન્દર્ય જણાશે—એવી આંખોમાં પણ, કે જે ખુદ સૌન્દર્ય સામે અંધ છે.'

જીવનના રહસ્યના સ્વીકાર સાથે જીવનના વિરાટ સ્વરૂપમાંની અનન્ય શ્રદ્ધાનું દર્શન પણ એમનાં લખાણોમાં થાય છે. એમની ભાષામાં માધુર્ય અને ઓજસ સાથે ગાંભીર્ય અને પ્રચંડતા પણ જોવા મળે છે. જીવનની ઉપાસનાના ફલસ્વરૂપ એમનાં લખાણોમાંથી જાણે સૌન્દર્ય નીતરે છે, અને જીવનનાં કંઈ કેટલાં યે સૌંદર્યો અને સત્યોને સરળતાથી પ્રગટ કરનાર એ જ્ઞાની આત્માનાં એમાં દર્શન થાય છે: 'એ માનવી મુક્ત છે જે ગુલામીનો બોજ પણ ધીરજથી વહન કરે છે.' અને 'અભિવ્યક્તિમાં બાંધેલો દરેક વિચાર મારા કાર્ય દ્વારા મારે મુક્ત કરવો જ જોઈએ. (Sand and Foam)' અહીં, વિચાર પરની કાર્યની સર્વોપરિતાનો થતો સ્વીકાર જોવા મળે છે.

માતૃભૂમિ પ્રત્યે એમનો પ્રેમ નિરાળો હતો અને ન્યૂ યૉર્કમાં બેઠાં-બેઠાં પણ તેઓ પોતાના દેશ-બાંધવો માટે પ્રેરણારૂપ હતા. તેમના પ્રત્યેની ચાહનાનું એક દૃષ્ટાંત આ રહ્યું: લેબેનનમાં પ્રવાસ કરતી વેળાએ એક અમેરિકન વિદુષીએ એક યુવાન લેબેનીઝ કવિને પૂછ્યું: 'ન્યૂ યૉર્કમાં રહેતા તમારા એક દેશબાંધવ ખલિલ જિબ્રાનને હું ઓળખું છું. તમે એને જાણો છો?' અને તે યુવાન કવિએ પ્રત્યુત્તર વાળ્યો: 'બાનુ, શું હું તમને એમ પૂછું ખરો કે, તમે શેક્સ્પિયરને ઓળખો છો?' સમગ્ર અરબ જગત ઉપર તેમની વિશિષ્ટ અને ઊંડી અસર હતી. તેનો ખયાલ એક હકીકત ઉપરથી સહેજે આવે છે કે તેમનાં લખાણોએ એક નવા શબ્દને જન્મ આપ્યો: 'જિબ્રાનિઝમ.'

પરંતુ, આખરે ઈ. ૧૯૩૧ના એપ્રિલની ૧૦મીએ ન્યૂ યૉર્કની સેંટ વિન્સેન્ટ હૉસ્પિટલમાં ૪૮ વર્ષની તરુણ વયે કૅન્સરથી કવિનું મૃત્યુ થયું. બે દિવસ સુધી તેમના મૃતદેહને દર્શનાર્થે રાખવામાં આવ્યો. અને હજારો લોકો એમને 'અલ વિદા' કરી ગયા. ત્યાંથી એ મૃતદેહને બૉસ્ટન લઈ જવાયો અને લેબેનન લઈ જવાની વ્યવસ્થા થાય ત્યાં સુધી ત્યાંના ચર્ચમાં સાચવવામાં આવ્યો. ઈ. ૧૯૩૧ના જુલાઈમાં કવિના મૃતદેહને પહેલાં બૈરૂત ને પછીથી તેમના જન્મસ્થાન બશેરી લઈ જવાયો, અને ત્યાં જે ચર્ચ દ્વારા વર્ષો પહેલાં તેઓ બહિષ્કૃત થએલા તે જ ચર્ચમાં તેના જ પાદરીઓએ અત્યંત માન અને વિધિપૂર્વક તેમની અંત્યેષ્ટિક્રિયાઓ કરી. જિબ્રાનના સમયાતીત વિચારો સદીઓ સુધી જીવશે અને વૃદ્ધિગત થશે.

'Yesterday is but to-day's memory
And to morrow is to-day's dream.'
-Kahlil Gibran

શ્રી રાવજીભાઈ ચતુરભાઈ પટેલ-ગ્રંથ

૧૯૨૭ થી ૧૯૬૭ સુધી ગુજરાતની વ્યાયામ-પ્રવૃત્તિના અગ્રેસર કાર્યકર શ્રી રાવજીભાઈ ચતુરભાઈ પટેલ (આણંદ)ના જીવન અને કાર્ય વિષે ગ્રંથ પ્રગટ કરવાનું ગુજરાત વ્યાયામ પ્રચારક મંડળે (રાજપીપળા, જિ. ભરૂચ) નક્કી કર્યું છે. તો એમના પરિચિતોએ આ અંગેનું લખાણ તથા ફોટોગ્રાફસ વગેરે મંડળને સત્વેળા મોકલી આપવા વિનંતી છે.

૩૫૩ વીસમી સદીનાં ચિત્રો



હાજીમહમ્મદ

હાજીમહમ્મદના સમાગમે મારા કલાવિકાસને માટે એક નવીન દ્વાર ખુલ્લું કરી આપ્યું. આર્ટ સ્કૂલની લાયબ્રેરી તો વિદ્યાર્થીઓ માટે બંધ મંદિર જ હતું, પણ હાજીને ત્યાં મને ચિત્રવિષયના તેમજ અન્ય ચિત્રિત ગ્રંથોનો જાણે સાગર મળી ગયો. મારી રુચિ જોઈને તે એક પછી એક ગ્રંથો મને આપવા લાગ્યા. કુમારસ્વામી અને હૅવેલનાં કલાવિષયક પુસ્તકો પણ એમણે વસાવ્યાં હતાં. એ વખતે સુશિક્ષિત જનોમાં બંગાળના કલા-નવોત્થાન વિષે ખૂબ ચર્ચા થતી. મેં તો મહાદેવભાઈ દેસાઈની 'મૉડર્ન રિવ્યૂ'ની ફાઇલોમાંથી રવિવર્મા પછી અસ્તિત્વમાં આવેલી બંગાળ કળાનો ક્રમિક વિકાસ નિહાળેલો, એટલે હું ધીરેધીરે ભારતીય શિલ્પ અને ચિત્રોમાં ઊંડો રસ ધરાવતો થયો હતો, અને પાશ્ચિમાત્ય ચિત્રકારો તરફના હાજીના વલણ સામે ઘણી વાર ખૂબ ગરમીથી મોરચો પણ માંડતો. હાજી તે પર હસી લેતા.

'વીસમી સદી'ની પ્રારંભની વાર્તાઓ અને ચિત્રો માટે અંગ્રેજી સામયિકોમાંથી તારવેલા લેખો અને ચિત્રોનો મોટો જથ્થો તેમણે સંઘરી મૂકેલો અને જરૂર પ્રમાણે શ્રી ગોરક્ષકર અને શ્રી ધુરંધર પાસે તેમાંથી ચિત્રોનાં અનુકૂળ રૂપાંતર કરાવી લેતા. તે કહેતા કે 'ઇંગ્લૅન્ડનાં ચોપાનિયાંએ પણ પ્રારંભમાં રશિયન અને ફ્રેન્ચ લઘુકથાઓના તરજુમા ભર્યા છે અને એ રીતે જ તેમના લેખકોને નવી દિશા બતાવી છે.' સાહિત્યનું આમ ભલે હોય, પણ ચિત્રોમાં તેમની રીતો મને ગમતી નહિ. મને તેઓ જે કવિતા કે વાર્તા ચિત્રિત કરવા આપે તેનાં પાત્રો હું તો મારી નજરે પડતા સમાજમાંથી જ સીધેસીધાં અવલોકન કરી દોરતો. તેથી વાચકો પહેલી જ વાર ગુજરાતી સમાજનાં હૂબહૂ ચિત્રો જોઈને તેમાં તેનું પ્રતિબિંબ નિહાળતા થયા હતા. હાજીમહમ્મદના ચિત્રકાર મંડળમાં ધુરંધર, મુલ્લર કે માલી અથવા પુરુષોત્તમ મથુરદાસ પછી જ મારું સ્થાન આવતું. પ્રથમ પૃષ્ઠ તો હમેશાં તેમનાં જ ચિત્રો બનતાં. પણ સમય જતાં હાજીને પ્રતીતિ થઈ ગઈ કે ચિત્રો દોરવા માટે ધુરંધર કે ગોરક્ષકરને યુરોપી ચિત્રોનો જે ટેકો અને સમજણ આપવાં પડે છે તેવાંની મને કદી જરૂર પડતી નથી. તેમણે આપેલા લેખ કે કવિતાનાં ચિત્રો હું તો ત્રીજે દિવસે તેમના હાથમાં મૂકી દેતો. આથી મારા પ્રતિનો તેમનો ઉમંગ વધતો જતો હતો.

૩૫૪ હાજીની ભાવનાઓ

'વીસમી સદી'ના પ્રારંભમાં જ હાજીએ પોતાનું સ્વપ્ન એમની પ્રસ્તાવનામાં આછેરી ભાષામાં જણાવ્યું છે: "સાહિત્ય અને કળાનો અપ્રતિમ યોગ એ 'વીસમી સદી'નું ખાસ લક્ષણ છે. આ ઉદ્દેશને મૂર્તિમંત કરવો એ અમારું કર્તવ્ય છે. એને સ્વરૂપ આપવામાં કંઈ પણ ઊણપ હોય તો કવિની જેમ અમે પણ કહીએ છીએ કે અમારા ભાવ અધૂરા નથી, અમારાં સાધનો અધૂરાં છે...પારસી-ગુજરાતી, મુસ્લિમ-ગુજરાતી અને હિંદુ-ગુજરાતી ભાષાના ઝઘડા ઓછા થાય, પારસી લેખકો હિંદુ લેખકોને વધારે સમજતા થાય, હિંદુ સાક્ષરો

જીવનપટનાં સ્મૃતિચિત્રો

રવિશંકર મ. રાવળ

પારસી-ગુજરાતી ભાષાશૈલી તરફ ભાતૃભાવ કેળવે અને સાહિત્યના ઝીણાઝાડા ભેદો તરફ ઉદાર દૃષ્ટિ રહે એ જ અમારું દૃષ્ટિબિંદુ છે. સંસ્કૃતમય ગુજરાતીમાં જ સાક્ષરતા સમાઈ જાય છે એમ નથી; તેમ પારસી-ગુજરાતી છેક ન સમજાય કે ન સુધરી શકે એમ નથી. મુસ્લિમ-ગુજરાતીઓ પણ છેક ભુલાઈ જવા જોઈતા નથી. સામાન્ય જનોની દૃષ્ટિ ન પહોંચે એવા વિદ્યાવિલાસી પુરુષો તેમનામાં પણ રત્નોની જેમ પ્રકાશે છે. તેમાંના એકને જ 'વીસમી સદી'ના જન્મનું માન છે. તે છે આપણા માનનીય વિદ્યાવિલાસી સર ફાજલભાઈ કરીમભાઈ ઇબ્રાહિમ. આ માસિક બહાર પડે એ પ્રથમ સૂચના મૂકનાર અને તેવો પ્રયાસ ઉપાડી લેવા દરેક પ્રકારની સહાયતા આપનાર તેઓ જ છે."

૩૫૫ 'વીસમી સદી'ની પૂર્વતૈયારીઓ

આ કાર્યની જવાબદારી માટે હાજીએ ભારે પૂર્વતૈયારી કરેલી. તેમનું વાચન અને અવલોકન વિશાળ હતું. મુંબાઇમાં તેમણે વિદ્વાનો, લેખકો, પત્રકારો આદિ સાથે પ્રગાઢ મૈત્રી સાધી હતી. મરાઠી માસિકો 'મનોરંજન' અને 'નવયુગ'ના તંત્રીઓ તો તેમની સલાહ લેવા આવતા અને હાજી તેમનાં પત્રો દ્વારા પોતાના કાર્યની રિયાઝ સાધતા. હાજીની દૃષ્ટિ, કલાસૂઝ અને વાચકોના માનસનો અનુભવ પાકાં હતાં અને યુગની આવશ્યકતા તે બરોબર સમજતા. ફુરસદિયા તંત્રીપદમાં તેમને જરા યે શ્રદ્ધા ન હતી. રાતદિવસની લગનથી તે ચિત્રો-ચિત્રકારો અને લેખો-લેખકોનું સંગોપન કરતા. ઘણી વાર તે કહેતા કે 'તમારા લેખકો બધા સામટા રિસાય તોપણ હું બે વર્ષ સુધી માસિકને રસમય રાખું એટલી સામગ્રી તૈયાર રાખી છે.' ચિત્રોની એમની સમજ તો એટલી ઊંડી હતી કે તે પોતે સારા ચિત્રકાર થઈ શકત; ને સાયન્સ તથા આરોગ્યની એમની વાતો સાંભળો તો લાગે કે તે ઉત્તમ ડૉક્ટર થઈ શકત. પણ જ્ઞાન તથા કલાની લીલા અને વિજ્ઞાનના વિવિધ રસો પ્રજામાં પ્રગટાવવાની ધગશે તેમને અનેરી ધૂન લગાડી હતી. કલાકારો અને લેખકોને બિરદાવવા કે નવાજવાની તેમની હોંશ વિરલ હતી. એ જ કારણે કવિઓ, લેખકો, સાક્ષરો, કલાકારો વગેરે સૌ તેમના પર આફરીન હતા. એમની ઉમેદ હતી કે "'વીસમી સદી' એવું કરવું છે કે સીધું વેચતા મોદીઓ પણ તે વાંચે ને મુંબાઇની હાઇકોર્ટના ન્યાયમૂર્તિઓ પણ તેને આવકારે. સાક્ષરોનું જ્ઞાન સમાજને છેડે પહોંચાડે અને સમાજની શ્રેષ્ઠ વ્યક્તિઓને વાચકો પિછાને એવું મારે કરવું છે."

હાજીની એક ટીકા હું કાયમ સાંભળતો : 'આજના હિંદના ચિત્રકારોના હાથે સુંદર રમણીચિત્ર અપ્રાપ્ય થયું છે. જંટા, મુઘલ કે રાજપૂત ચિત્રકલામાં જુઓ: નારીજાતિની નમણાઈ એમાં કેટલી સિદ્ધ છે!' એનું કારણ હું શોધતો ત્યારે મને લાગતું કે એ કાળના ચિત્રકારોને, સમકાલીન કવિઓ અને સાહિત્યકારોના સમાગમથી જીવનસંપર્ક ને જીવનદર્શનનો જે લાભ મળતો તે આજના હિંદી ચિત્રકારોને નથી. યુરોપી ચિત્રકારોને તો સાક્ષાત્ જીવંત પાત્રો પરથી ચિત્ર કરવાની તક મળે છે. હાજીમહમ્મદ આ વાત પર હસતા અને કહેતા કે 'તમારી ભૂલ થાય છે. આજના ચિત્રકારોમાં એ સૌંદર્યમુગ્ધતા નથી જે કવિ કાલિદાસ કે જયદેવ કે પંડિત જગન્નાથે બતાવી. તમે ભૂવેશ્વરમાં જઈ બેસો અને ધ્યાનથી જુઓ તો રૂપની વિવિધતાનો પાર નહિ હોય.' પણ અમારી જે. જે. આર્ટ સ્કૂલના શિક્ષણમાં ધ્યાનસ્વરૂપોની પ્રતિષ્ઠા જ નહોતી. બજારુ ઘાટણ કે મજૂરણ પરથી ચિત્રો દોરવાનો અભ્યાસ હોય ત્યાં અવયવોની નજાકત અથવા દેહસૌષ્ઠવ શાનું સમજાય? ચિત્રખંડોમાં ભલે ગ્રીસની સૌન્દર્યરાણી વીનસનું પૂતળું હતું, પણ તેમાં ભારતીય નારીની વિશિષ્ટ લચક કે લાલિત્ય મળે નહિ. અજંટા, મુઘલ કે રાજસ્થાની કલા પ્રત્યે શાળામાં તો કટાક્ષો થતા. નારી મુખની રમણીયતા બતાવવા પાશ્ચિમાત્ય ચિત્રકારોમાં તો ગજબ સ્પર્ધા છે. 'વીસમી સદી'ના પૂઠા માટે હાજીએ પશ્ચિમના Nash (નૅશ) માસિક પર આવતી એક રૂપધારિણીનું પાત્ર સ્વીકાર્યું હતું. એ ચિત્રનો કર્તા દર મહિનાના પૂઠા માટે (ત્યાંની નવી રૂઢિ પ્રમાણે) તેનાં અવનવાં સ્વરૂપો આલેખતો અને બે મોટાં સામયિકો તેને એક ચિત્ર માટે ૧૨૦૦ ડૉલર આપતા. આમાંનાં ઘણાં ચિત્રો પરથી ગોરક્ષકર, ધુરંધર અને પુરુષોત્તમે 'વીસમી સદી'નાં પૂઠાં પરની ગુજરાતી રમણી બનાવી છે.

૩૫૬ એક અજબ મુલાકાત

એક દિવસે હાજીમહમ્મદનો સંદેશો આવ્યો કે મારે તેમની સાથે એક ઠેકાણે જવાનું છે. તે માટે સાંજના પાંચ વાગ્યે ચોપાટી પર પહોંચી વાંક આગળના બાંકડા પર રાહ જોતા બેસવું શું કામ હશે તેની કલ્પના કરતો હું સાંજે ઠરાવેલા ઠેકાણે જઈ બેઠો. પાંચ ઉપર થોડી મિનિટો થઈ હશે ત્યાં મારી પાસેની પગથી આગળ એક મોટી કાળી રૉલ્સરૉય મોટર આવી અટકી. તુરત બારણું ઊઘડ્યું અને હાજીમહમ્મદની સોનેરી પાઘડીવાળું ડોકું બહાર આવ્યું. 'આવી જાઓ તો આગળની સીટ પર' કહી મને તેમણે અંદર લીધો. પાછલી સીટ પર તેમની જોડે એક તેમના જેવી ખોજા-પાઘડીવાળા પ્રૌઢ ગૃહસ્થ હતા અને બીજા એક હળવી દાઢીવાળા તુર્કી ટોપી પહેરેલા ને હસમુખા ચહેરાના એટલી જ વયના મુસ્લિમ હતા. 'આ શેઠ—, અને આ છે આપણા મુંબાઈના શેરીફ આ જ અમારા આર્ટિસ્ટ મિ. રાવળ.' કહી હાજીએ પરસ્પરનું ઓળખાણ કરાવ્યું. મોટર ઝપાટાબંધ ગિરગામ લત્તામાં પ્રવેશી અને મારા આશ્ચર્ય વચ્ચે મારા ઘરની નજીક જ ફણસવાડીની ગલીમાં દાખલ થઇને એક મેડીના દાદર પાસે ખડી થઈ ગઈ. આટલાં વર્ષો થયાં મેં એ ગલીમાં પગ મૂક્યો ન હતો, કારણ કે ત્યાં માત્ર ગણિકા-ગાયિકાઓનો જ વાસ હતો. દિવસના ત્યાં કોઈ સભ્ય નાગરિકોનો પદસંચાર નહોતો થતો. રખેને કોઈ માની લે કે કોઈ ને કોઈ ગણિકાનો તે મિત્ર હશે. મારા મનમાં પણ એ વખતે ખૂબ વિક્ષોભ જન્મ્યો; પણ હાજીમહમ્મદ મારી સાથે હતા ને તેમના ચારિત્ર્ય વિષે હું એટલો નિઃશંક હતો કે તે જ્યાં લઈ જાય ત્યાં જતાં હું નિર્ભય રહેતો.

અમે મેડી ઉપર ગયા અને લગભગ ૨૦×૨૦ ફૂટના માપના, ચારે તરફ મોટા અરીસા અને રાજા રવિવર્માનાં લાવણ્યમય મોટાં ચિત્રોથી શણગારેલા દીવાનખાનામાં પ્રવેશ્યા. જમીન પર સરસ રંગભરતની જાજમ હતી, અને ત્રણ બાજુ ભીંતને અડતી ગાદીઓ અને તકિયા હતા. અમે ગયા ત્યાં મારા 'વીસમી સદી'વાળા મિત્ર રમણિક માસ્તર રાહ જોતા બેઠા હતા; પણ ઘરનું કોઈ મુખ્ય માણસ નહોતું. ઘરનો પ્રૌઢ નોકર અમને વંદન કરી સૌને 'પધારો શેઠજી' અને 'રામરામ' કહેતો હાથ જોડી દાદરની બાજુ ઊભો સત્કારતો હતો. અમારા સાથી શેઠજીએ તુરત પૂછ્યું : 'કાય ગણપત, તુઝી બાઈ નાહિ કા?'

'શેઠજી, આજ એકાદશી, મ્હણુન દર્શનાલા ગેલી આહે. આતાં યે-

તીલ' સાંભળીને શેરીફ સાહેબ હસી પડયા: 'ઓહો! યે તો બડી ભક્ત હૈ! વાહ જી, વાહ!' ગણુપતે અમને બેસાડયા અને એક દાસી જેવી બાઈને માલિકણુને ખબર આપવા રવાના કરી. દરમિયાન પાણીના ગ્લાસ આવ્યા. હું રમણિક માસ્તરની બાજુમાં બેઠો હતો. હાજીમહમ્મદ મારી સામે જોઈ મરક મરક હસતા હતા કે 'જોઈ આ દુનિયા?'

૩૫૭ 'વીસમી સદી'ની વાચક

બહુ વાર ન થઈ એટલામાં દાદર ચડી પહેલાં દાસી અને પાછળ સ્નાન કરી સ્વચ્છ સાડી ધારણ કરેલી અને અંબોડામાં ડેલરની વેણી ચડાવેલી જરાક જ પ્રૌઢ વયની, પુષ્ટ, સ્વરૂપવાન સરસ્વતીબાઈ મલકાતે મુખે ઉપર આવી અને સૌને વંદન કર્યાં. શેઠજીએ અમારી દરેકની ઓળખાણ આપી. હાજીમહમ્મદ 'વીસમી સદી'ના તંત્રી છે એ જાણી હિંદીમાં બોલી ઊઠી: 'આપકા સદીકા અંક નહિ મિલા.' આ પ્રશ્નના ઉત્તર માટે તૈયાર હોય તેમ હાજી શેઠે ખિસ્સામાંથી 'વીસમી સદી'નો તાજો અંક અને પોસ્ટનું લેબલ કાઢી જણાવ્યું: 'દેખિયે હમારા કસૂર નહિ હૈ. પતા બરોબર નહિ હોનેસે પોસ્ટવાલાને વાપસ કિયા.' હું અજબ થયો કે આ ગાનારી પણ 'વીસમી સદી'ની વાચક છે! હાજીએ સરનામું બરોબર લખી લીધું. બાઈએ સૌની ખેરિયત પૂછી ને પછી કહ્યું 'મેરી દેર કે લિયે માફ કી જયે. કહિયે આપ કી ક્યા ખરદાસ્ત કરું?' શેઠજીએ કહ્યું: 'આપ કી કલા કા આનંદ ચાહિયે.'

'જરૂર, શેઠજી; મેરી સેવા હાજિર કરુંગી મગર પહલે આપ સબકો ચાય યા કૉફી યા નાસ્તા કી ખિદમત કી રજા ચાહિયે.' અમારી સામે જોઈ શેઠજીએ પૂછ્યું: 'આપ સાહેબોને શું ચાલશે?' હાજીએ મને પૂછી લેયું: 'ચે ખખા પાણીની કૉફી ચાલશેને'? મેં હિંમતથી હા પાડી એટલે અંદર દાસીને ફરમાન થયું. પછી ગણુપતે બાઈ આગળ તંબૂર લાવી ગોઠવ્યો અને પોતે તબલાંની જોડ લઈ જરા પાછળ બેસી ગયો. બાઈએ વચ્ચોવચ પોતાની બેઠક લઈ, સૂર મેળવ્યા અને જરા ગળું ખંખાર્યું. બાઈનું સ્વરૂપ એ વખતે ખૂબ આકર્ષક બન્યું. રૂપેરી કિનારની દક્ષિણી ઢબની શ્વેત સાડીમાં સ્નાનવિશુદ્ધ ઘઉંવર્ણું ભરાવદાર ગોળ અવયવોવાળું શરીર, સ્વચ્છ કેશગુંફનમાં ફૂલોની વેણી, આંગળીઓ પર ચળકતી રત્નવીંટી ને સુઘડ ચહેરો રવિવર્માનું ચિત્ર ઊભું કરતાં હતાં.

૩૫૮ સ્વરોનું અનુરણન અને ભાવગીત

સ્વરોનું અનુરણન જામ્યું કે તુરત તેણે ફરમાઇશ માગી. સૌએ શેરીફજી તરફ હાથ કર્યો એટલે તેમણે રાગ માલકૌંસની દરખાસ્ત આપી. તેણે માથું નમાવી ડાબે હાથે ત્રણ વાર સલામ કરી ગળામાંથી સ્વર ઉપાડયો અને માલકૌંસનાં આંદોલનોથી ચારે દિશા બાંધી લીધી, ને પછી વધતાંવધતાં સાગરના દૂરના કિનારા સુધી મોજાં દડતાં હોય તેમ માલકૌંસના પ્રલંબ સૂરોની બહુવિધ ગતિવિધિ બતાવી. પોણો કલાક ક્યાં ગયો તે સમજાયું નહિ.

રાગવિશ્રામ કરી તેણે તંબૂર નીચે મૂક્યો ત્યાં દૂધની કૉફીના કપ સૌની આગળ મુકાયા. નવાઈ એ હતી કે કેઈ સંકેતથી મારા માટે રૂપાનો પ્યાલો-રકાબી આવ્યાં. હાજીમહમ્મદ એક જ જાણતા હતા કે હું હજી નવા જમાનામાં પૂરો પલટાયો નહોતો. શેરીફ વાતવાતમાં બોલી ગએલા કે આપણે તો ડબલ કપ પીનારા, એટલે એમના માટે પાલી જેવડા ચીનાઈ કપ-રકાબી આવ્યાં અને સૌ હસી પડયા. કૉફી પછી પાનબીડાં આવ્યાં. દરમિયાન બાઈ એક વાર અંદર જઈ પાછાં આવી બેઠાં અને તંબૂર હાથમાં લીધો. આ વખતે બેઠકના શોખીન રમણિક માસ્તરે સૂચન કર્યું કે ઠુમરીમાં ભાવગીત આપો, એટલે સરસ્વતીબાઈએ 'કંકરિયાં ન મારો શામ, ઘડા ફૂટ જાયગા હમારા' ગીત ઉપાડયું. ગીતની લહર જામતાં તેમણે ગીતનો શબ્દે શબ્દ ઉપાડીને તદનુસાર મુખભાવ કરવા માંડયા. 'કંકરિયાં' કહેતાં જમીન પરથી કાંકરી ઉપાડવાનું, નાખવાની રીત, 'ન મારો શામ' કહેનારીના ભાવો, જરા કાકલૂદી, જરા નેત્રનો પ્રેમભર્યો કટાક્ષ કે જરા મીઠો ક્રોધ વગેરે ભાવો જોઈ હું વિચારવા લાગ્યો કે અમારા ચિત્રકારો ચિત્રો આલેખે છે પણ એમાં આટલી બધી ભાવભંગિઓ જાણનાર કોઈ નથી જોયા. ભારતીય કલાપ્રદેશમાં મારી તો હજી ચાંચ પણ બૂડી નહોતી, ત્યાં આ યુગમાં તેની આવી પરંપરા સાચવનાર સંગીત-સેવિકાના મુખભાવો પરથી હું મનમાં એના પાઠ ઉતારવા લાગ્યો. નાયક-નાયિકાના ભાવો અને સ્વરૂપો ઉપર તો મોટાં પ્રકરણો રચાયાં છે, પણ એને પ્રત્યક્ષ કરાવનાર આ કળા આગળ મારું શાળાનું શિક્ષણ એકડા જેવું લાગ્યું.

છેવટે ભૈરવી થઈ ત્યાં સુધી અમને સમયનું ભાન રહ્યું નહિ. દાદર ઊતર્યા ત્યારે રાતનો એક વાગ્યો હતો! હવે મારે મોટરમાં બેસવાની જરૂર નહોતી. ગલીની બહાર નીકળતાં જ કલ્યાણ મોતીની ચાલ હતી. ત્યાંથી નીકળતાં હું હમેશાં અહીંના ગાનના સ્વરો સાંભળતો, પણ ગલીમાં જઈ નીચેથી સાંભળવા ઊભા રહેવાની પણ હું કદી હિંમત કરતો નહિ, એવી એ લતાની છાપ હતી.

પછીથી હાજીમહમ્મદે જણાવ્યું કે મુંબઈમાં અસાધારણ વેપાર-રોજગારનો બોજો ઉઠાવતા શ્રીમંતો, મોટા હોદ્દાવાળા અધિકારીઓ અને વકીલો-બૅરિસ્ટરોનાં ગૂંચાએલાં મગજને વિશ્રાન્તિ આપવા આ સ્થાનો હયાતી પામ્યાં છે. કેટલાંક પાત્રો એકાદ શ્રીમંતને શરીરનો પણ અધિકાર આપી દે છે. એમની સંતતિમાંના કેટલાક પિતાના નામ વગરના પ્રતિભાવાન પુરુષો પણ મુંબઈમાં પ્રતિષ્ઠિત બૅરિસ્ટર કે ડૉક્ટર થયા છે, કેટલાક સંગીતમાં જ જીવન ગુજારે છે. (ચાલુ)

ભાવનગરમાંથી સૌપ્રથમ અમેરિકા જનાર ડૉ. ડી. એન. ગુપ્તા

ફેબ્રુઆરી અંકના 'આત્મકથાનક'માં શ્રી પોપટભાઈ પંડયા સૌરાષ્ટ્રમાંથી અમેરિકા જનાર પહેલા વિદ્યાર્થી હોવાના ઉલ્લેખને હકીકતદોષ કહીને શ્રી અનુપમરામ દોલતરામ શેઠે પટણાથી વિગતવાર પત્ર લખ્યો છે. મારો માહિતીદોષ સ્વીકારીને તેનો સાર નીચે આપું છું. —ર. મ. ર.

'ભાવનગરમાંથી સૌપ્રથમ અમેરિકા જનાર મારા સ્વ. પિતાશ્રી ડૉક્ટર દોલતરામ નરભેરામ હતા, જે ભાવનગરના મહારાજા શ્રી ભાવસિંહજીના ઉત્તેજનથી હોમીઓપથીનો અભ્યાસ કરવા ત્યાં ગએલા. શ્રી પોપટભાઈ ઈ. ૧૯૧૪માં પાછા આવેલા, જ્યારે મારા પિતાશ્રી તો ૧૯૦૮માં.

ગોંડલનાં રાજકુમારી માજી રાજબાનું લગ્ન ભાવનગર મહારાજાશ્રી તખ્તસિંહજી સાથે થયું ત્યારે ત્યાંથી ડૉ. દોલતરામના પિતાશ્રી નરભેરામ શેઠ તેમના શિક્ષક તરીકે તેમની સાથે ભાવનગર આવેલા. દોલતરામભાઈનો જન્મ ભાવનગરમાં જ ઈ. ૧૮૭૪માં થયો. ઈ. ૧૮૯૭માં મૅટ્રિક પાસ થઈ અમદાવાદની ગુજરાત કૉલેજમાંથી તે બી.એ. થએલા. શરૂઆતમાં તેમણે ધોરાજી તથા લાઠીમાં શિક્ષકની નોકરી કરેલી.

ભાવનગર મહારાજા ભાવસિંહજી ચિત્તા ખરીદવા કલકત્તા ગએલા ત્યાં બીમાર પડતાં હોમિયોપથી દવાથી આરામ થયો, એટલે રાજ્યમાં હોમિયોપથ ડૉક્ટર રાખવા માટે એ વિદ્યાનો અભ્યાસ કરવા જવા દોલતરામભાઈને પસંદગી મળી, અને ભાવનગર રાજ્યની સ્કૉલરશિપથી તે હોમિયોપથી શીખવા કલકત્તા ગયા. ત્યાં હોમિયો એમ. બી. થયા બાદ ઈ. ૧૯૦૬માં સમગ્ર હિંદુસ્તાનમાંથી જે પ્રથમ ત્રણ વિદ્યાર્થીઓ શિકાગોની હેરિંગ મેડિકલ કૉલેજ અને હૉસ્પિટલમાં એમ. ડી.નો અભ્યાસ કરવા ગયા તેમાં હૈદરાબાદના ડૉ. મહમુદ ઝફર અને કલકત્તાના ડૉ. એમ. એન. ચૌધરી સાથે ત્રીજા હતા ભાવનગરના ડૉ. દોલતરામ શેઠ. ઈ. ૧૯૦૮માં એમ.ડી.ની ડિગ્રી લઈ તે સ્વદેશ આવેલા. એ અભ્યાસ વેળા તેમણે 'ગુપ્તા' નામ રાખેલું ને પછી તે ડૉ. ગુપ્તાના નામથી જ ઓળખાતા. સમગ્ર વિદ્યાર્થીજીવનમાં તે હમેશાં પ્રથમ રહેલા.

મધઉનાળાની રાતનું સપનું

અંગ્રેજ મહાકવિ શેક્સપીઅરનું
હાસ્યરસિક નાટક
એ મિડસમર નાઇટ્સ ડ્રીમ
કહે છે કે ઈ. ૧૫૯૫-૯૬ના અરસામાં રાણી ઈલિઝાબેથ પહેલીની ઉપસ્થિતિમાં ઉજવાનારા એક લગ્નસમારંભ માટે લખાયું હતું. પાછળથી એમાં તદ્દનુરૂપ ફેરફારો પછી ઈ. ૧૬૦૦માં એ જાહેરમાં રજૂ થયું. જેનો આ કથારૂપ સંક્ષેપ છે.

વાર્તાંતર

ડૉ. મધુસૂદન પારેખ



જમણી બાજુ: નિદ્રાધીન હર્નિયા ને પક (ચિત્રકાર: જૉર્ડન બ્રાઉન)

મિડસમર નાઇટ એટલે ૨૩ જૂનની મધઉનાળાની રાત. બીજે દિવસે આવતી સંત જ્હૉન બૅપ્ટિસ્ટની જન્મતિથિની ઉજવણી આ રાતથી શરૂ થઈ લોકો ઘેલાતુર બને, એ સિવાય એનું અન્ય કોઈ મહત્ત્વ નથી. આવા ઘેલાપણાને 'મિડસમર મૅડનેસ' પણ કહે છે. આ દિવસની આસપાસના ગાળામાં સ્થળભેદે કેટલાક સ્થાનિક ગ્રામ ઉત્સવો પણ મનાવાય છે, જેમાંના એક દરમિયાન અવનવાં ટીખળ પ્રયોજી અપરિણીત યુવતીઓ પોતાના પ્રેમીને નાણી જુએ એવો પણ એક ચાલ છે. આ નાટકમાં 'મધઉનાળાની રાતના સપના'નો કશો સીધો સંદર્ભ નથી. પણ ઉત્સવના નાચગાનને અંતે મધઉનાળાની કોઈ ખુશનુમા તંદ્રાભરી રાતે આવેલા સપના જેવું આ નાટક છે, જેનાં પાત્રો 'પ્રેમપરાગ'ની માયાવી અસર નીચે અસંબદ્ધ વિપરીતતાથી વર્તે છે.

ઍથેન્સનો રાજા થીસિયસ રૂપસુંદરી હિપૉલિટા સાથેના લગ્નનું દિવાસ્વપ્ન જોતો આનંદમાં રમમાણ હતો. તે સમયે ઍથેન્સના એક પ્રતિષ્ઠિત નાગરિક ઈજિયસે તેની પાસે ધા નાખી: 'મહારાજ, મારી દીકરી હર્મિયાને સમજાવો યા સજા કરો.'

'પણ એનો કોઈ કસૂર?' થીસિયસે આતુરતાથી પૂછ્યું.

'મહારાજ, મેં એને માટે વર શોધ્યો છે–ડિમીટ્રિયસ. એ આબરુદાર અને પૈસાદાર છે. પણ હર્મિયા એ વરને વરવાનો ઇનકાર કરે છે. એ બીજા એક યુવાન લાયસૅન્ડરના પ્રેમમાં છે. મારો હુકમ એ માનતી નથી. મહારાજ એને સજા ફરમાવો.' થીસિયસ થોડી ક્ષણ હર્મિયાને જોઈ રહ્યો પછી લાયસૅન્ડર તરફ તેણે સીધી નજર નાખી. એકાદ બે પળમાં તેણે ડિમીટ્રિયસને પણ નિહાળી લીધો. હર્મિયાનો પિતા ઇજિયસ રાજાનો નિર્ણય સાંભળવા ઉત્કંઠ બની રહ્યો.

ઍથેન્સનો એક કાયદો હતો: કોઈ પણ કુમારિકાને એના પિતાની ઇચ્છા વિરુદ્ધ જઈને મનપસંદ પતિ શોધવાનો અધિકાર ન હતો. દીકરીના બાપની ઇચ્છા એ જ કાયદો. કોઈ કન્યા તેના પિતાની ઇચ્છા વિરુદ્ધ વર્તે અને સ્વેચ્છાએ શોધેલા જુવાનને પરણે તો તેને માટે મોતની સજા હતી; અથવા તો સમાજમાંથી બહાર નીકળી જઈને તેને આજીવન સાધ્વી બનીને કઠોર શુષ્ક જીવન વિતાવવું પડતું. થીસિયસે આ બંને સજાઓની હર્મિયાને યાદ આપીને પૂછ્યું: 'બોલ, હવે તારો જવાબ શો છે?'

હર્મિયાએ મક્કમતાથી કહ્યું: 'આત્માની ઇચ્છા વિરુદ્ધ જઈને મારા પિતાના હુકમને હું કદી તાબે નહિ થાઉં. મોત મને મંજૂર છે.'

થીસિયસે તેને સમજાવી: 'વિચાર કરી લે, હર્મિયા; તારા પિતાએ શોધેલો ડિમીટ્રિયસ શો ખોટો છે?'

ડિમીટ્રિયસે પણ ઉત્સાહમાં આવીને હર્મિયાને કહ્યું: 'પ્યારી હર્મિયા, તારા પિતાનો હુકમ માની જા.' અને લાયસૅન્ડરને તેણે સલાહ આપી: 'હર્મિયા પર મારો હક વિશેષ છે. એના પિતાએ મને પસંદ કર્યો છે. તું અમારા માર્ગમાં શા માટે હરકત ઊભી કરે છે?'

લાયસૅન્ડરે કટાક્ષભર્યા સ્મિતથી કહ્યું: 'હર્મિયા મને ચાહે છે, હું તેને પરણવાનો જ. તું એના પિતા સાથે પરણી જા. એ તને ચાહે છે!'

વાત રંગ પર આવી ગઈ: ઇજિયસ તંગ બની ગયો. થીસિયસે હર્મિયાને ચેતવણી આપી: 'કાનૂન જડ છે, હર્મિયા! હજુ વિચાર કરી જો. તારી ખીલતી જુવાનીને શા માટે ખતમ કરવા માગે છે? ચાર દિવસની મહેતલ આપું છું. તારા પિતાનો હુકમ માની જા. નહિતર કાં શિરચ્છેદ, કાં સંન્યાસ. બે જ રસ્તા છે.'

લાયસૅન્ડર અને હર્મિયાનાં મોં પરથી નૂર ઊડી ગયું હતું. જોકે નિર્ધાર તો એ જ હતો. રોષ અને અપમાનથી હર્મિયા અકળાઈ ઊઠી: 'આ તે કાનૂન? બાપ હુકમ કરે એને દીકરી વરે? જંગલી કાનૂન!'

લાયસૅન્ડરે તેનો આવેશ ધીમે ધીમે મંદ પાડ્યો. વિચાર કરીને તેણે પોતાની વાત મૂકી: 'પ્યારી હર્મિયા, આ જંગલી કાનૂનથી બચવાનો ઇલાજ છે.' હર્મિયા આતુર આંખે સાંભળી રહી.

'આપણે ઍથેન્સની હદ બહાર બીજા નગરમાં નાસી છૂટીએ. ત્યાં દીકરીઓ ઉપર બાપની જહાંગીરી નહિ હોય; જોહુકમી નહિ હોય; પ્રેમીઓને પીડા કરનારો કોઈ ઘાતકી કાનૂન નહિ હોય. જઈશું એવા મુલકમાં? મન ભરીને મહાલીશું. પ્રેમના દેવની સાક્ષીએ પરણીશું.'

હર્મિયાનો ઉમંગ ઊભરાઈ ગયો. નગર બહારના જંગલમાં એકાંતે મળવાનો તેમણે સંકેત રચ્યો. ત્યાં હેલિના આવી રહી હર્મિયાની એ પ્રિય સખી. ડિમીટ્રિયસ પહેલાં એના પ્રેમમાં ચકચૂર હતો; પરંતુ હર્મિયાને નીરખ્યા પછી હેલિના એને ગમી નહિ. એ હર્મિયા પાછળ દીવાનો થયો. હેલિના તો હજુ ડિમીટ્રિયસને જ ઝંખતી હતી. ડિમી-

ટ્રિયસ એને ધુત્કારતો હતો. એને હર્મિયા ચાહતી હતી. હર્મિયાને હેલિના ધિક્કારતી હતી. પ્રેમનો અટપટો ચતુષ્કોણ રચાયો હતો.

હર્મિયાએ સખીભાવે પોતાની ગુપ્ત યોજનાની વાત હેલિનાને કરી. પણ મંત્ર છઠ્ઠા કાને ગયો કે ફૂટયો! હેલિનાના ચિત્તમાં એક તરંગ ઊછળ્યો: 'આ ગુપ્ત બાતમી પોતાના પ્રેમી ડિમીટ્રિયસને આપી હોય તો? અલબત્ત, એમાં કંઈ જશ એને મળવાનો ન હતો. ડિમીટ્રિયસ એની પાસે ઢૂકતો ય ન હતો. પણ એ તો પ્રેમઘેલી બની હતી. એનું ચિત્ત તરંગી બની રહ્યું. ડિમીટ્રિયસ જો આ ખાનગી બાતમી જાણે તો જરૂર તે હર્મિયાનો પીછો કરે અને એ પોતે ડિમીટ્રિયસનો પીછો કરી તેનું દર્શન પામી શકે! પોતાની સખી હર્મિયાનો એથી કેવો ભારે વિશ્વાસઘાત થશે તે વાત તેના તરંગી ચિત્તમાં વસી જ નહિ.

લાયસૅન્ડર અને હર્મિયા વનની વાટે મળ્યાં. એ વન અદ્ભુત હતું. તેમાં પરીઓ વસતી અને વિહાર કરતી. નાનીશી પાંખો ફફડાવતી એ મંજુલ ગાન આલાપતી ને નૃત્ય કરતી. નાનકડા ફિરસ્તા એમના દૂત હતા. તે અવનવી ફેરફૂદરડી ફરતા પરીઓની રાણીને રીઝવતા ને એની ખિદમત કરતા. પરીઓની રાણીનું નામ ટિટાનિયા, એનો રાજા ઓબેરોન. બંને એમની નાનકડી નૃત્યમંડળી લઈને મધરાતે મહેફિલ માણતાં ને જંગલમાં મંગલ કરી મૂકતાં.

પરંતુ થોડાક સમયથી વાત વણસી હતી. પરીઓનાં રાજા રાણી વચ્ચે ઝઘડો થયો હતો. ટિટાનિયાની તહેનાતમાં એક કુમળો મઝાનો છોકરો હતો. એની મા તેની સાહેલી જેવી હતી. બંનેના જીવ મળ્યા હતા. એ મૃત્યુ પામી ત્યારે આ છોકરો તેને સોંપી ગઈ હતી. ટિટાનિયા એને રેઢો મેલતી નહિ. ઓબેરોને એ છોકરાને જોયો એવો જ એ તેની આંખમાં વસી ગયો. તેણે ટિટાનિયા પાસે તેની માગણી કરી: 'એ છોકરો મને આપી દે. એને હું મારો કિંકર બનાવીશ.'

'આખું પરીસ્તાન કોઈ મને આપે તો ય આ છોકરાને હું છોડીશ નહિ.' ટિટાનિયાએ દૃઢતાથી ઓબેરોનને ના પાડી દીધી.

ઓબેરોન રીસે ભરાયો: 'એક છોકરડાની આવી તે શી મમતા? મારી આજ્ઞા એ ન કેમ માને? ભલે. એની એવી તો મજાક કરું કે જિંદગી સુધી તેને યાદ રહી જાય.' તેણે પોતાના વિશ્વાસુ કિંકર પકને બોલાવ્યો: 'મેં તને એક વિચિત્ર પ્રકારનો વેલો બતાવ્યો હતો—યાદ છે? એ વેલા પર 'પ્રેમ-પ્રમાદ'નાં પુષ્પો ઊગે છે. એ પુષ્પનો રસ જેની પાંપણમાં જાય તે પહેલી જ નજરે જેને જુએ તેના પ્રેમમાં પડી જાય. એ પ્રેમ-પ્રમાદ પુષ્પ મને તત્કાળ આણી આપ.'

પક એ મોહક પુષ્પ લેવા ગયો. ઓબેરોન તેની પ્રતીક્ષા કરી રહ્યો. એ સમયે ડિમીટ્રિયસ હર્મિયાની શોધ કરતો ત્યાંથી નીકળ્યો. તેની પાછળ તેને વિનવતી, વિલપતી હેલિના હતી. ઓબેરોન તેનું આક્રંદ સાંભળી રહ્યો. હેલિના તરફડતી હતી, ડિમીટ્રિયસની પાછળ ઘસડાતી હતી. ચિડાઈને એ ધિક્કાર કરી તેને કહેતો હતો: 'પાછી જા. શા માટે મારી પાછળ ઘસડાય છે? હું તને ચાહતો નથી; તને ધિક્કારું છું.'

'ના, ના, ના. ડિમીટ્રિયસ, વહાલા, તું આવો ઘાતકી ન થા. તું પહેલાં મારા પ્રેમમાં હતો...હર્મિયાને તેં જોઈ અને મને તરછોડી....'

ડિમીટ્રિયસે ધૂંધવાઈને કહ્યું: 'મેં તને કદી ચાહી નથી; જા, જા દૂર થા.'

'નહિ જાઉં. મને મારીશ તો તને હું પ્યાર કરીશ; ધક્કો મારીશ તો તને વધારે વળગીશ. લાત મારીશ તો તારા કદમ ચૂમીશ. હું ક્યાં જાઉં? વહાલા ડિમીટ્રિયસ, હું તારી પાછળ ભમતી જ રહીશ.'

'જંગલી જાનવરો તને ભરખી જશે.'

'ભલે, એ તારા જેવા ઘાતકી તો નહિ જ હોય.'

અને ડિમીટ્રિયસની પાછળ હેલિના દોડતી જ રહી. ઓબેરોનને આ પ્રેમઘેલી યુવતી પ્રત્યે અનુકંપા થઈ. તેના મનમાં એક વિચાર ઝબક્યો. એટલામાં તો તેનો કિંકર પક 'પ્રેમ પ્રમાદ'નાં પુષ્પ લઈને આવી પહોંચ્યો. પરીઓના રાજાએ તેને આદેશ દીધો: 'પરિચારક, અહીંથી થોડે દૂર એક જુવાન છે. પોશાક પરથી જ તે ઍથેન્સનો નાગરિક પરખાઈ જશે. તેની પાછળ તેની દુઃખિયારી પ્રેમિકા છે. તું સિફતથી એ જુવાનની આંખમાં આ પુષ્પનો રસ છાંટજે. એ જાગે ત્યારે તેની પહેલવહેલી નજર એ યુવતી પર જ પડે એવી વેતરણ કરવાનું હું તને સોંપું છું. 'પ્રેમ પ્રમાદ'ની મોહિનીથી એ જુવાન પેલી સ્ત્રીને જોતાંવાર પ્રેમઘેલો બની જશે. જોજે, કરામત કુશળતાથી કરજે.' પક તેને સલામ ભરીને ટચૂકડી પાંખો પ્રસારતો હસતે મુખે ઊડી ગયો.

હર્મિયા અને લાયસૅન્ડર વનમાં ટહેલતાં હતાં. પણ હર્મિયા નગરથી વન સુધીનો પ્રવાસ કરીને થાકી ગઈ હતી. એક રમણીય સ્થળે બંનેએ વિસામો લીધો. એક વૃક્ષ નીચે લાયસૅન્ડર સૂતો. તેનાથી સહેજ દૂર બાજુના એક વૃક્ષ હેઠળ હર્મિયા પોઢી ગઈ. એ વખતે જ પરિચારક પક 'પ્રેમ-પ્રમાદ'નો પ્રયોગ કરવા ફરતો હતો તે ત્યાં આવ્યો. તેણે લાયસૅન્ડરને સૂતેલો જોયો. એના પોશાક પરથી એને ઓળખ્યો: 'આ જ ઍથેન્સનો નાગરિક. હવે અમારા રાજાની સૂચનાનો અમલ કરું.' તેણે હળવાશથી લાયસૅન્ડરની પાંપણો પર 'પ્રેમ-પ્રમાદ'નું અંજન આંજી દીધું; અને મલકતો મલકતો એ ત્યાંથી ઊડી ગયો.

હેલિનાની વિનંતીને ઠોકરે મારી ડિમીટ્રિયસ તેને વનમોઝાર એકલી મૂકીને નાસી ગયો. વાટ ભૂલેલી હેલના રડતી રવડતી ને અથડાતી કુટાતી વનમાં ભમવા લાગી. એક વૃક્ષ પાસે તે નિરાશ થઈ થાક ખાતી બેઠી. ત્યાં અચાનક તેની દૃષ્ટિ લાયસૅન્ડર ઉપર પડી. 'કોણ લાયસૅન્ડર?' એને ફાળ પડી. 'આમ અહીં ક્યાંથી પડયો હશે? પેલા વેરીએ કદાચ...' ખાતરી કરવા માટે એ તેની સાવ નજીક આવી ને તેના કાનમાં ધીમેધીમે બૂમ મારી: 'લાયસૅન્ડર, લાયસૅન્ડર!'

લાયસૅન્ડર જાગ્યો. એની નજર હેલના પર પડી કે તરત પેલા મોહક પુષ્પના અસર હેઠળ તે તેના પ્રેમમાં ઘેલો થઈ ગયો. એકદમ ઉમળકાથી તે ઊઠ્યો: 'વહાલી, પ્યારી, મારી હેલિના...!'

હેલિના આ સંબોધન સાંભળીને હેબતાઈ ગઈ! 'અરે લાયસૅન્ડર!'

'હા, હું જ તારો લાયસૅન્ડર, તારો જ લાયસૅન્ડર!'

'નહિ, નહિ લાયસૅન્ડર! મારી હાંસી ન ઉડાવ. હું દુઃખિયારી છું. અને હર્મિયા તને પ્રાણથી પણ પ્યારી...'

'નથી, હેલના, નથી! હર્મિયાનું નામ તારા રૂપાળા હોઠ પર લાવીશ નહિ. હર્મિયાને મેં ચાહી નથી, ચાહતો નથી; હું તારા પ્રેમનો દીવાનો છું, વહાલી હેલિના!'

હેલિનાને ભારે આઘાત લાગ્યો. તે શરમ ને અપમાનથી અકળાઈને પોતાની આંખો ઢાંકી ચાલવા માંડી. લાયસૅન્ડરને પોતાની પાછળ ઘેલો બની પ્રલાપ કરતો જોઈને તે ત્રાસી ઊઠી: 'શરમ છે લાયસૅન્ડર! ઓહ! ડિમીટ્રિયસે મને તરછોડી એટલે મારે આવી નિર્લજ્જ મશ્કરી વેઠવાની વેળા આવી! લાયસૅન્ડર, તને આવો ઘાતકી અને બેશરમ મેં નહોતો જાણ્યો.' એમ કહી એ દુઃખિયારી દોડી ગઈ. એની પાછળ પ્રેમદીવાનો લાયસૅન્ડર ઘસડાયો.

અહીં ભરઊંઘમાં પડેલી હર્મિયાને ભયંકર સ્વપ્ન આવ્યું ને એ એકદમ છળી ઊઠી. જાગીને તેણે ચીસ નાખી: 'લાયસૅન્ડર, લાયસૅન્ડર!' પણ એ ત્યાં ન હતો. એ બેબાકળી બની ગઈ. ગભરાટમાં પડીને તે લાયસૅન્ડરને પોકારતી, સૂઝી તે દિશામાં દોડી રહી.

પરીઓનો રાજા ઓબેરોન ટિટાનિયા પર વેર લેવાની તક માટે ટાંપી રહ્યો હતો. એ તક આખરે એને સાંપડી. નાજુક નમણી નાનીશી પરીઓએ ગીત ગાઈ, નૃત્ય કરી રાણીને પોઢાડી દીધી. પરિચારકો વેરાઈ ગયા. ઓબેરોને બરાબર મોકો સાધ્યો. હળવેથી ઊડીને તે પરી-રાણી પાસે પહોંચ્યો ને તેનાં બિડાએલાં પોપચાં પર 'પ્રેમ-પ્રમાદ'નાં બે બિંદુનો છટકાવ કરી દીધો.

એ વખતે એનો સેવક પક આસપાસ ટહેલતો હતો. ત્યાં તેણે નાટકિયાઓની એક મંડળી જોઈ. ઍથેન્સના રાજા થીસિયસના લગ્ન નિમિત્તે એક નાટક થવાનું હતું. એ નાટકની પૂર્વતૈયારી કરવા માટે નટમંડળી એ જંગલમાં આવી હતી. તેમાં એક ભેજાગેપ બૉટમ હતો. એના મૂર્ખ જેવા દેદાર જોઈ પકને એક મઝા સૂઝી. બૉટમ એની મંડળીથી જરા આઘોપાછો થયો એટલે પકે એક ગધેડાનું ડોકું લાવીને તેને ખભે લગાડી દીધું. બૉટમ પોતાના આ વિચિત્ર રૂપથી અજાણ્યો જ રહ્યો. તેના ખભા પર ગર્ધવસેનનું મસ્તક જોઈને નટમંડળીમાં નાસભાગ થવા માંડી. બૉટમ એકલો પડી ગયો. એણે નિરાંતે ટહેલવા માંડ્યું. ત્યાં એને સંગીતની ચળ ઊપડી આવી, એટલે ચિત્રવિચિત્ર 'ગાંધર્વ-સૂર' તેણે છેડ્યા. આ વિશિષ્ટ નાદે પરીઓની રાણી જાગી ઊઠી અને પાસે જ ઊભેલા ગર્ધવસેન પર એની નજર પડતાં અને તેના પ્રેમની લેહ લાગી. ગર્ધવસેનની પાસે આવીને પ્રેમલ સ્વરે પૂછી રહી: 'અહો પ્રિય ગાયક, હું સ્વપ્નામાં હતી ત્યાં શરણાઈ વાગી ને હું જાગી. હે અનુપ! શું તારું રૂપ! હે દિવ્ય ગાયક, હું તારી નાયિકા ને તું મારો નાયક. તારો ધ્વનિ સાંભળી હું ધન્ય બની છું હે અનન્ય! હવે આ વનમાં આપણે સાથે જ વિહાર કરીશું.'

બૉટમ બોલી ઊઠ્યો: 'હું તો ભૂલો પડ્યો છું.'

ટિટાનિયા હરખથી કહેવા લાગી: 'ભલું થયું તે ભૂલો પડ્યો. હવે આ જંગલનું રાજ તારું. આપણે પ્રેમની દુનિયા વસાવીશું ને જંગલમાં મંગલ કરીશું. ચાલ મારી સાથે, મારા ઉદ્યાનમાં.' આમ કહી પરીઓની રાણી ગર્ધવસેનના ગળામાં પોતાનો નાજુક હસ્ત પરોવી તેને હળવે હળવે ઉદ્યાનમાં દોરી ગઈ. પરીઓ અને ફિરસ્તાઓ તેની તહેનાતમાં સજ્જ બની રહ્યાં. એમણે ટિટાનિયાના ફરમાનથી ગીતો ગાયાં ને નૃત્ય કર્યું... અને એના આનંદના ઘેનમાં ગર્ધવસેન પોઢી ગયા. એના રૂપાળા રઢિયાળા મુખારવિંદને નીરખતી ટિટાનિયા પણ એના કંઠમાં પોતાની ભુજા પરોવીને સૂઈ ગઈ.

પરી રાણી અને ગર્ધવસેનની આ પ્રેમચેષ્ટા જોઈને પકને ખૂબ ગમ્મત પડી. તે દોડતો પોતાના માલિક પાસે પહોંચ્યો. ઓબેરોન તેની પાસેથી રાણીના ફજેતાની વાત રસપૂર્વક સાંભળી રહ્યો અને ટિટાનિયા પર વેર લેવાયું તેનો સંતોષ માણી રહ્યો.

એવામાં કોઈકની ચીસાચીસ ને તકરાર સાંભળી તે ચમક્યો. હર્નિયા એક જુવાન સાથે ઝનૂનથી ઝઘડતી હતી. એ જુવાન ડિમીટ્રિયસ હતો. હર્નિયા લાયસૅન્ડરને શોધતી વ્યાકુળ ચિત્તે વનમાં ભટકતી હતી ત્યાં ડિમીટ્રિયસનો તેને ભેટો થઈ ગયો. તેને જોતાં જ એ પાગલની જેમ ચીસ પાડી ઊઠી: 'તેં મારા લાયસૅન્ડરને સંતાડ્યો છે—તેં જ.'

ડિમીટ્રિયસે એને સમજાવીને શાંત પાડવાનો પ્રયત્ન કર્યો. પણ તે વધુ વીફરી: 'બોલ, તેં જ એને મારી નાખ્યો છે ને? હવે તારું કાળજું ટાઢું થયું? નંગ! કૂતરા! ખૂની!...'

ડિમીટ્રિયસે નરમાશથી તેને વિનવવા માંડી: 'હર્મિયા, હું ખૂની નથી. મેં લાયસૅન્ડરને માર્યો નથી. તે તને મૂકીને ક્યાંક જતો રહ્યો હશે.'

હર્નિયા પાગલની જેમ ઊછળી પડી: 'મારો લાયસૅન્ડર મને એકલી મેલીને ક્યાં જાય? તેં જ એનું ખૂન કર્યું છે...હત્યારા! બેશરમ!'

અને એ રોતી કકળતી ત્યાંથી આગળ દોડવા માંડી. ડિમીટ્રિયસ તેનું આ ઝનૂન જોઈને જ શેહ ખાઈ ગયો. તેનો પીછો કરવામાં સાહસ હતું. એટલે નિરાશ થએલો થાક્યોપાક્યો તે ત્યાં જ સૂતો.

ઓબેરોને આ બંને વચ્ચેનો ઝઘડો સાંભળ્યો. આ જુવાનને તેણે તરત ઓળખ્યો ને પકને કહ્યું: 'અરે મૂર્ખ, આ તેં શો છબરડો વાળ્યો? મેં તને આ જુવાનની આંખોમાં અંજન આંજવાનો હુકમ કર્યો હતો ને તું એને મૂકીને કોના પર પ્રયોગ કરી આવ્યો?'

પક લજવાઈ ગયો: 'માલિક, ભૂલ થઈ ગઈ. તમે પોશાકની નિશાની આપેલી. તે ઉપરથી મેં એક જુવાનનો એવો પોશાક જોઈને તેને ઍથેન્સનો વતની માની લીધો અને 'પ્રેમ-પ્રમાદ'નો રસ તેની પાંપણ પર છાંટી આવ્યો. હવે શું થશે, માલિક?'

ઓબેરોને કહ્યું: 'તું પેલા બીજા ભળતા જ જુવાન લાયસૅન્ડરની આંખમાં રસ છાંટી આવ્યો. પણ આ જુવાનની પ્રેમઘેલી બનેલી પેલી દુખિયારીનો એમાં શો દહાડો વળ્યો? એ બિચારી હજુ વન-મોઝાર વિલાપ કરતી હશે. તું એકદમ જા. એ દુખિયારી છોકરીને તારી માયા રચીને અહીં ખેંચી લાવ.'

પક માલિકને સલામ ભરીને એકદમ ઊડ્યો. ઓબેરોને ધીમે રહીને સૂતેલા ડિમીટ્રિયસની આંખમાં 'પ્રેમ-પ્રમાદ'નાં રસબિંદુ છાંટી દીધાં. પક માયા રચીને હેલિનાને થોડીક વારમાં ત્યાં આકર્ષી લાવ્યો. એનાં પગલાંનો અવાજ સાંભળતાં જ ડિમીટ્રિયસ જાગ્યો. હેલિનાને જોતાં જ મોહિત થઈ ગયો: 'ઓ મારી ખૂબસૂરત હેલિના! તું ક્યાં હતી? હું તારા વિના કેવો તરફડતો હતો, ઓ પ્યારી પૂતળી હેલિના.'

હેલિના ચકિત થઈને ડિમીટ્રિયસ સામે ટીકી રહી ત્યાં હેલિનાની પાછળ વેગથી ધસતો લાયસૅન્ડર આવ્યો: 'ઓ આસમાની પરી! ઓ મારી હેલિના! હું તને જ ચાહું છું. મારો ઈંતજાર કર. તારું ચમક ચમક થતું બદન, તારા લાલ ચટક હોઠ—ઓ પ્યારી, એક ચુંબન...એક...' અને એમ પોકારતો તે ઉન્માદમાં આવી હેલિના ભણી ધસ્યો.

હેલિના ત્રાસી ગઈ. રોષ, અપમાન અને બેઈજ્જતીથી તે વાજ આવી ગઈ. એનું કાળજું ફાટફાટ થવા લાગ્યું. એકસાથે બે જણા તેની આસપાસ વિંટળાઈને તેની હાંસી ઉડાવી રહ્યા હતા. હેલિનાનો હાથ પામવા માટે બંને પ્રેમીઓ ઝઘડી રહ્યા. લાયસૅન્ડર હેલિનાની છેક પાસે આવી ગયો અને ડિમીટ્રિયસને કહેવા લાગ્યો: 'તારે હર્નિયાનો હાથ જોઈતો હતો ને! જા, લઈ જા; હર્મિયા તને સોંપી! હેલિના મારી છે.'

ડિમીટ્રિયસ એકદમ એની સામે ધસ્યો: 'જા રે જા, હેલિના તો મારી છે. પહેલેથી જ એ મને પ્યાર કરતી આવી છે. હર્નિયાને પરણવા માટે તો તું વનમાં નાસી આવ્યો છે. જા, પરણી જા એને. હેલિના તો મારી છે ને હું જ એને પરણીશ' આમ બંને હેલિનાની આસપાસ ઊભા રહીને હોંસાતુંસી કરવા લાગ્યા.

હેલિનાની અક્કલ બહેર મારી ગઈ. આ બધું શું બની રહ્યું છે તે તેને સમજાતું ન હતું. બંને પ્રેમીનો પ્રલાપ જામતો ગયો. ત્યાં લાયસૅન્ડરને શોધતી હર્નિયા ત્યાં આવી પહોંચી. અને લાયસૅન્ડરને જોતાં વેંત તેની પાસે તે દોડી: 'લાયસૅન્ડર, વહાલા, મને વગડામાં એકલી મેલીને તું ક્યાં ચાલ્યો ગયો? તેં મને કેવી ગભરાવી મૂકી?'

લાયસૅન્ડર તેને જોતાં જ છેડાઈ પડ્યો: 'તને અહીં કોણે બોલાવી હતી? કેમ અહીં આવી? હું તને ચાહતો નથી—ધિક્કારું છું. મને તો મારી હેલિના પ્યારી છે.'

'આ શું લાયસૅન્ડર? હું તને ચાહું છું, ને તું મને ચાહે છે...'

એ દેશની ખાજો દયા

[ખલિલ જિબ્રાનના કાવ્યનો અનુવાદ]

જુઓ આ અંકમાંનું ચરિત્ર

દોસ્તો, સફરના સાથીઓ, એ દેશની ખાજો દયા,
જ્યાં ધર્મનો છાંટો નહિ, ફીરકા છતાં ફાલી રહ્યા.

સૂત સફરાં અંગ પે,—પોતે ન પણ કાંતે કે વણે,
જ્યાફતો માણે —ન ભૂમિપાક પોતાનો લણે;
લોક જે દારૂ વિદેશી રોજ ઢીંચે ખંતથી,
વતન કેરું મધ પરંતુ જેમણે ચાખ્યું નથી.

'રંગ છે બહાદુર!' બિરદાવી કુરોક ફેરવે,
જે પ્રજા નાચી રહે ગુંડા ટણકન ટેરવે;
ને દમામે જીતનારાને ગણે દાનેશરી,
હાય, એવા દેશના જાણો, ગયા છે દી' ફરી.

... ...

લોકનેતા લોંકડી શા જ્યાં કપટના કાંખિયા,
ભૂર ભાષાના મદારી હોય પંડિત વેદિયા;
નામ કૂટીને કજાનું થીગડાં મારી ફરે,
જ્યાં જુવાનો નકલ નખરાંમાં ય ફિસિયારી કરે!

મૂક જર્જર જ્યાં મહર્ષિઓ અવસ્થા કારણે,
જેમના શૂરા જનો પોઢ્યા હજી છે પારણે;
ભાગલા પાડી ઉડાડે નોખનોખી જે પ્રજા
ને બધા એ ભાગ પોતાને ગણે આખી પ્રજા!

જાણજો, એવી પ્રજાનાં પુણ્ય પરવારી ગયાં,
દોસ્તો સફરના સાથીઓ, એ દેશની ખાજો દયા.

મકરન્દ દવે

('સમર્પણ'માં આવેલા કાવ્યમાંથી તારવીને)

'ના, ના, ના!' લાયસૅન્ડરે બરાડો માર્યો! અને હેલિનાનો બધો રોષ હર્મિયા તરફ વળ્યો. એ હર્મિયા તરફ ફરી: 'તું પણ કાવતરાખોર છે. તમે ત્રણેએ મળીને મારી બેઈજ્જતી કરવાનો પેંતરો રચ્યો છે. મેં તને આવી હલકટ, બેશરમ નહોતી જાણી.' હર્મિયા મૂંઝાઈ ગઈ: 'હેલેના, હું કશું જાણતી નથી. આ બધી શી વાત છે?'

'પાછી અજાણી થાય છે?' હેલિના તડૂકી ઊઠી: 'તેં જ—હા તેં જ તારા લાયસૅન્ડરને મારી ફજેતી કરવા મોકલ્યો છે. ડિમીટ્રિયસને પણ તેં જ ચગડોળે ચડાવ્યો છે. મેં તારું શું બગાડયું હતું?' અને એમ બોલતાં હેલિનાની આંખ વરસી રહી: 'મારી હરદમ ઉપેક્ષા કરનારા આ બંને જણા પ્રેમના પ્રલાપો કરી રહ્યા છે. હું દુઃખિયારી, હિણાએલી...મારું કાળજું બાળીને તમને બધાને શો લાભ થવાનો છે?'

હર્મિયાએ તેના હાથ પર હાથ ફેરવીને નરમાશથી કહ્યું: 'પ્રિય હેલિના, સાચે જ હું આમાંનું કશું જાણતી નથી. હું તારી શા માટે હાંસી ઉડાવું?' હેલિના ડૂસકાં ભરી રહી. લાયસૅન્ડર પોકારી ઊઠયો: 'હેલિના વહાલી, રડીશ નહિ. ચાલ આપણે ચાલ્યાં જઈએ...'

ત્યાં તો ડિમીટ્રિયસ એકદમ ધૂરકી ઊઠયો: 'હેલિના મારી સાથે જ આવશે. એ મારી છે.' લાયસૅન્ડર તાડૂકયો: 'હેલિના મારી છે.'

'ના મારી છે.' અને બંને પ્રેમી તંગ બની ગયા. લાયસૅન્ડરે પડકાર ફેંકયો: 'હેલિના માટે હું પ્રાણ પાથરવા તૈયાર છું. મરદ હો તો આવી જા મેદાનમાં. આપણી તલવાર ફેંસલો તોળશે.'

બંને પ્રેમીઓ હેલિના માટે ફેંસલો કરવા મેદાનમાં ઊપડી ગયા.

અહીં હેલિનાએ હર્મિયા સાથે ખૂબ તકરાર કરી; તેનું ખૂબ અપમાન કર્યું. હર્મિયા સંતાપ પામીને ચાલી ગઈ.

ઓબેરોન અને પક બંને આ તમાશો જોઈ રહ્યા હતા. પકને તો લજ્જિત આવી ગઈ, પણ ઓબેરોને તેને ઠપકો આપ્યો: 'તારી મૂર્ખાઈનું આ પરિણામ જો! બિચારા ચારે જીવ તારી બેવકૂફીને કારણે દુઃખી થઈ ગયા.' પક મનમાં મલકાતો નીચું મુખ કરી પૂછી રહ્યો: 'પણ હવે ઈલાજ શો?' ઓબેરોને કહ્યું: 'ઈલાજ તો કરવો જ રહ્યો. લાયસૅન્ડર અને ડિમીટ્રિયસ પટાબાજી ખેલવા મેદાનમાં ગયા છે. તું માયા રચીને એમનો રસ્તો ભુલાવી દે, એટલે બંને વિખૂટા પડી જશે.' પક આતુરતાથી સાંભળી રહ્યો: 'પછી શું?'

'પછી લાયસૅન્ડરને નિદ્રામાં નાખી તેની આંખમાં 'પ્રેમ-પ્રમાદ'-નાં બે ટીપાં ફરી પાછાં નાખી આવ. એ ટીપાં એની આંખમાં પડશે, એટલે એની બધી ભ્રમણા-માયા અલોપ થઈ જશે. એ હેલિનાને ભૂલીને પાછો પહેલાંની જેમ હર્મિયાને જ પ્રેમ કરતો થઈ જશે. પણ જોજે, પાછો કંઈ છબરડો વાળી આવતો નહિ; અક્કલથી કામ લેજે.'

'ભલે. પણ પેલા બીજા જુવાનનું શું?'

'એ તો હેલિનાને ચાહે છે ને ચાહતો રહેશે. એ બેને તું ભેગાં કરી દે એટલે પત્યું.'

પક પાંખ પ્રસારીને ઊડયો, એટલે ઓબેરોન પરીઓની રાણી પાસે આવ્યો. ગર્ધવસેનના ગળામાં હાથ નાખી તે પોઢી હતી. તેની ફજેતી જોઈ ઓબેરોન મલકયો. તેણે હળવાશથી રાણીની પાંપણો પર પ્રેમ-પ્રમાદનો પરાગ આંજ્યો ને મધુર સ્વરે જાગ્રત કરી. રાણીએ સામે જ પતિને ઊભેલો જોયો. અને...તે લજવાઈ ગઈ. બોલી: 'મને તો ખૂબ વિચિત્ર સ્વપ્નું આવ્યું હતું. એક ગધેડાના પ્રેમમાં હું હતી!'

ઓબેરોને તેનું ટીખળ કરતાં કહ્યું: 'તારો એ પ્રેમી જો, પે...લો સૂતો!' ગર્ધવસેનને જોતાં જ રાણીને કમકમાં આવી ગયાં: 'હાય રે! આને જોતાં જ મને તો કંઈકંઈ થઈ જાય છે—ઊબકા આવે છે. અરે, હું આના પ્રેમમાં હતી?' એ ખૂબ શરમિંદી બની ગઈ. રાજા ઓબેરોને તેનો નાજુક હાથ પોતાના હાથમાં લીધો. પરીઓએ નૃત્ય કર્યું. ઓબેરોન રાણીના કાનમાં પૂછી રહ્યો: 'હવે પેલો નાજુક છોકરડો મારે માટે ને?'

લજ્જા પામેલી રાણીએ સ્મિત કર્યું. હાથમાં હાથ પરોવીને બંને વનમાં વિહાર કરતાં ચાલ્યાં.

પક પેલા બે પ્રેમીઓ પાસે પહોંચ્યો. તેણે અંધકાર રચીને બંનેને ભુલાવામાં નાખ્યા. તે માર્ગ ચૂકયા અને વિખૂટા પડી ગયા. પકના મંત્રબળે લાયસૅન્ડર નિદ્રામાં ડૂબ્યો, એટલે તેણે મોહક પુષ્પનો રસ તેની પાંપણો પર છાંટી દીધો અને હર્મિયાને પણ માયા રચીને ત્યાં આકર્ષી લાવ્યો. હર્મિયાના મધુર સંબોધને લાયસૅન્ડર જાગ્યો. બંને ભાવથી ભેટયાં અને હાથમાં હાથ ગૂંથીને ટહેલતાં પોતાને માર્ગે પળ્યાં.

આ બાજુ થોડેક અંતરે ડિમીટ્રિયસ અને હેલિના પણ સર્વ સંતાપ ભૂલીને પ્રેમગોષ્ઠિમાં મગ્ન બની બેઠાં હતાં. ઓબેરોન અને ટિટાનિયા ઊડતાંઊડતાં ત્યાં આવ્યાં. ઓબેરોને આંગળી ચીંધીને આ બે યુગલોને રાણીને બતાવ્યાં. રાણી લજ્જા પામી સ્મિત કરી રહી.

એટલામાં પંખીઓના કલશોરે પ્રભાત પ્રગટયું અને પરીઓની સૃષ્ટિ એ પ્રભાતના ઉજાસમાં અદૃશ્ય બની ગઈ.

કલાવાર્તા

ગુજરાતની કલાલક્ષ્મીનાં ઝાંઝર જ્યાંથી રણઝણતાં રહેવાનાં છે

અમદાવાદમાં કલા-વીથિ

સંસ્કારક્ષેત્રની સેવાઓ અન્ય ક્ષેત્રોને મુકાબલે મોટે ભાગે અદીઠ અને મૂગી, પણ વધારે દૂરગામી હોય છે. આપણા આરૂઢ કલાકાર અને અગ્રણી સંસ્કાર-સેવક કલાગુરુ શ્રી રવિશંકર રાવળની કલાસેવા એ પ્રકારની છે. એમણે જ પોતાની અવિરત કલાસાધના અને પ્રતિભાના બળે આપણી ગુજરાતની કલાનાં વિવિધ ક્ષેત્રો જે સુપ્ત હતાં તેને પ્રથમ ચેતનવંતાં કરી વિકસાવ્યાં; 'કુમાર'ની સ્થાપના ને પ્રવર્તન દ્વારા કલા અને સુરુચિનાં ક્ષેત્રોમાં નવી ભૂમિકાઓ સર્જીને ગુજરાતના તારુણ્યને અવનવી દિશાઓ સુઝાડી; 'ગુજરાત કલા-સંઘ'ની સ્થાપના કરીને અનેક શિષ્યો-પ્રશિષ્યોની પ્રાણવાન પરંપરા ઊભી કરી. ટૂંકામાં, આપણી કલાત્મક જાગૃતિ અને સાંસ્કૃતિક સમુત્થાનના તેઓ પુરોધા બની રહ્યા છે.



આવા આપણા શ્રદ્ધેય સંસ્કારસેવકની સાધના અને સેવા પ્રત્યે આપણી કૃતજ્ઞતા વ્યક્ત કરવા, ને એમના થકી નવોત્થાન પામેલા ગુજરાતના કલાક્ષેત્રની જાગૃતિ ચાલુ રાખવાના આશયથી 'કલા-રવિ' નામનું એક જાહેર ટ્રસ્ટ સ્થાપવામાં આવેલું. તેને આવકારતાં ગુજરાતના તત્કાલીન રાજ્યપાલ મરહૂમ નવાબ મેહદી નવાઝ જંગ સાહેબે રૂ. ૧૦૦૦ના બીજ-દાન સાથે એવી ઇચ્છા વ્યક્ત કરેલી કે–

'...It would be in the fitness of things that Shri Ravishanker Raval's contribution to art and painting be commemorated in a manner which would be of permanent advantage to the artists of Ahmedabad and Gujarat. I suggest the organisers preparing a scheme to have a hostel for the bachelor artists and studio with a library and necessary equipments for artists to work. The whole scheme will cost about Rs. 5 lacs on the presumption that the Government may give a plot of land on the bank of Sabarmati river for the colony.'

તદનુસાર ગુજરાતની રાજ્યસરકારે અમદાવાદ શહેરની મધ્યમાં ૭૫૫ ચોરસ વાર જેટલી મૂલ્યવાન જમીન ટ્રસ્ટને ભેટ આપી. એ જમીન ઉપર કલાને લગતી સર્વતોમુખી પ્રવૃત્તિઓ ચલાવવા માટે એક વિશાળ ભવન બાંધવાની યોજનામાં આરંભદાન તરીકે અમદાવાદના શેઠ સાકરલાલ બાલાભાઈએ રૂ. એક લાખ ટ્રસ્ટને આપ્યા. ગઈ તા. ૨૫મી એપ્રિલ ૧૯૬૮ના રોજ ગુજરાતના આજના રાજ્યપાલશ્રી શ્રીમન્નારાયણના વરદ હસ્તે એ ભવનનું ખાતમુહૂર્ત થયું તે પ્રસંગે, ટ્રસ્ટના અધ્યક્ષ શ્રી પ્રભુદાસ પટવારીના, આ નીચેના આરંભપ્રવચનમાંથી, એ ભવનનિર્માણના ઉદ્દેશનો ઠીકઠીક ખયાલ મળી રહે છે:

"વીસમી સદીના આરંભકાળે ગુજરાતના એક કવિએ 'કઠણ રેતટીંબો' કહી તેના શુષ્ક જીવનની યાદ આપી હતી. તેમજ અન્ય ભારતીય પ્રાંતોમાં પણ ગુજરાત માત્ર દ્રવ્યોપાર્જન કરનારો હોવાની વાતો ચાલતી હતી. કળાના વિષયમાં તો ગુજરાત અને મહારાષ્ટ્ર બંગાળ કે યુરોપના કળાકારોનાં દૃષ્ટાંતો શોધતાં હતાં. બ્રિટિશ શાસનમાં પણ 'ભારતમાં કળા કે સંસ્કાર નથી'એવી વિચારસરણી હતી. સર્વ ક્ષેત્રે યુરોપના શિક્ષાગુરુઓના નેજા નીચે ભારતના જે શિક્ષિતો યુનિવર્સિટીએ તૈયાર કર્યા તેમાં પણ માત્ર વહીવટી સેવકો અથવા યુરોપી પ્રણાલિ પ્રમાણે ઉપચાર ને વિચાર કરતા ડૉકટરો વકીલો તેમજ યુરોપનાં વિધાનો પ્રમાણે મકાનો બાંધનારા ઈજનેરોની સેનાઓ દ્વારા ભારતની મૂળભૂત શક્તિઓ ને સંસ્કાર-પરંપરાઓની અવગણના કરાએલી. પરંતુ ભારતના સદ્ભાગ્યે એ પરદેશી આંધીમાંથી બચીને સજાગ થએલા સ્વામી દયાનંદ, સ્વામી વિવેકાનંદ, ગુરુદેવ ટાગોર, ડૉ. આનંદ કુમારસ્વામી, શ્રી અરવિંદ ઘોષ અને મહાત્મા ગાંધીજી જેવા પ્રભાવી પુરુષો આપણને મળ્યા ને એમણે આપણી સંસ્કૃતિ અને આત્મશક્તિનું ભાન કરાવ્યું.

ગુજરાતમાં સાહિત્ય, વિજ્ઞાન, ઈજનેરી, તબીબી વગેરે અનેક ક્ષેત્રો માટે સફળ અને સધ્ધર સંસ્થાઓ રચાઈ છે. સંગીત અને નૃત્યની પ્રાચીન પરંપરાઓ પણ પ્રતિષ્ઠા પામી છે અને તેના વિકાસ તથા પ્રગતિ માટે સુયોગ્ય સંચાલકો કામે લાગ્યા છે. કલા-શિલ્પ ગુજરાતમાં એક કાળે તો સમાજનો ખૂબ આદર પામ્યાના પુરાવા અનેક છે. પણ આ યુગમાં એની વાડીઓ સુકાઈ ગઈ હતી, તેથી જ કવિએ એને 'રેત-ટીંબો' કહ્યો હશે.

છેલ્લાં પચાસ વરસથી આ 'રેતના ટીંબા' પર પોતાનું આત્મસમર્પણ કરીને એક વિરલ માનવીએ જીવનભરની તપસ્યાથી અનેક પુષ્પવૃક્ષો ઉગાડી ગુજરાતમાં કળાની વાડી સરજી છે. આજે ગુજરાતની કલાલક્ષ્મીનાં જે સન્માન અને આદર દેશપરદેશમાં થઈ રહ્યાં છે તેના અગ્રદૂત શ્રી રવિશંકર મહાશંકર રાવળની સેવાઓ યાદ રહે. તેમજ તેમના આદર્શો પ્રમાણે ઊગતા કળાકારો માટે એક આશ્રયસ્થાન બનીને કલાકારોનું સાચું સંપર્કસ્થાન બને એવી સગવડોવાળું એક ભવન સર્જવાની ભાગ્યવંત તક અમદાવાદને સાંપડી છે. અને તેનો પ્રારંભ કરવાના યશભાગી અમદાવાદના એક શ્રેષ્ઠી શ્રી સાકરલાલ બાલાભાઈ બને છે એથી કલા-રવિ ટ્રસ્ટને ખૂબ જ હર્ષ થાય છે. તેમણે કલાવીથિ (આર્ટ-ગૅલેરી) કરવા રૂ. એક લાખનું દાન આપી આ ટ્રસ્ટના કાર્યમાં અપૂર્વ પહેલ કરી જે ઉત્સાહ અને ઉમંગ દાખવ્યાં છે તેથી આ શહેરની સંસ્કારવૃદ્ધિમાં એમનું નામ ચિરસ્મરણીય બની રહેશે.

આ ભવનમાં ચિત્રવીથિઉપરાંતવ્યાખ્યાન ભવન, ગ્રંથાલય, કલાકારો માટે અતિથિગૃહ, સાધનહીન ચિત્રકારો માટે કાર્યગૃહ (સ્ટૂડિયો) તથા સમાજનાં શૉખ ધરાવતાં નરનારીઓ માટે યથેચ્છ કળાવિષયક પાઠો અને પરિચયોની સહજપ્રાપ્ત ગોઠવણો થશે.

આ ચિત્રાલય સાથે પોતાની આત્મીયતા સ્થાપવાને શ્રી રાવળે પોતાનાં અનેક ચિત્રો, ચિત્રગ્રંથો ને કલાત્મક વસ્તુઓનો સંગ્રહ આપવાનો સંકલ્પ કર્યો છે જે, મકાન તૈયાર થતાં ટ્રસ્ટના કબજામાં આવી જશે. આ કલાકેન્દ્ર જનતા તેમજ શહેરીઓના લાભાર્થે કલાકારોનાં સંપર્કમિલન, કલાચર્ચાઓ ને ચિત્રગ્રંથોના અનુશીલન માટેનું સ્થાયી મદિર બની રહેશે.

આ પ્રકારે દેશના એક કલાકારના સ્મરણ સાથે જોડાએલી આ સંસ્થા કદાચ પ્રથમ હશે

ચોરસવાર જેટલી મૂલ્યવાન જમીનની રાજ્ય સરકારની ભેટ પર રચાનારું ભવન ગુજરાત રાજ્યને માટે પણ એક યશકલગી બની રહેશે. આશા છે કે ગુજરાતના શ્રીમંત ધનાઢ્યો તથા સંસ્કારપ્રેમી નગરજનો આ ભવનનિર્માણની જરૂરિયાતો પૂરી કરવા પોતાની ઉદારતાનો યોગ કરી દ્રવ્યપદાર્થો. સાધનો, પુસ્તકો આદિ જે કાંઈ શકય હોય તેથી તેને સમૃદ્ધ કરીને સંસ્કૃતિની સેવા કરી કૃતાર્થ થશે.

આવા હેતુઓ સારનાર ભવનની કલ્પના (ડિઝાઈન) તૈયાર કરવામાં ગુજરાત રાજ્યના મુખ્ય ઈજનેર શ્રી કાન્તિલાલ કાંટાવાળા, રાજ્યસ્થપતિ ડૉ. વિઠ્ઠલભાઈ મિસ્ત્રી અને અમદાવાદના સુવિખ્યાત સ્થપતિ શ્રી નંદવાણાના સહકારમાં પશ્ચિમની અદ્યતન તાલીમ પામેલા યુવાન આર્કિટેક્ટ શ્રી અરવિંદભાઈ તલાટીનાં ઉત્સાહ ને તત્પરતા અમને અત્યંત સહાયરૂપ બન્યાં છે. ગુજરાતના માનનીય ચીફ જસ્ટિસ શ્રી પ્રફુલ્લભાઈ ભગવતી પણ આ ટ્રસ્ટની પ્રવૃત્તિઓમાં ખૂબ સહાયભૂત રહ્યા છે. શેઠ શ્રી સાકરલાલ બાલાભાઈના નામથી અંકિત ગુજરાતની આ લોકસંચાલિત કલાવીથિના સ્થાપનાદાન માટે ટ્રસ્ટીમંડળ તેઓનું તથા તેમના પુત્રોનું હૃદયથી આભારી છે. વળી આ પ્રસંગનું સ્થાપનામુહૂર્ત શોભાવવા ગુજરાતના નામદાર રાજ્યપાલશ્રી શ્રીમન્નારાયણ પધાર્યા છે તે એક અપૂર્વ યોગ છે, કારણ કે આ કાર્યનો શુભ પ્રારંભ ગુજરાતના ભૂતપૂર્વ રાજ્યપાલશ્રી મેહદી નવાઝજંગના હસ્તે થયો હતો, અને તેનું વાસ્તવિક નિર્માણકાર્ય પણ ગુજરાતના રાજ્યપાલશ્રીના હસ્તે જ થાય છે, જે મોટું સુચિહ્ન છે."

એ પ્રસંગનાં આભારવચનોમાં કહેવાએલું તેમ "ગુજરાતની કલાલક્ષ્મીનાં ઝાંઝર જ્યાંથી રણઝણતાં રહેવાનાં છે એવા આ ભવનના નિર્માણકાર્યમાં આખા ગુજરાતનાં શુભેચ્છાઓનું સિંચન થયું છે. ગુજરાતનું ઘસાતું બોલનારના સંદર્ભમાં એક વખત કવિ નાનાલાલે કહેલું કે 'ગુજરાત તો ગુણજ્ઞ છે. માણસને બે વસ્તુની અપેક્ષા હોય છે : લક્ષ્મીની અને કીર્તિની. દલપતરામને અને નાનાલાલને ગુજરાતે લક્ષ્મી અને કીર્તિ બંને આપ્યાં છે. ગુજરાતને કોઈ નગુણી ન કહેશો.' અને આટલું કહેતાં એ ગદ્‌ગદ્ થઈ ગયા હતા. કલારવિ ટ્રસ્ટે પણ ગુજરાતની એ ગુણજ્ઞતા અનુભવી છે અને આ ભવન પણ એ ગુણજ્ઞતાનું જ પ્રતીક હશે."

ભારતની સ્વતંત્રતાના એકવીસમા વર્ષમાં, વિક્રમ સંવત ૨૦૨૪ના માસ ચૈત્રની તિથિ વદિ તેરશ, તદનુસાર ઈસુના સન ૧૯૬૮ના માસ એપ્રિલની ૨૫મી તારીખ ને ગુરુવારે, કલાગુરુ શ્રી રવિશંકર રાવળના ૭૬મા વર્ષમાં, તેમની કલાસેવાઓની સ્મૃતિમાં રચાએલા 'કલા-રવિ' ટ્રસ્ટ માટે, ગુજરાત રાજ્યની સરકારે ભેટ આપેલી ૭૫૫ ચોરસ વાર જમીન ઉપર, શેઠ સાકરલાલ બાલાભાઈ શોધનના એક લાખ રૂપિયાના આરંભદાનથી નિર્માણ થનારા આ ભવનનો ખાતમુહૂર્તવિધિ ગુજરાતના ત્રીજા રાજ્યપાલ માનનીય શ્રીમન્નારાયણના વરદ હસ્તે સંપન્ન થયો. નિવેદક 'કલા-રવિ' ટ્રસ્ટના અધ્યક્ષ પ્રભુદાસ બાલુભાઈ પટવારી ઍડવોકેટ.

અમદાવાદમાં આરંભાએલા કલાવીથિના પાયામાં સ્થાપનાકુંભ સાથે પૂરવામાં આવેલું તામ્રપત્ર

જયંત સિદ્ધપુરા

આજથી બરાબર ચાર વર્ષ પહેલાં 'કુમાર' (મે-૧૯૬૪, અંક ૪૮૫)માં શ્રી જયંત સિદ્ધપુરાના 'સુખી કુટુંબ' નામે એક પૂર્ણરંગી ચિત્ર સાથે કેટલીક કૃતિઓ પ્રકટ થઈ ત્યારે એમની રેખાવટ ને રંગાવટની તાલીમ સાથે સંયોજનાની સૂઝ તથા ચિત્રનિરૂપણની વિવિધતાભરી એમની શક્તિની ભાવિ પ્રગતિનો નિર્દેશ મળી રહેલો. એ પછીને વર્ષે જ એમણે પોતાનાં ચિત્રોનું પ્રદર્શન યોજ્યું, જે સારો આવકાર પામેલું. ગયા ડિસેમ્બરમાં એમણે ફરી પોતાનાં જુદા જ દૃષ્ટિકોણથી આલેખાએલાં એવાં બીજાં પચ્ચીસ ચિત્રો પ્રદર્શિત કર્યાં, જેને એમણે 'ટૉપ વ્યૂ' નામ આપેલું.

ઊંચા ઝરૂખેથી નીચે નજર નાખતાં જીવનની રોજિંદી હલચલ જે વિશિષ્ટ આકૃતિરૂપે દેખાય છે એ એમણે પોતાનાં આ નવાં ચિત્રોમાં ઉતારી છે; જાણીતી સૃષ્ટિને એક લગભગ અજાણ રહેતા સૌંદર્યને રજૂ કર્યું છે.

આવી પ્રયોગશીલતા એ એમની એક ખાસિયત જ છે. આ બધાં ચિત્રો તો જલરંગમાં કરેલાં છે, પણ આ ઉપરાંત, ચિત્રક્ષેત્રે આજે જાણીતાં એવાં અનેક માધ્યમો પર તેઓ પોતાનો હાથ અજમાવતા રહે છે.

હાલ તેઓ મહારાષ્ટ્ર રાજ્યના ઑડિયો-વિઝ્યુઅલ ખાતામાં વ્યાખ્યાતા તરીકે કામ કરે છે અને પોતાના કલા-વ્યાસંગને વધુ વિકસાવવા ભુલાભાઈ ઇન્સ્ટિટ્યૂટમાં પોતાની સર્જનપ્રવૃત્તિને પણ જારી રાખી રહ્યા છે.

મૂળ ભાવનગર પાસેના સિહોરના વતની. પિતાનો મુંબાઇમાં કૉન્ટ્રેક્ટરનો વ્યવસાય. બચપણથી જ ચીતરવાના શોખને ઘરમાં પ્રોત્સાહન મળતાં મુંબાઈના નૂતન કલામંદિરમાં કલાભ્યાસ કરી ડિપ્લોમા લીધો. એવામાં પિતાનું અવસાન થતાં કૌટુંબિક જવાબદારી અદા કરવા જી. ટી. હાઇસ્કૂલમાં ચિત્રશિક્ષક થયા; સાથે કલાભ્યાસ ચાલુ રાખી ૧૯૫૯માં






જયંત સિદ્ધપુરાનાં 'ટૅાપ-વ્યૂ' ચિત્રો. ડાબી બાજુ મથાળે: 'કાલીય-દમન', નીચે: ફેરફૂદડી.
જમણી બાજુ મથાળે: ફળ વેચનારો, નીચે: મેળામાંથી પાછાં ફરતાં.

ચિત્રશિક્ષણ તેમજ હસ્તકલાનો ડિપ્લોમા લીધો. '૬૧માં ડ્રૉઇંગના ડિપ્લોમા સાથે આર્ટ માસ્ટરની પરીક્ષા પણ પાસ કરી.

ચિત્રશિક્ષક બનવામાં એમને બહુ રસ ન હતો છતાં એ જવાબદારી લીધા પછી એમણે જે શિષ્યો તૈયાર કર્યા એમણે, લંડનની રૉયલ ડ્રૉઇંગ સોસાઍટીના પ્રથમ પુરસ્કાર-'ગૉલ્ડ સ્ટાર'થી માંડી દેશ-વિદેશના બાલચિત્રકારોના પ્રદર્શનમાંથી સોનારૂપાના ચંદ્રકો સાથે ૭૮ જેટલાં પારિતોષિકો મેળવીને એમના શિક્ષણને યશ અપાવ્યો છે.


ચિત્રશિક્ષણની સાથે એમણે વળી અમેરિકન સન્નારી મૅકફ્લૅર્ન પાસે કઠપૂતળીની કળાનો અભ્યાસ કર્યો. વિસ્ઝ્યુઅલ એડ્યુકેશનના ડિપ્લોમા સાથે વડોદરામાં શ્રી બેન્દ્રે ને શ્રી જોગળેકર પ.સે ગ્રાફિક આર્ટ્સની તાલીમ પણ લીધી. 'ઇલસ્ટ્રેટેડ વીકલી', 'ધર્મયુગ' વગેરેમાં એમની કૃતિઓ પ્રકટ થઈ છે.

એમનાં આ 'ટૉપ-વ્યૂ' ચિત્રોમાં, જુદા જ દષ્ટિકોણથી કરેલી રજૂઆતને લીધે એને ગમે તે બાજુથી જોતાં એ સરખાં જ રસપ્રદ લાગવાનું નવીનતાભર્યું આકર્ષણ જરૂરી છે; પણ કેટલીક કૃતિઓમાં એ જાણે એક મર્યાદા પણ બની જતાં અન્યથા સુંદર લાગતાં કેટલાંક પાત્રોમાં કંઈક અંશે વરવાપણું પણ આવી જતું લાગે છે. છતાં એમાં અવનવા આકારોનું સુંદર સંયોજન તો જોવા મળે જ છે, અને એમની આ પ્રયોગશીલતા એમને હજી વધુ આગળ લઈ જવાની આશા પણ આપે છે.

શતરંજ

રાષ્ટ્રીય 'બી' ટૂર્નામેન્ટના ત્રીજા રાઉન્ડમાં પૂનાના શ્રી ફડકે અને મદ્રાસના શ્રી શ્રીધરન્ વચ્ચે રમાએલી રમતમાંથી એક ભાગ આપણે જોઈએ. એમાં સફેદે એક પ્યાદાનો ભોગ આપીને પોતાનાં મહોરાં વધુ સક્રિય બનાવ્યાં છે. સફેદ આ લાભ કઈ રીતે લે છે તે આપણે જોઇએ.

આર. શ્રીધરન્ (મદ્રાસ)



એમ. જી. ફડકે (પૂના)

સફેદે રમવાનું

13 B–N5, P–KB3; 14 B–K3. કાળો 13..., R–K1 થી ઘોડાનું રક્ષણ કરી શકત પણ ઘોડા ઉપરની અણુબોઠ ત્રાસદાયક નીવડે તેમ હોવાથી તે ઊંટને ખસેડે છે. તેમ કરતાં કિલ્લામાંથી એક પ્યાદું ઉપર જતાં રમતમાં નબળાઈ આવે છે. સફેદની ચાલ પછી કાળાને વધુ એક પ્યાદું પણ મળતું લાગે છે.

14..., N×P; 15B–B5! કાળાએ તે પ્યાદું માર્યું પણ તેનો ઘોડો બચે તેમ નથી.

15..., R–B2. અહીં 15..., R–K1; પછી 16 R×R+, Q×R;17Q×Nch રમીને સફેદ જીતી શકે.

16 Q×N, B–Q2; અહીં 16..., Q×Q ન રમી શકાય. કારણ 17 R–K8ch, R–B1; 18R×R mate. 17, R–K7, B–K1. સફેદની 18Q×R+, K–R1;19 Q×NPmateની ધમકીસામે એકજ ઉપાય.

18 Q×Q, R×Q; 19 QR–K1, P–QN3?

હરાતી જતી રમતમાં આ ભૂલને લઇને હાર વધુ જલદી આવે છે.

20 R×Bch, Resign.

કારણ કે 20..., R×R; 21 R×Rch, R–B1; 22 R×R mate અથવા 20..., R–B1; R×Rcb, R×R; 22 B×R, K×B; અને સફેદ પાસે બે પ્યાદાંના બદલામાં હાથી અને ઘોડો વધુ રહે અને તેને જીતવામાં મુશ્કેલી ન રહે. સુરેશ મોદી

સાહિત્યસંપર્ક

ઇતિહાસનું એક નવું દર્શન

The Lost Saraswati (લુપ્તા સરસ્વતી) અંગ્રેજીમાં : લેખક ઈન્દ્રસ—અમૃતલાલ વ. પંડ્યા—પ્ર રજિસ્ટ્રાર, સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભવિદ્યાનગર : ૮।।×૧૧ ઇંચનું કદ, પૃ. ૨૮૬+૨૪=૩૧૦+૪૦ પૃષ્ઠ જેવડો લખાણ સાથેનો મોટો ચાર્ટ; ઉપરાંત ચાર નકશા અને ચાર્ટ તથા ચાર ચિત્રો સાથે, કાચું પૂઠું, કિ. રૂ. ૩૦)

નદી લોકમાતા ગણાઈ છે. એવી આપણી એક લોકમાતા સરસ્વતીએ (પ્રાચીન સરસ્વતી યા ઘગ્ગર-હાકડા—જે હિમાલયથી કચ્છના રણના સાગર સુધી વહેતી અને જેના સુકાયા પછી અનેક નદીઓ સરસ્વતી કહેવાવા લાગી એ લોકમાતા મૂળ સરસ્વતીએ) ભારતીય સંસ્કૃતિના જન્મ ને ઉછેરમાં કેવો સર્વાધિક ફાળો આપ્યો છે તેના ઇતિહાસની રજૂઆતનો લેખકે આ દળદાર સંશોધનગ્રંથમાં પ્રયાસ કર્યો છે. પણ આ ઇતિહાસ રજૂ કરતાં પહેલાં લેખક ઇતિહાસલેખનની જૂની પદ્ધતિઓના વિવેચનમાં ઊતરીને પોતાના આ ઇતિહાસલેખન માટે એક વધુ વ્યાપક આર્થિક-સામાજિક ઇતિહાસલેખનની પદ્ધતિ અપનાવે છે એ આ પુસ્તકની વિશેષતા છે; અને એથી આગળ વધીને પોતે પસંદ કરેલી પદ્ધતિનું ઔચિત્ય સિદ્ધ કરવા ઇતિહાસનું તત્ત્વજ્ઞાન અને તેના વિકાસની ચર્ચામાં ઊતરી આ હેતુ માટે એક નવા તત્ત્વજ્ઞાનની રજૂઆત કરે છે તે આ પુસ્તકની બીજી વિશેષતા છે.

માનવઇતિહાસનો પ્રવાહ મુખ્યત્વે લોહિયાળ કેમ રહેતો આવ્યો છે? તે કુદરતીપણે આવો જ રહેશે, કે તેનું આ લોહિયાળપણું કોઈ અન્ય રૂપની વિકૃતિ છે એની તપાસ હવે પશ્ચિમના દેશોમાં ચાલવા લાગી છે, જેમાંથી 'ઇતિહાસના તત્ત્વજ્ઞાન'નો વિકાસ થયો છે. આ વિકાસનું ઐતિહાસિક વિવેચન રજૂ કરતાં લેખકે, માનવઇતિહાસમાં માનવીની જે ક્રિયાઓ અને પ્રક્રિયાઓ જણાતી આવી છે તેનું વર્ગીકરણ કરી, આધુનિક માનસશાસ્ત્ર પ્રમાણે માનવની જે આંતર્વૃત્તિઓ તેમની પાછળ કામ કરતી આવી છે તેના આધારે, પોતાના તરફથી ઇતિહાસનું એક નવું દર્શન રજૂ કર્યું છે, જે એક મોટા ચિત્ર વડે પણ આ પુસ્તકમાં સમજાવવાનો પ્રયત્ન કર્યો છે.

પ્રત્યેક માનવીમાં એનાં જે બે વ્યક્તિત્વો (બાહ્યમાનવ વ્યક્તિત્વ અથવા શરીર, અને આંતર્માનવ વ્યક્તિત્વ જે માનસિક ક્રિયાઓ વડે વ્યક્ત થાય છે) રહેલાં છે, ને જે પોતાના ભાવિ વિકાસ માટે પરસ્પર સહકાર વડે કાર્ય કરી રહ્યાં છે, તેમના એ હેતુ માટે જોઈતી ચાલકશક્તિની જરૂરત તેઓ કેટલીક વૃત્તિઓ વડે રજૂ કરે છે. શ્વાસોચ્છ્વાસ, તરસ, ભૂખ વગેરેની પૂર્તિ વડે બાહ્ય માનવવ્યક્તિત્વના વિકાસયંત્રની ચાલકશક્તિની જરૂરતો જેવી પૂરી થાય છે કે તુરત આંતર્માનવવ્યક્તિત્વ પોતાના આગે વિકાસની જરૂરતો—પરોપકાર, સમર્પણ, રમતગમત અને ઉત્સવપ્રિયતા, ઊંચે લઈ જનાર રચનાત્મક કળા, સાહિત્ય અને વિજ્ઞાનની સાધના

શબ્દકથા : 'કૅડ' અને તેના વર્ગના શબ્દો

(ચાલુ ગુજરાતી શબ્દપ્રયોગની એક સમસ્યા)

આધુનિક સમાજનો વ્યવહાર સરળતા અને સગવડથી ચાલે તે માટે માન્ય ધોરણ પ્રમાણેની એક વ્યવહારભાષા અનિવાર્ય છે. સાહિત્યકારો, લેખકો, શિક્ષકો, પત્રકારો વગેરે વડે આવી માન્ય ગુજરાતી ઘડાઈ રહી છે, પણ હજી ઘણી કચાશો છે અને ઘણું કરવાનું બાકી છે.

એક ઉદાહરણથી આ વાત સ્પષ્ટ કરું. જોડણીકોશે 'કમર' અર્થ ધરાવતા 'કૅડ' શબ્દનું 'કડ' એવું સ્વરૂપ પણ નોંધ્યું છે. 'કૅડ' એ માન્ય શબ્દસ્વરૂપ લેખે, તો 'કડ' એ કાઠિયાવાડી—એટલે સૌરાષ્ટ્રની કોઈ બોલીમાં વપરાતા સ્વરૂપ તરીકે આપ્યું છે. તે શબ્દ ઉપરથી, કમર સુધીના અમુક વસ્ત્ર માટે 'કૅડિયું' અને 'કડિયું' એવા સાધિત શબ્દનાં સ્વરૂપ આપ્યાં છે.

સંસ્કૃત 'કટિ', પ્રાકૃત 'કડિ', જૂની ગુજરાતી 'કડિ', અને તે ઉપરથી સૌરાષ્ટ્રની કેટલીક બોલીઓમાં 'કડય', તો ચરોતરી વગેરેમાં 'કૅડ' સ્વરૂપ આવ્યું. અને આ પ્રકારના બધા સ્ત્રીલિંગ શબ્દોને આ નિયમ લાગુ પડે છે. એટલે કે સંસ્કૃત, પ્રાકૃત અને જૂની ગુજરાતીના આવા ઇકારાન્ત શબ્દો અર્વાચીન ગુજરાતીની બોલીઓમાં બે (કે કદાચ વધારે) સ્વરૂપમાં મળે છે: એક સ્વરૂપમાં પહેલા અક્ષરના સ્વર તરીકે પહોળો સ્વર 'ઍ' છે ('કૅડ'), જ્યારે બીજા સ્વરૂપમાં સ્વર તરીકે અકાર છે અને અંતે યકાર છે ('કડય').

એટલે માન્ય પ્રયોગ તરીકે આ બંને શબ્દસ્વરૂપ સ્વીકારવાં, કે બેમાંથી એકને જ સ્વીકારવું, અને તો કયું સ્વીકારવું—એ પ્રશ્નનો નિર્ણય કરવો જ પડે. જોડણીકોશે 'કૅડ'ની બાબતમાં 'કૅડ'ને માન્ય સ્વરૂપ ગણ્યું છે (છેડે યકારવાળું સ્વરૂપ આવી બાબતમાં પ્રાદેશિક ગણીને તેનું યકાર વગરનું સ્વરૂપ આપવાનું જોડણીકોશે રાખેલું છે.) પણ પ્રશ્ન માત્ર 'કૅડ' પૂરતો જ નથી. આવા બધા શબ્દોનાં માન્ય સ્વરૂપ બાબત કોઈક સુસંગત ધોરણ અપનાવવું પડે તેમ છે. તો આવા બીજા શબ્દો પરત્વે જોડણીકોશે શો નિર્ણય લીધો છે તે આપણે જોઇએ.

આ પ્રકારના બીજા કેટલાક શબ્દો આ રહ્યા : 'ખૅળ' : 'ખળ'; 'ગૅડ' : 'ગડ'; 'ચૅળ' : 'ચળ'; 'ઝૅણ' : 'ઝણ'; 'ધૅણ' : 'ધણ'; 'નૅળ' : 'નળ'; 'ફૅણ' : 'ફણ'; 'મૅશ' : 'મશ'; 'સૅર' : સર'; ('રૅડ', 'ભૅર' વગેરે બીજા થોડાકનો પણ સમાવેશ કરી શકાય.) આ બધા જ શબ્દો પરત્વે સુસંગત રીતે અમુક પ્રાદેશિક સ્વરૂપ માન્ય સ્વરૂપ તરીકે નથી લેવાયું. તેમ બાકીનું સ્વરૂપ આપવા બાબત કે તેને પ્રાદેશિક સ્વરૂપ તરીકે દર્શાવવા બાબત પણ કશો નિયમ નથી પળાયો. 'ગૅડ' અને 'ગડ', 'સૅર' અને 'સર' બંનેને માન્ય ગણ્યાં છે. તે જ પ્રમાણે 'ધૅણ' અને 'ધણ' બંનેને માન્ય ગણવા ઉપરાંત તે એક જ શબ્દનાં પ્રાદેશિક સ્વરૂપ હોવાનું સ્પષ્ટ નથી થયું. આથી ઊલટું 'ચળ' એ સૌરાષ્ટ્રી સ્વરૂપ માન્ય ગણ્યું છે, જ્યારે 'ચૅળ'ને પ્રાદેશિક. 'મૅશ'ને માન્ય ગણ્યું છે ખરું, પણ 'મશ' અત્યારે જીવંત વપરાશમાં હોવા છતાં તેને કાળગ્રસ્ત કહ્યું છે! અને 'ખળ', 'ઝણ', 'નળ' (સ્ત્રી.), અને 'ફણ'ને તો કોશમાં સ્થાન જ નથી મળ્યું.

સ્પષ્ટ છે કે આ પ્રકારના શબ્દોનાં દ્વિવિધ સ્વરૂપ વચ્ચેનો સંબંધ જ કોશકાર પકડી શક્યા નથી, અને પરિણામે તેમનાં માન્ય તથા પ્રાદેશિક સ્વરૂપ અંગે કશો સુસંગત નિર્ણય લેવાનો પ્રશ્ન જ તેમની સમક્ષ ઉપસ્થિત થયો નથી.

આગળ ચાલતાં હવે તો અનેક કારણે ગુજરાતીના પ્રાદેશિક શબ્દોનો પણ સંગ્રહ થતો જશે, અને તેમાંથી કેટલાક વ્યાપક ભાષામાં સ્થાન પામ્યા વિના રહેશે નહિ. એટલે પ્રાદેશિક શબ્દો વ્યાપકપણે ચલણી બને ત્યારે તેમના કયા સ્વરૂપને માન્ય ગણવું તે સંબંધમાં સ્પષ્ટ અને સુસંગત જાતિનિયમો નક્કી નહિ કરીએ તો વધુ અને વધુ ગૂંચવાડો અને મુશ્કેલીઓ ઊભાં થશે. સવેળા આવી બાબતોનો વિચાર થવો જોઇએ.

હરિવલ્લભ ભાયાણી

મારી માન્યતા

સાહિત્ય તથા જીવનના ઉપાસકોના ઉત્તરો : ખાસ મુલાકાતો દ્વારા મેળવનાર **ચંપકલાલ મહેતા**



શ્રી સુંદરજી બેટાઈ

જન્મ : ૧૦ ઑગસ્ટ, ૧૯૦૫. પ્રવૃત્તિ : અધ્યયન અને અધ્યાપન. મુંબાઈની એસ. એન. ડી. ટી. યુનિવર્સિટીમાં રીડર-ઇન-ગુજરાતી. ગુજરાતી હિન્દુ સ્ત્રીમંડળ-મુંબાઈમાં ભૂતપૂર્વ માનાર્હ આચાર્ય અને હાલ માનાર્હ સલાહકાર. વિવિધ સંસ્થાઓમાં સભ્ય. જ્યોતિરેખા ઇન્દ્રધનુ, વિશેષાંજલિ, સદ્ગત ચન્દ્રશીલાને, તુલસીદાસ, એ એમના કાવ્યગ્રંથો; સુવર્ણ-મેઘ-ગદ્યલેખ સંગ્રહ; વૉલ્ડેન, મહાન થૅરો, રોમહર્ષણી શ્રીમદ્ ભાગવદ્ગીતાનો પદ્યાનુવાદ, એ અનુવાદ.

૧ કહેશો કે કાવ્ય ક્યાં છે?

☐ કિં કાવ્યં કિં અકાવ્યં ચ, કવયો જયત્ર મોહિતા : આવી સ્થિતિ છે ને તેથી જ કાવ્યનાં વિવિધ લક્ષણો પ્રાચીન કાળથી આજ સુધી બંધાતાં આવ્યાં છે. ટૂંકમાં અંતઃકરણ જ્યાં-જ્યાં આનંદચકિત થાય ત્યાંત્યાં જગતમાં કાવ્ય જ છે.

૨ એ આનંદચકિત થવા માટે કવિમાં શું હોવું જરૂરી છે?

☐ પ્રાચીનોની પરિભાષામાં તેને 'શક્તિ' કહે છે. નવુંનવું દર્શન સ્ફુરવાની એ શક્તિ તે 'પ્રતિભા.' એ પ્રતિભાની માવજત માટે અવલોકન, ચિંતન, અભ્યસન વગેરે અત્યંત ઉપકારક બની શકે પણ મૂળમાં પ્રતિભા ન હોય તો અવલોકન ઇત્યાદિ પદાર્થો તે તે પદાર્થો જ રહે, કાવ્ય ન બને.

૩ જિંદગી એટલે?

☐ એ પ્રશ્ન મેં મારી જાતને અનેક વાર પૂછ્યો છે, પણ તેનો ઉત્તર સાંભળવા રોકાયા વગર જે ક્ષણે જે કર્તવ્ય સમજાયું તે ક્ષણે કશી પણ દ્વિધા વિના તે કરી છૂટવાનો પ્રયત્ન કરવા લાગી જવાનું જ ગમ્યું. કદાચ એ જ આ પ્રશ્નનો ઉત્તર છે.

૪ મૃત્યુ વિષેની આપની શી માન્યતા છે?

☐ 'સદ્ગત ચંદ્રશીલાને'માં રજૂ કરી છે એ જ માન્યતા હજી યે છે. મારાં બીજાં કાવ્યોમાં પણ મૃત્યુ વિષેની મારી દૃષ્ટિ પ્રતિબિંબિત થઈ છે. પણ 'આવજે, બંધુ આવજે' નામની મારી કૃતિ તરફ અંગુલિનિર્દેશ કરું તો ખોટું નહિ.

૫ આપના પ્રિય પુસ્તક, લેખક કે કાવ્ય વિષે કહેશો?

☐ કોઈ એક જ પુસ્તક, લેખક કે કવિને મેં મારી પ્રીતિનો સંપૂર્ણ કબજો સોંપ્યો નથી. અનેક પુસ્તકો, અનેક લેખકો, અનેક કવિઓ મને જુદેજુદે વખતે અલગઅલગ દૃષ્ટિએ પ્રીતિકર–કૌતુકકર બન્યા છે. છતાં, વાલ્મીકિ ને વ્યાસ તથા કાલિદાસનું મને વિશેષ આકર્ષણ રહ્યા કરે છે.

૬ વિવેચકમાં શી શી વિશિષ્ટતા હોવી જોઈએ?

☐ પ્રથમ જોઇએ નિર્મળ હૃદય; પછી સૂક્ષ્મ અને વિવેકપૂર્ણ પરિશીલનનો સદા જાગૃત ઉદ્યમ; 'ना मूलं लिख्यते किञ्चित नानपेक्षित मुच्यते' એવી દૃઢ પ્રતિજ્ઞા. સાચો વિવેચક સ્વપાંડિત્યપ્રદર્શન કરવાની પ્રવૃત્તિ ન કરે, પણ પોતાને થએલી સૌંદર્યપ્રાપ્તિને સમવિભાગવાની દૃષ્ટિથી જ પ્રવર્તે.

ઇત્યાદિ ('ધનવૃત્તિઓ')ને લગતી વૃત્તિઓ વડે પ્રસ્તુત કરે છે. આના અનુસંધાનમાં લેખક જણાવે છે કે જો માનવીનો ખોરાક કુદરતી એટલે કે વનસ્પતિઓનો હોય તો તે આ 'ધનવૃત્તિઓ' તરફ વળીને આગળ વિકાસ સાધે છે ને તે જ માનવઇતિહાસનો વાસ્તવિક પ્રવાહ છે. પરંતુ જો માનવ ખોરાક તેના બંધારણની દૃષ્ટિએ અકુદરતી (દા. ત. માંસાહાર) હોય તો તે બાહ્ય માનવવ્યક્તિત્વને ચાલકશક્તિ આપે છે, પણ આંતર્માનવ વ્યક્તિત્વના વિકાસયંત્ર સુધી તે પહોંચી શકતો નહિ હોવાથી આંતર્માનવવ્યક્તિત્વ ભૂખ્યું રહી જાય છે અને તેથી તે ધનવૃત્તિઓથી વિરુદ્ધ એની ઋણવૃત્તિઓ (અનુક્રમે અત્યાચાર, દમન, યુદ્ધપ્રિયતા, હિંસાત્મક ઉત્સવો, પતનોન્મુખી ને સંહારાત્મક કળા સાહિત્ય અને વિજ્ઞાનની સાધના, ઇ.) તરફ વળી જાય છે.

કુદરતની ક્રિયાનો એવો નિયમ છે કે તેમાં આવેલી વિકૃતિઓ કાળે કરીને આપોઆપ નાબૂદ થાય છે. તેને અનુસરીને માનવસમાજ અજાણપણે આપોઆપ તેના કુદરતી એવા વનસ્પત્યાહાર તરફ વળી રહ્યો છે. કુદરતી માનવ-આહાર તરફના આ વળાંકને લેખક ચાર તબક્કાઓમાં વહેંચ્યો છે. પહેલા તબક્કામાં માનવી અજાણપણે જીવ અહિંસા અને જીવ-અશોષણ તરફ વળે છે. ખેતીની શોધ આ તબક્કો પ્રસ્તુત કરે છે. બીજા તબક્કામાં માનવીમાં એ વાતનું ભાન આવે છે કે જીવહિંસા તથા જીવ-શોષણ એ અમાનવીય કૃત્યો છે. આ તબક્કો પ્રથમ ઇજિપ્તના, ને ત્યાર પછી ભારતના ઇતિહાસમાં નજરે પડે છે. ત્રીજા તબક્કામાં માનવી એને લગતા નિયમો ઘડીને તે અમલમાં મૂકવા પ્રયત્ન કરે છે. અને ચોથો તબક્કો કે, જે હવે આવવો જોઇએ, તેમાં માનવી આર્થિક-સામાજિક નિયોજન વડે પદ્ધતિસરરીતે જીવ-અહિંસા તથા જીવ-અશોષણના તબક્કામાં પ્રવેશ કરે છે. એ તબક્કાઓને આ 'જીવશીલ'(Bio-ethics)-ને આધારે નરપશુ, નરાધમ, નર, નરોત્તમ અને નારાયણ એવાં નામો આપે છે. આ દૃષ્ટિએ હાલ આપણે 'નરાધમ' તબક્કામાં છીએ, એમ લેખક જણાવે છે.

આ પ્રમાણે માનવ-ઇતિહાસનો હાલ વહી રહેલો પ્રવાહ કેવો છે તે પોતાના અભ્યાસની દૃષ્ટિએ નક્કી કરીને લેખક જ્યાં આગળ વધે છે ત્યાં ચિત્રમાં સરસ્વતી નદી ઉપસ્થિત થાય છે. ટૉયન્બી વગેરે ઇતિહાસકારોએ જ્યાં અનેક મૌલિક સંસ્કૃતિઓ ગણાવી છે, ત્યાં લેખક માત્ર બે જ મૂળભૂત માનવ સંસ્કૃતિઓ રહી હોવાનું જણાવે છે. પહેલી 'ઇન્ડો-પૅસિફિક', કે જેનો આધાર ચોખાની (કોદાળી દ્વારા) ખેતી પર હતો; ને બીજી 'ઇન્ડો–ઍટલાન્ટિક' કે જેનો પાયો ઘઉં-જવની હળ-ખેતીમાં હતો. બંનેના સંગમપ્રદેશે સરસ્વતી વહેતી હતી. કોદાળી-ખેતીમાં જીવન સ્થિર હોવું નથી. પણ સ્થિર હળ-ખેતીના પ્રદેશમાં શુષ્કીભવન (રણમાં પલટાવા)ની ક્રિયા શરૂ થઈ. પરિણામે આ બંને મહાસંસ્કૃતિઓ આગળ વધતી વધતી સરસ્વતીના તટપ્રદેશે અનેક તબક્કાઓમાં એકબીજામાં સમાઈ અને તેમના સમન્વયમાંથી જે ત્રીજી મહાસંસ્કૃતિ વિકાસ પામી તે જ ભારતીય સંસ્કૃતિ થઈ.

આર્થિક–સામાજિક ઇતિહાસમાં ગ્રામોના તબક્કા પછી નગરસંસ્કૃતિ, ને પછી સામ્રા-

સ્પવાદ વિકાસ પામ્યો છે. લેખક નવી વાત એ રજૂ કરે છે કે બેબિલોનિયા તથા ઇજિપ્તમાં મળી આવેલા શિલાલેખો અને પ્રાચીન સાહિત્યને આધારે ત્યાં ઈ. પૂ. બીજી સહસ્રાબ્દીમાં ભારતીય આર્યોએ સામ્રાજ્ય સ્થાપ્યું હતું અને દક્ષિણ ભારતના દ્રવિડોએ આર્યેતર નગરસંસ્કૃતિનો પ્રસાર અગ્નિએશિયા તથા અમુક અંશે અમેરિકામાં કર્યો હતો એમ પુરાતત્ત્વની છેલ્લી શોધો બતાવે છે. લેખકના કથન પ્રમાણે આર્યો ભારતમાં ચાર તબક્કે આવીને વસ્યા છે. સરસ્વતીપ્રદેશમાં વારેવારે થતા આબોહવાના ફેરફારોએ તેમના ઇતિહાસ પર ભારે અસર કરી છે. લેખકના ઇતિહાસ-તત્ત્વદર્શનની રોજનીશીમાં પ્રાચીન ભારતના આર્થિક-સામાજિક ઇતિહાસની રૂપરેખા લોકભોગ્ય રીતે પ્રસ્તાવના'માં રજૂ કરી છે. આભીરો, શકો, હૂણો વગેરેના ભારત-પ્રદેશની સાથે આ ઇતિહાસ પૂરો થાય છે.

આ પછી પણ પોતાના માનવ ઇતિહાસના તત્ત્વદર્શન સાથે લેખક આગળ વધે છે ને ૪૦ પાનાંના માપના એક કોઠામાં, માનવ-સમાજના નરાધમ કાળના આર્થિક-સામાજિક-સાંસ્કૃતિક વિકાસના ઈ. પૂ. ૪૫,૦૦૦-થી માંડી ઈની ૨૦મી સદીના મધ્યકાળ સુધીના ૨૦ તબક્કાઓ રજૂ કરે છે, ને હાલ પ્રવર્તી રહેલી અધોગતિ વિષે કહે છે કે આ નરાધમ કાળમાં માનવ-વ્યક્તિ પોતાના આત્મવિકાસ વડે પોતાને ઊંચે લઈ જઈ શકતો નહિ હોવાથી, તક મળતાં તે જીવહિંસા અને જીવશોષણના માર્ગો વડે બીજાઓને નીચે ઉતારી પોતે ઊંચે રહેવાનો પ્રયત્ન કરે છે, અને આ પરિસ્થિતિને કારણે પ્રજાતંત્ર નિષ્ફળ નીવડી રહ્યું છે ને માનવજાત વિનાશને આરે આવી પહોંચી છે. આમાંથી ઊગરવા માટે લેખક ૨૧મા તબક્કા વડે અહિંસાત્મક ધોરણની નવી આર્થિક-સામાજિક-સાંસ્કૃતિક રચનાની એક રૂપરેખા રજૂ કરે છે ને એક નવી શિક્ષણપદ્ધતિની ભલામણ કરે છે.

વિપરીત સંજોગોમાં, બીજી જવાબદારીઓની વચ્ચે, એકલા હાથે ને કષ્ટકારક મંદવાદની પરિસ્થિતિમાં, નક્કી થએલા ટૂંકા ગાળામાં, લખતાંની સાથે છપાતો જાય તે રીતે આ ગ્રંથ તૈયાર કરવાની સ્થિતિ લેખકને સાંપડી હોવાથી એમાં ક્ષતિઓ રહી હોવાની કબૂલાત સાથે, ને તટસ્થ વિવેચનોના પ્રકાશમાં તેના વિષયમાં સુધારા કરતા જવાનું સ્વીકારીને લેખક વિરમે છે.

આ રીતે, પચ્ચીસેક વર્ષ પહેલાં 'કુમાર'-માં 'ભૂતકાળની શોધ'નો આરંભ કરનાર આ લેખક વચ્ચેના ગાળામાં પોતાનો માનવજાતને લગતો અભ્યાસ આગળ વધારતા જઈને ઇતિહાસના પ્રકાશમાં 'લુપ્તા સરસ્વતી' વડે હવે 'ભવિષ્યકાળની શોધ' તરફ વળતા જણાય છે. લેખકે પહેલે જ પાને જણાવ્યું છે કે 'જે ભવિષ્યનિર્માણ માટે માર્ગદર્શન ન આપી શકે તે ઇતિહાસ ઇતિહાસ નથી.'

આ અંકમાં જેમનું ચરિત્ર આપ્યું છે તે જગવિખ્યાત સીરિયન લેખક

ખલિલ જિબ્રાનની કૃતિઓ

(એ કૃતિઓના ગુજરાતી અનુવાદો તથા મળી શકયા તેટલાના અનુવાદકોના નિર્દેશ સાથે)

૧) The Mad Man — 'પાગલ' : ગોકળદાસ પટેલ; ૨) Twenty Drawings — 'વીસ ચિત્રો'; ૩) The Forerunner — 'અગ્રદૂત' : નવનીત મદ્રાસી; ૪) The Prophet — 'વિદાય વેળાએ' : કિ. ધ. મશરૂવાળા; ૫) Sand and foam — 'રેતી અને સમુદ્રફીણ'; ૬) Jesus, the Son of Man — 'માનવપુત્ર ઈસુ'; ૭) The Earth Gods — 'માટીના દેવ'; ૮) The Wanderer — 'રખડતા રામ' : નવનીત મદ્રાસી; 'પલાશ'; 'પ્રવાસી'; ૯) The Garden of the Prophet; ૧૦) Prose Poems; ૧૧) Nymphs of the valley ૧૨) Spirits Rebellious — 'વિદ્રોહી આત્મા' : શિવમ્ સુન્દરમ્; ૧૩) A Tear and a Smile — 'રુદન અને હાસ્ય'; ૧૪) The Broken Wings — 'તૂટેલી પાંખો' (નવલકથા); ૧૫) The Voice of the Master; ૧૬) A Self Portrait; ૧૭) Thougots and Meditations; ૧૮) Spiritual Sayings; ૧૯) Secret of the Heart. ૨૦) The Tempest — 'વાવાઝોડાં'; ૨૧) The Processions — 'સરઘસો';

ઉપરાંત, 'ધૂમકેતુ' કૃત 'જિબ્રાનની જીવનવાટિકા'; 'જિબ્રાનનું જીવનસ્વપ્ન'; 'જિબ્રાનની વાણી'. અને અન્ય અનુવાદો : 'કબરોનો વિલાપ' : ચાંદસુત; 'અંતરની આગ' : હિંમતલાલ પટેલ; 'પ્રકૃતિનાં સંતાન' : શિવમ્ સુન્દરમ્; 'જિબ્રાનનો નાદ' : નવનીત મદ્રાસી અને બીજાઓ.

(સંકલન : જગદીશ પરીખ)

"માણસ પ્રામાણિકતા અને પરિશ્રમ વડે સાહિત્ય જેવા અવિકસિત વ્યવસાયમાંથી



પણ કેવો વેપાર ને પ્રતિષ્ઠા જમાવી શકે છે તે જીવી બતાવનાર", અમદાવાદની 'ગૂર્જર-ગ્રંથરત્ન કાર્યાલય' નામની પ્રકાશન પેઢીનામાલિકત્રણ ભાઇ આ પૈકી મોટા શ્રી શંભુલાલ જગશીભાઈનું પણ ગયા માસ (એપ્રિલ)ની ૨૨મીએ અવસાન થયું.

"કચ્છના નાના રણની કાંધીએ આવેલા ફતેહગઢ જેવા ગામડામાં આજથી ૬૫ વર્ષ પર જન્મેલા શંભુભાઈ પ્રાથમિક શિક્ષણ પામીને મ્હેસાણાની જૈન પાઠશાળામાં ધાર્મિક અભ્યાસ લેવા આવેલા. એને પરિણામે સંસારથી વિરક્ત થઈ દીક્ષા લેવાની ભાવના મનમાં સેવવા માંડી. ધાર્મિક વૃત્તિ, શાંત સ્વભાવ, નિર્મળ બુદ્ધિ અને ઉચ્ચ સંસ્કારની ભાવનાવાળા શંભુભાઈએ અમદાવાદમાં પ્રજ્ઞાચક્ષુ પ્રકાંડ પંડિત સુખલાલજીની સેવામાં મન પરોવ્યું. પંડિતજીના સહવાસથી તે ગાંધીજીના અનુયાયી ખાદીભક્ત બન્યા" અને ખાદી સાથે 'રાષ્ટ્રગીતો' જેવાં સત્ત્વશીલ અને પ્રેરક સાહિત્યની થેલીઓ ખભે લઈ અમદાવાદની પોળ શેરીઓમાં ફેરી મારવાથી શરૂઆત કરીને પોતાના બે ભાઈ (છગનલાલ અને ગોવિંદલાલ) સાથે નાની પ્રકાશનહાટડીથી નમ્ર શરૂઆત કરી.

"વેપારમાં પડવા છતાં વેપારી ખટપટના અભાવવાળા શંભુભાઈએ, પોતાના સરળ સ્વભાવ અને સાત્ત્વિક વૃત્તિને લીધે અનેક જૂના-નવા વિદ્વાનો-લેખકોની પ્રીતિ મેળવતા જઈને જે ધૃતિ, ખંત, સૂઝ અને પરિશ્રમ સીંચી એક પ્રતિષ્ઠિત પ્રકાશન-પેઢી જમાવી, એ ઉમદા જીવનનું એક પ્રેરક દૃષ્ટાંત છે એ ત્રણ ભાઈઓ પૈકી એક છગનલાલ ધંધાની શરૂઆતમાં જ વિદેહ થએલા, બીજા બંધુ ગોવિંદલાલ ગયે વર્ષે ગત થયા અને શંભુભાઈએ પણ એ આઘાત પછી જીવનલીલા સંકેલી લીધી." જીવનને ઉજમાળું કરી જનાર એવા એના આત્માને તો શાંતિ જ હોય.

('સંદેશ' ને 'સ્ત્રીજીવન'માંના ઉલ્લેખો પરથી)

ટિકિટસંગ્રહ



પ્રવર્ડ હેલ્થ અંગે નઝેરાનના વીસમી જયંતી નિમિત્તે સીલોને બહાર પાડેલી ખાસ ટપાલ ટિકિટ (પ્રેષક: પી એન. વર્મા · અમદાવાદ.)



ગયે ફેબ્રુઅરીમાં પાપુઆ અને ન્યૂ ગીનીએ પોતાના રાષ્ટ્રીય વારસાને ચિત્રિત કરતી બહાર પાડેલી ચાર ટિકિટોમાંની આ એક પર ત્યાંના એક શિરશોભનનું આલેખન છે.



ઘાનાની આ એક ટિકિટ પર છેલ્લે ત્યાંના પ્રજાએ હકુમાની સરમુખત્યારી ફગાવી દીધી તે પ્રસંગનું આલેખન છે.



દ. અમેરિકાના ઉત્તરે આવેલા ગુયાનાની આ ટિકિટ પર ત્યાંની એક માંસાહારી માછલીનું ચિત્ર છે. તક મળે તો એ થોડી મિનિટોમાં જ આખા માણસને સફાચટ કરી જાય એવી છે.

‘કુમાર’ના ગ્રાહક થનાર
અને બનાવનાર

બંનેને લાભ

શ્રીમદ્ ભગવદ્‌ગીતા
પ્રેમભક્તિ ભજનાવલિ
રાજ્યસૂત્રોની કાવ્યત્રિપુટી

સાત્ત્વિક સાહિત્યના પ્રચાર માટે જાણીતા સજ્જન શ્રી ઓચ્છવલાલ ગો. શાહ તરફથી કવિશ્રી નાનાલાલનાં ઉપર્યુક્ત ત્રણે પુસ્તકો

‘કુમાર’ના જે ગ્રાહક એક નવા ગ્રાહક નોંધાવશે તેમને તેમજ નવા ગ્રાહક થનારને બંનેને ભેટ મળશે.

જે પુસ્તક ઘણાં વરસથી
અપ્રાપ્ય હતું તેની ગણતરીની
નકલો જ હાથ લાગી છે

રામસિંહજી રાઠોડ કૃત

કચ્છનું સંસ્કૃતિદર્શન

રજિ. પોસ્ટેજ સાથે રૂ. ૨૦

કુમાર કાર્યાલય લિમિ.

૧૪૫૪ રાયપુર · અમદાવાદ

વિરલ તક

આજ સુધી અપ્રાપ્ય રહેલી ‘કુમાર’ના છેક પહેલા વર્ષથી પણ, અલબત્ત, ઘણીખરી તૂટક તેમજ છૂટકછૂટક માત્ર પાંચસાત ફાઇલો ઘણા ખાંખાખોળા પછી તૈયાર થઈ શકી છે. રસ હોય તેમણે વિગત તથા કિંમત માટે પુછાવવું.

‘કુમાર’ની જૂની ફાઇલો તથા અંકો સસ્તી કિંમતે

ઈ. ૧૯૫૪ની પૂરી ફાઈલના રૂ. ૧૨ અને ૧૦ અંકની અધૂરી ફાઈલના રૂ. ૯
ઈ. ૧૯૫૬ની „ „ રૂ. ૬ અને ૧૦ અંકની „ „ રૂ. ૪
ઈ. ૧૯૫૭ની „ „ રૂ. ૬ અને ૧૦ અંકની „ „ રૂ. ૪
ઈ. ૧૯૫૮ની ૧૦ અંકની અધૂરી ફાઈલના રૂ. ૪

પોસ્ટેજ રજિસ્ટ્રેશન સાથે દરેક ફાઈલના રૂ. ૧–૫૦ ઉમેરીને નાણાં મનીઑર્ડરથી મોકલવાં

નીચે આપેલા નંબરોનો દરેક અંક પંદર પૈસે

૩૦૩, ૩૦૪, ૩૦૫, ૩૧૫, ૩૧૬, ૩૨૯, ૩૩૧, ૩૩૫, ૩૩૬, ૩૩૮, ૩૩૯, ૩૪૦, ૩૪૨, ૩૪૭, ૩૪૮, ૩૪૯, ૩૫૦, ૩૫૧, ૩૫૨, ૩૫૩, ૩૫૪, ૩૫૫, ૩૫૯, ૩૬૧, ૩૬૨, ૩૬૯, ૩૭૧, ૩૭૨, ૩૭૪, ૩૭૮, ૩૮૨, ૩૮૪, ૩૮૫, ૩૮૬, ૩૮૭, ૩૮૯, ૩૯૦, ૩૯૧, ૩૯૬, ૩૯૭, ૩૯૮, ૪૦૧, ૪૦૨, ૪૦૩, ૪૦૪, ૪૦૫, ૪૦૬, ૪૦૭, ૪૦૮, ૪૦૯, ૪૧૦, ૪૧૧, ૪૧૨, ૪૧૩, ૪૧૪, ૪૧૫, ૪૧૭, ૪૨૦, ૪૨૧, ૪૨૨, ૪૨૩, ૪૨૪, ૪૨૬, ૪૩૦, ૪૩૩, ૪૩૪, ૪૩૫, ૪૩૬, ૪૩૭, ૪૩૮, ૪૩૯, ૪૪૦, ૪૪૧, ૪૪૩, ૪૪૪, ૪૪૫, ૪૪૭, ૪૪૮, ૪૪૯, ૪૫૦, ૪૫૧, ૪૫૩, ૪૫૬, ૪૬૧, ૪૬૩, ૪૬૬, ૪૬૭, ૪૬૮, ૪૬૯, ૪૭૦, ૪૭૨, ૪૭૪, ૩૭૫, ૪૭૬, ૪૭૭, ૪૮૦, ૪૮૨, ૪૮૩, ૪૮૪, ૪૮૫, ૪૮૭, ૪૮૯, ૪૯૦, ૪૯૧, ૪૯૨, ૪૯૩, ૪૯૭, ૪૯૮, ૪૯૯, ૫૦૧, ૫૦૨, ૫૦૩, ૫૦૪, ૫૦૫, ૫૦૬, ૫૦૭, ૫૦૮, ૫૦૯, ૫૧૦, ૫૧૧, ૫૧૨, ૫૧૬, ૫૧૭, ૫૧૮, ૫૧૯, ૫૨૦, ૫૨૧, ૫૨૨, ૫૨૩, ૫૨૪, ૫૨૭.

બધા અંકોની સંખ્યા એકસરખી સિલિકે નથી, અને પોસ્ટેજના નવા દર હજી જાહેર થયા નથી; માટે કોઇએ પૈસા ન મોકલતાં જરૂરી અંક નંબર જ લખી જણાવવા. ઑર્ડર મળ્યે જે અંકો સિલિકે હશે તે વી. પી.થી મોકલાશે. અનુકૂળતા હોય તે રૂબરૂ મેળવી શકશે. વહેલા તે પહેલા.

શ્રી ચન્દ્રવદન મહેતાની અંતર-ગઠરી · ૫

દ્રાવા તણા રમ્ય તટે દ્રવંતાં

બરાબર ગાડી ઊપડવાને વખતે જ પ્લૅટફૉર્મ પર દાખલ થયો, છતાં બેસવાની સારી જગ્યા મળી ગઈ. હજી દસવીસ દિવસ પહેલાં તો ક્યૂ, મોંમાગ્યા પૈસા આપતાં યે 'ટિકિટ નથી' મળે તો રિઝર્વેશનના લોચા; આ બારીએથી પેલી બારીએ દોડો; ફરી ક્યૂમાં રહો; સામેનાએ નંબર ટાંકવામાં કે તારીખવાર નાખવામાં ભૂલ કરી ને એ ન તપાસ્યું. અને છેલ્લે દિવસે રખડી પડયા તો પૈસા ગુમાવવાની જોખમદારી આપણે શિર; એવો વહીવટ આ બાજુ નથી એટલું સારું છે.

એકાદ બે ઝોકાં ખાધાં ન ખાધાં ત્યાં તો ગાડીના વાંક-વળામણા શરૂ થયા. ઑસ્ટ્રિયાના ભૂખરા આલ્પ્સ ઓળંગવાની ક્રિયા શરૂ થઈ ગઈ. પહાડો કોતરી એની ગોદમાંથી કે એના ખભા કુદાવતી, ઢાળઢલાણોને પોતાને પૈડે રમાડતી આગ કે વીજળીની બકરકુદીએ ચાલતી ટ્રેઇનો જોવામાં જે લહાવો છે એનો આનંદ તો અનુભવી જ કલ્પી શકે. ગિરિમાળ ઓળંગી નમતે પહોરે ગાડી યુગોસ્લાવિયાની હદમાં પ્રવેશી. ચાલતી ટ્રેઇને જ આફિસરોએ પાસપોર્ટ તપાસી સિક્કા મારી આપ્યા, અને એ પતી જતાં તો મારીબોર સ્ટેશનના યાર્ડમાં પેસી ચૂક્યા. બારીમાંથી જ એકીસગાથે ઊભેલી નટમંડળી જોઈ. હાથ ઊંચો કર્યો. ગાડી ઊભી રહેતાં એમને મોખરે રહેલા નેતાજી ફ્રેલિહે ધસી આવી ગાઢ દોસ્તીની બાથ ભીડી. નટમંડળી તરફ જોઈ હું મલકી રહ્યો હતો. પણ આંખ પોતાના પ્રીતિપાત્રને શોધવા તરફડી રહી હતી. ત્યાં હૈયે હોઠ પર પલાણી ઉચ્ચારાવ્યું: 'એડા ક્યાં છે, મજામાં તો છે ને?' કોણ જાણે કેમ કરી ક્યાં સંતાઈ ગએલી! ફ્રેલિહે પોતાના ભાંગ્યાતૂટયા અંગ્રેજીમાં કહ્યું: 'એ હમેશાં તમારી પાછળ જ વહે છે.' 'ના, હું હમેશાં તમારી પડખે જ છું' એમ કહી પાછળથી આગળ આવી સો વતી ત્યાંના ફૂલોના હાર ગળામાં સેરવી દીધો, અને ગાલ ઉપર નાનકડું ચુંમને ટપકોરી દીધું. સુંદર નારી, બધુ સુંદર; પણ ગઈ વખત કહેતો ગયો હતો તેમ હજી જરા મેદ ઓછો કરે તો કેટલી નાજુક લાગે! ફ્રેલિહની વહુ યાન્યાએ એની રીતે સ્વાગત કર્યું અને અમારો રસાલો સ્ટેશન બહાર નીકળ્યો.

મારીબોર વિષે આપણે બહુ વિગતોમાં નહિ ઊતરીએ, કારણ એની ભૂગોળ અને એના દિમાગ વિષે અગાઉ ઈશારો કરી ગયા છીએ.



એડા અને શ્રી ચન્દ્રવદન મહેતા

નાનકડું ગામ, વચ્ચે દ્રાવા નદી, આસપાસ બરફઢાંક્યા પહાડો, લાખથી યે ઓછી વસતિ છતાં ત્યાં ટાઉનહૉલ અને પોસ્ટઑફિસની વચ્ચે જૂની પણ સગવડવાળી નાટકશાળા. એ મહોલ્લાને આ નાકે નાટકશાળા તો બાર ઘર છોડી બીજે છેડે ફ્રેલિહનું ઘર. ગામડા ગામના લોક ભોળા, સદ્ભાવથી ભરપૂર, બનાવટી રીતભાતથી અલિપ્ત.

દીવાનખાનામાં હજી બેઠાં નથી, ત્યાં તો હિંદમાં આપણા મુંબાઈના લલ્લુ શાહ અને એની વહુ ચન્દ્રિકા શાહે ફ્રેલિહની મહેમાનગીરી કરેલી, ને નાટકો બતાવેલાં એટલે એમની દસબાર સવાલોમાં ખબર પૂછી નાખી. જુઓને, કોનો લાભ કોને મળે છે! લલ્લુભાઈ કે ચન્દ્રિકા તો મારીબોર આવતાં આવશે, હું તો આ બીજી વાર હાજર. પડોશીને ત્યાં મહેમાન આવ્યા છે, એટલે દીવાનખાનામાં પડોશી કે પિછાનવાળા દસ વીસ મિનિટ આવી, બેસી, હસી, હળીમળી ગયાં. રીતસરની અપાૅઈન્ટમેન્ટ તો લંડન મુંબાઈ જેવાં શહેરમાં, અહીં તો ભલે પધાર્યા, ઘર તમારું છે. ત્યાં હોટેલ નથી એમ નહિ. દ્રાવાને કાંઠે બારપંદર મજલાની નવી બાંધણીની સુંદર હોટેલો છે. ઘણી મોટી, તેમ નાની પણ ખરી. પણ ફ્રેલિહ અને યાન્યા ત્યાં મને જવા શાનાં દે?

ચારે દિશામાં જતી બસોનું થાણું ચોકમાં. ચોક મોટો ચોખડો; ત્યાં થોડાં સારાં રેસ્ટોરાં. નિકટમાં પણ જરા ગલીમાં અંદર એક 'મ ફિશ' નામનું રેસ્ટોરાં. ચોકમાં પગથાર પર ચાલતાં ક્યાંક નીચી નજર કરો તો એકએ ઠેકાણે ભોંય પર છાપેલી કોતરેલી ચીતરેલી માછલીઓની હારમાળા દેખાય. એની લગાતાર ચાલ્યા જશો તો ગલીમાં 'મ ફિશ'ના બારણા સામે દોરવીને એ લઈ જશે! જરા ખૂણામાં ખરું, પણ સારું રેસ્ટોરાં. જાતજાતની માછલીઓ ભાતભાતના રીતે રાંધેલી ત્યાં મળે. બીજું પણ ઘણુ સારું ખાવાનું મળે. ઘણી વાર ત્યાં અમે જમવા જતાં. હું એકલો પણ ત્યાં જતો. વળી, આગળ ચાલતાં બીજું, પણ એક ઘણું શાંત રેસ્ટોરાં. ઘરમાં ન જમવાનું હોય તો અમે ત્યાં જઈ ચડીએ. નદીને કાંઠે તો બેસવાની, ખાવાપીવાની ભરીભરી સગવડો. અને એકાદી બસ લઈને જરા દૂર નીકળી જઈએ તો કિનારેકિનારે એને વળગીને જતો સ્વચ્છ રસ્તો અણધારેલા ને એક પછી એક સુંદર સ્થળે ઉતારતો ચાલતો થાય. બસમાં નહિ પણ એડાની નાનકડી ગાડીમાં ગઈ વખત અમે બહુ ફરેલાં, એથી મને એ બરાબર યાદ.

બીજે દિવસે નાટક નહોતું, ઓપેરા ભજવાવાની–ગવાવાની હતી; એથી ફ્રેલિહ કામમાં, અને એડા છૂટી. એટલે એ મને બપોર પછી પોતાની ગાડીમાં ક્યાંક લઈ જવા આવી અને અમે બને ઊપડ્યાં.

'તારી નાનકી ક્યાં છે?' 'દાદીમાની પાસે મૂકીને આવી છું.'

'આખી સાંજ એ તારા વિના રહેશે?'

'હું નાટકો ને રીહર્સલોમાં કલાકો જાઉં છું, ત્યારે રહે જ છે ને?'

'પછી આખરે એનું શું નામ નક્કી કર્યું?'

'દ્રાવા.' 'દ્રાવા!?'


'કેમ તમારે ત્યાં નદીઓનાં નામ પરથી કન્યાનાં નામ નથી પાડતા?'

'ઘણાં, ઢગલાબંધ. તમારે ત્યાં પણ એવો રિવાજ છે ત્યારે.'

'હાસ્તો, છે જ. અને નહિ હોય તો પાડીશું. ગઈ વખત તમે લલિતા નામ માટે એવું જ કંઈ કહ્યું હતું: નદી ઉપરથી કે...કે...'

'લલિતા?'

'ખરું કહીએ તો લલિતાદેવી: અંમે બધાં ગ્રામરેબ થઈ બેઓગ્રેડ-



મારીબોરનો ચોક

બેલગ્રેડ ગયાં હતાં, ત્યાં એક સરસ સમારંભ હતો અને તમારા વડા પ્રધાનનાં વહુ લલિતાદેવી ત્યાં આવ્યાં હતાં, અને…'

'હા, મને યાદ આવ્યું. અમારા કૃષ્ણ ભગવાન સાથે સંકળાએલી વ્યક્તિનું એ નામ. લલિતા એક ગોપી હતી, કૃષ્ણની સન્મિત્ર. પણ બ્રેડા, એ સાથે તેં મને લલિતાદેવીની એક સરસ વાત કહી, હતી ચાંલ્લા વિષે કે એમ, તે યાદ નથી આવતી તને યાદ છે?'

'બરાબર; ફરી વાર કહું. તમારા દેશની કેટલીક સુંદર અને ભાગ્યવાન સન્નારીઓના સંસ્કારની વાતો કરતાં હું કદી થાકતી જ નથી. બેલગ્રેડનો એ પ્રસંગ. ફ્રેલિહ, હું અને અમારી નટમંડળીમાંથી થોડાં એ જલસામાં હાજર હતાં. તમારા વડા પ્રધાન પણ હાજર હતા. ત્યાં મેં લલિતાદેવીને જોયાં અમે મળ્યાં, ત્યારે એના કપાળ ઉપરનું લાલ ચિહ્ન, હાથે બંગડીઓ, ગળામાં…' 'મંગળસૂત્ર!'

'મંગળસૂત્ર, વગેરે વિષે મેં બધું તમને પૂછ્યું હતું, અને તમે મને એની સમજણ આપી હતી, ત્યારે એક ઘટના વિષે મેં તમને વાત કરી હતી. અને એ એક નાનકડા વર્તન ઉપર હું આફરીન, દિગ્મૂઢ, અવાક્ થઈ ગઈ હતી. અમે સૌ ત્યાં એકઠી થએલી સ્ત્રીઓ—નટી, ચિત્રકાર, ગીતગાનારી, કવયિત્રીઓ બધી મળી લલિતાદેવીને અમારી વચમાં ખેંચી લાવ્યાં અને એક અલાયદો સ્ત્રીઓ સાથે ફોટો પડાવવા એમને વિનતિ કરી. એમની સાથેવાળી તમારી અમ્બૅસીની સહિયારીએ એમને એમની ભાષામાં સમજાવ્યું. એમણે સાંભળી પળભર વિચાર કરી, તમારા વડા પ્રધાન બેઠા હતા તે તરફ જોયું ફક્ત જોયું જ. કોણ જાણે શું થયું. નથી બેમાંથી કોઈ બોલ્યું કે ન તો કશી ઇશારત થઈ. ઝપાટાબંધ જાણે દોડતાં હોય એમ લલિતાદેવી એમની સમક્ષ ગયાં. બહુ ધીમેથી, એમના કાનમાં કંઈ બોલ્યાં, અને અમે વડા પ્રધાનનું ડોકું સહેજ હાલતું જ જોયું. એ તરત પાછાં ફર્યા અને અમારી ટોળીમાં સજ્જ થઈને બેઠાં, ફોટો પડચો બધું પત્યા પછી મારા જેવી બેત્રણ બાઈઓને મનમાં ચળવિકળ કે એ ત્યાં શું પૂછવા દોડી ગયાં હશે? અંતે એમ્બૅસીની બાઈ પાસેથી અમે વાત કઢાવી: એમ કે એ પોતાના પતિ પાસે રજા લેવા ગયાં હતાં. સામે જોયું એમાં શાસ્ત્રીજીએ એમનું મન કળી પાસે આવવા મૂગામૂગા સૂચવ્યું અને લલિતાદેવીએ પૂછ્યું, 'આ બધી બહેનો ફોટો ખિચાવવા કહે છે. ખિચવા દઉં?' અને એમણે ડોકું હલાવી જરા મલકીને હા પાડી ફ્રેલિહને પણ આ વાતની ખબર છે, ઘણાં જણ આ હકીકત જાણે છે. કારણ ત્યાર બાદ આ પ્રસંગ અમારા અહીંના છાપામાં છૂટથી આલેખાયો હતો.'

'હા, મને હવે યાદ આવ્યો.'

'અને તમે એ વિષે ક્યાંક લખશો એવું પણ મને કહ્યું હતું. લખ્યું?'

'ના હવે લખીશ; કારણ ત્યાર બાદ તું જેને ભાગ્યવાળી બાઈ કહે છે, એ બાઈનું એકાએક સૌભાગ્ય નંદવાઈ ગયું. હવે એમને કપાળે ભારતની સંસ્કૃતિના પ્રતીક સમો એ ચાંલ્લો નથી રહ્યો.'

અમે થોડી વાર મૂગાં રહ્યાં, ને એટલામાં પ્રવાસનો અંત આવ્યો. રસ્તાને એક ખૂણે ગાડી કરી, બારણું ઉઘાડતાં પહેલાં એ મારા તરફ ફરી અને જોઈ રહી પછી ધીમેથી મારો હાથ પકડી બોલી; 'માફ કરજો. મેં તમને શોકમાં ડૂબાડચા. પ્રસંગ અભિનવ હતો, મારે મન મનોરમ હતો હજી ચિત્રવત્ નજર સંમુખ આલેખાએલો છે. ભારતની નારીની સંસ્કારિતાની એટલી ઊંડી અને ચિરકાલીન છાપ મને બીજી કોઈ રીતે પડત નહિ—વાતોથી, પુસ્તકો વાંચ્યેથી, ફિલ્મ કે નાટકો જોયેથી પણ નહિ. આ તો તમારી સંસ્કૃતિ મૂર્તિમંત એ અનન્ય ક્ષણોમાં અવતરી અમારી સમક્ષ જીવી ગઈ હતી. અમે અમારી જાતને ધન્ય માનીએ છીએ કે એ અમારા દેશમાં તે ક્ષણે અવતરી હતી.'

દસપંદર પળો અમે દૂર નજર કરતાં મૂગાંમૂગાં બેસી રહ્યાં. આંખ સામે તો ઘણુંઘણું હતું, પણ અમે જાણે અવકાશમાં જોતાં હતાં. મારું મન વાંચતી હોય એમ બ્રેડા બોલી: 'એમ અવકાશમાં શું જુઓ છો?' એણે 'બ્લૅંક' શબ્દ વાપર્યો હતો. મેં કહ્યું: 'હું બ્લૅંકમાં જોતો નથી, હું જ બ્લૅંક છું.' તો એ મારી તરફ ફરી બોલી; 'ના, જરા ધ્યાન દઈને સાંભળો. વારંવાર હું એકની એક વાત લવતી નથી. લિસન! તમે બ્લૅંક નથી. તમારા જીવનમાં હું છું. મારી સામે જુઓ. તમારા જીવનમાં ઘણું ઘણું હશે. એમાંથી એક આ બ્રેડા સમજજો તમે ગઈ વખત આવ્યા ત્યારે મને હચમચાવીને ચાલ્યા ગયા હતા. યાદ છે? મારાથી નહિ રહેવાયું ત્યારે ટ્રેઈન ઊપડચા બાદ હું તમારા ડબ્બા ઉપર ચડી, પળભર તમને ભેટીને નીચે ઊતરી પડી હતી. પછી મેં તમારી સામે જોયું નહોતું અમારી આખી ટોળી ગાડી ગયા બાદ વિખેરાઈ પોતપોતાને ઘેર ગઈ. હું છેલ્લી સ્ટેશનની બહાર નીકળી ત્યારે બપોર હતી. ફ્રેલિહ અને યાન્ચા મારી રાહ જોતાં, ચિંતા કરતાં ઊભાં હતાં. મૂગાંમૂગાં મેં ગાડી હાંકી. એ બંનેને એમને ત્યાં ઉતારી હું ઘેર ગઈ, ત્યાં ગોઠચું નહિ એટલે સાંજની હજી શરૂઆત નથી થઈ તે પહેલાં પાછી ફ્રેલિહને ત્યાં ગઈ, અને રડાય એટલું રડી. પછી કૈંક શાંતિ વળી. શા કારણથી રડી તે ત્યારે જણાતી નહોતી. મને શું જોઈતું હતું એની સમજણ પણ નહોતી. પછી મેં મારા દિલની ગડમથલને વારંવાર ચાળી જોઈ, એમાંનો સાર તોળી જોયો, કસ કસોટીએ ચડાવ્યો, ને જે સમજાયું તે એ ઘડીનું અંતરમાં સાચવી રાખ્યું હતું, તે આજે આ દ્રાવા નદીને કાંઠે તમને કહું છું: મને તમારા જીવનમાં આવવાની હોંશ હતી અને છે. એથી વધારે મારે કશું નહિ જોઈએ.'

'તું ન હોત તો અહીં આવ્યો જ ન હોત. તારી વાત સાચી છે. કોણ કોના જીવનમાં છે કેટલાં છે, કેટલે છે, કોણ જાણે.' એટલું કહી ભર્યા અજવાળામાં એ જ મોટરમાં, એકબીજાને ખભે હાથ નાખી ચૂપચાપ બેસી રહ્યાં. પંદરેક મિનિટ બાદ એ બોલી: 'હવે દસ મિનિટ બાદ આપણે આ રસ્તાની સામેના મકાનમાં જવાનું છે.' આમ મૌનમાં ભંગાણ પડતાં મેં એને કહ્યું.

'ગઈ કાલે અટાણે જ વિયેનામાં અચાનક હું મારી બેમાંની એક વહુને મળ્યો, અને પછી મેં બ્રેડાને અથથી ઇતિ સુધીની આખી ઘટના કહી. દસ મિનિટ તો ક્યારની પસાર થઈ, એટલે અમે ઉતાવળે ઊપડચાં. રસ્તો ઓળંગતાં એણે મને કહ્યું હું હવે તમારા જીવનમાં છું, એટલે કહી શકું છું, તમે બહુ ફ્રૅન્ક છો. આવી વાત તમારે મને તો નહિ જ

કહેતી નહીએ.' અને પછી ખૂબ હસી. મેં કહ્યું, 'દુઃખ થયું?' 'ના, આનંદ થયો.'

'ત્યારે આનંદની મેં તને સહભાગી બનાવી આ પુણ્યનું કામ નહિ કહેવાય?'

'કહેવાય. મને આનંદ થયો, કારણ તમને માનું છું કે હું ઘણી સારી રીતે ઓળખું છું ભલે પરિચય ટૂંકો, પણ ઓળખું છું. કદાચને બીજાના મનમાં ગેરસમજણની ગૂંચ ઊભી થાય.'

'તો એડા! એ બીજા બહમમના ખટ્ટામાં જાય.'

દરમિયાન અમે પહેલા માળનાં બારણાં સુધી આવી ગયાં હતાં, અને એણે ત્યાંની ઘંટડી દબાવી દીધી હતી. એટલે અમે સ્વસ્થ થઈ અંદર દાખલ થવા દ્વાર ઊઘડવાની રાહ જોઈને ઊભાં.

જેણે બારણું ઉઘાડ્યું એ કદાવર, સશક્ત, મુલાયમ ચામડીનો આકર્ષક જર્મ પુરુષ હતો. મોંનો આકાર આબાદ સિંહના મોઢાને મળતો. કુદરતી રીતે હસી, આવકારી અમને અંદર લઈ જઈ, ઘટિત સ્થાને બેસાડી, કંઈ ખાવાપીવાનો આગ્રહ કર્યો એ ઉપચારવિધિ પતી જતાં અંદરના ખંડમાં ચિત્રોના સંગ્રહસ્થાન તરફ અમને દોરવી ગયો અને મોટાં તૈલચિત્રોની સમજણ આપવી શરૂ કરી. ખરેખર જે પચાસ સાઠ કલાકૃતિઓ હતી, તેમાંનાં મોટા ભાગનાં ચિત્રો પારિ(સ)માં લુવના, ઍમ્સ્ટર્ડૅમમાં રિઝવિકના, બર્લિનમાં ડાલેમના કે લેનિનગ્રાડમાં હર્મિટેજનાં મ્યૂઝિયમોને શોભાવે એવાં હતાં. એ જોઈ જીવ મલક્યો. એટલે એડાએ મનના મોરલાને ઓર થનગનાવવા આ એમિલ બ્યુટોવિચની વધારે ઓળખાણ આપવી શરૂ કરી.

'ઘણાં એમ માને છે કે આ એમિલ મહાશયનાં ચિત્રો છે, પણ એમનું આ સંગ્રહમાં એક પણ ચિત્ર નથી. એમનાં થોડાં જે છે તે એમને ત્યાં છે, તે આપણે પછી જોવા જઈશું. આ કૃતિઓ એમના દોસ્ત માઈકલ લિયરિવિચની. જે છે તે અહીં છે. આ પ્રદેશમાં જર્મન લશ્કર ત્રાટક્યું ત્યારે કો'કે હિટલરને ભંભેર્યું કે ચિત્રો નકામાં છે, હલકી કોટિનાં છે, ઉત્તમોત્તમ આર્યન એટલે કે નાત્ઝી પ્રણાલિકાને જેબ આપે એ જાતનાં નથી. એટલે એક દિવસ આ નજીકના, આજે ભંગાર પણ અસલ આલીશાન વિશાળ રાજપ્રાસાદને છાજે એવા મકાનમાં, ત્રણચાર અફસરો આવી ચડ્યા. માઈકલ લિયરિવિચ ત્યારે ત્યાં હાજર નહિ; પણ આ એમિલ હાજર હતા. એમિલનાં ચિત્રો પણ ત્યાં ગોઠવેલાં હતાં. એ સમયે જ એમિલ મનમાં પામી ગયા કે માઇકલ જો હાથમાં આવે તો આ ત્રણ મહારથીઓ એને મસળી નાખે, યા કેદ પકડી—પણ કેદ શાની? થોડે દૂર જઈ ઠાર જ કરે. એવામાં ત્રણમાંના વડા અફસરે ત્રાડ નાખી, ડબડબ લશ્કરી ઢબનું પગથી સત્તાનું સંગીત બજાવતા એમને ખેંચી; તરત ને તરત આખું સંગ્રહસ્થાન બતાવવા હુકમ ફરમાવ્યો. એમિલ એમને એક ઓરડામાંથી બીજામાં, બીજામાંથી ત્રીજામાં. ત્રીજામાંથી બીજામાં, બીજામાંથી ચોથામાં, એમ ભુલભુલામણી ભરી ખીદરડી ખવડાવતાં, આ માઈકલનાં, આ એમિલનાં પોતાનાં. આ આંદ્રેનાં એમ, આ નહિ ને આ એમ. બધાં ચિત્રો ઓળખાવ્યાં. પેલાઓએ માઈકલનાં ચિત્રોનો ઢગલો એકઠો કરાવ્યો, ત્રીજાના હાથમાં હિટલરી હુકમ તે ફરીથી ચશ્મો ચઢાવી વડા અફસરે વાંચ્યો, આખો ઢગલો ફોજી ઢબે બહાર કઢાવ્યો, અને આ દ્રાવા નદીની છાતી ઉપર ખાસતેલ રેડીને જલાવ્યો. એ ઢગમાં પંદરવીસ તો બેનમૂન કૃતિઓ હતી. એમિલે પોતાની નજર સામે તે બળતી જોઈ જે બળીને રાખનો ઢગલો થઈ ગઈ, તે જર્મન અફસરોને મન માઇકલ લિયરિવિચની, પણ હકીકતે ખુદ આ આપણા એમિલની. લશ્કરી અફસરોને કલાકસબની સમજણ અને પરીક્ષા હોત તો એ લશ્કરમાં જોડાત જ શા સારુ?

એમિલે ત્રણેને આ ખંડમાં લઈ જતાં મોટે ભાગે પોતાનાં ચિત્રો માઇકલનાં ગણાવી બતાવ્યાં હતાં. મિત્રની ગેરહાજરીમાં એમણે પોતાની કૃતિઓ આગળ ધરી મિત્રની કૃતિઓ બચાવી લીધી હતી. આજે એમિલ અમારા કલાસંગ્રહના સંરક્ષક, અમારા રાહબર છે.'

બે હાથ આપોઆપ ઊંચા થઈ ગયા, માથું નમી ગયું, હાથ જોડી મૌન ભાવે પ્રણામ કરી હું અમની સમક્ષ ઊભો રહી ગયો. સિત્તેર ઉપરની ઉંમરના એ વ્યક્તિના ચહેરા ઉપરની સંતોષની રેખા હજી સ્મરણમાં અંકિત છે. ત્યાં બારણે ઘંટડી વાગી અને એ ખોલતાં એક સુંદરી દાખલ થઈ એને જોતાં જ એમિલે કહ્યું: 'ઓહ, યૂનીકા તું આવી, બરાબર વખતે જ આવી. અમે નીકળવાને તયાર જ છીએ. મિ. મહેતા, આ મારી દીકરીની દીકરી, યૂનીકા. ચાલો હવે, મારે ત્યાં જઈ આપણે કંઈ આછુંપાતળું ખાઈએ.' એડાએ એમિલને કહ્યું: 'મિ. મહેતા યૂનીકાને એ જાણે છે. ગઈ સાલ આવ્યા હતા ત્યારે એને એ બેત્રણ વાર મળી હતી. ક્રેલિક સાથે એને ઘેર યૂનીકા જમવામાં પણ હાજર હતી.' યૂનીકા સાથે હાથ મિલાવી મેં કહ્યું: 'બરાબર છે. એના સુંદર ચહેરા પર કપાળમાં ગાલે તલ જેવો નાનો મસો છે, તે દૂરથી જોતાં મેં એને ભારતની રમણી જ માની હતી; કારણ એ અમારી લલનાઓના ચાંલ્લા જેવો દેખાય છે, એવું મેં પહેલી વાર એને જોતાં જ વિધાન કર્યું હતું.'

'મને એ બરાબર યાદ છે; તમને પણ યાદ છે એ જાણી ખુશી થઈ.'

મેં કહ્યું. 'કેમ યાદ ન રહે? એ વિધાન કરતાં જ તમારે રવુમડે મોટે જે શેરડા પડ્યા હતા, અને પછી બને હાથમાં તમે તમારું મોં સંતાડી દીધું હતું, એ ચિત્ર કેમ ભૂલી શકાય.'

યૂનીકા—'ય' અને 'ન' બંને વ્યંજન ઉપર ભાર દઈ બોલાતું નામ એટલે યૂનીકા મને બરાબર યાદ. કાળા વાળ, ગોળ મોઢું. એડા દૂધગોરી, તો યૂનીકા રતાશપડતી ગોરી. બંનેના ચહેરા મોબાઇલ, એટલે કે રંગભૂમિને લાયકના જે ભાવ ઉપસાવવા હોય તે કુદરતી રીતે, વગર જહેમતે આપોઆપ જ ઊપસે એવી મુલાયમ માંસગ્રંથિઓથી ઘડાએલાં વદનો. ભૂલ્યાં શે ભુલાય? એમિલનાં પોતાનાં નવાં ચિત્રો ત્યાં જોયાં. તે રાતના જમણનું એક મીઠું સંસ્મરણ છે. ઘણી વાતો થઈ, એમાં એમિલ ચિત્રકારે પોતાના અનુભવોની તારવણી રૂપે એક હકીકત કહી. ચિત્રકારે કે શિલ્પીએ શરૂઆતમાં ઘણાં સાધનો ન વાપરતાં એક જ પીંછી યા છીણીનો ઉપયોગ કરવો. આથી હાથ બરાબર ઠરે છે, જાડી લીટી દોરવા જાડી કલમ અને પાતળી લીટી માટે પાતળી કલમ લ્યો, તો હાથ જામશે નહિ. જાડી કલમે પાતળી રેખા દોરવા પ્રયત્ન કરો. એમ જ હાથને શરૂઆતમાં ઓછાં સાધનો આપવાં, આથી આપણી આંકણીની સમજ ખીલશે. ઘટતા અને ચોક્કસ માપનો ખયાલ આવશે, ઉપરાંત આખી કૃતિનિપજનો સુમેળ સાધી શકાશે. ટૂંકમાં જેટલો સંયમ વધારે એટલા પ્રમાણમાં બુદ્ધિ સંશોધવા વધુ વિકસે. બીજી વાત એમણે કરી તે એ, કે આપણી શક્તિના પ્રમાણમાં શરૂઆતમાં આપણે નાનો ભૂસકો મારવો. ચાર વસ્તુઓનું સાથે આયોજન કરવાનું હોય તો પહેલાં ત્રણની સાથે પાકી ગડમથલ કરી એની બને એટલી ગોઠવણ, રચના કરી લેવી, પછી આગળ વધવું. મેં પૂછ્યું: 'કવિતા?' તરત કહે: 'હા, કાવ્ય સંગીતની રચના, જે બીજું હાથ ધરો તેને પૂરેપૂરું પ્રમાણી, નાણી જાણી, ભણી, અનેક ગોઠવણોમાંથી ઉત્તમ ગોઠવણી નક્કી કરી આગળ ચાલવું.'

જમીને ફરી એડાની મોટરમાં યૂનીકાને લઈ અમે ત્રણે અજવાળી રાતે દ્રાવા નદીને કિનારે હંકાર્યું. એડાએ યૂનીકાને 'ઘેર જવાની ઉતાવળ છે?' એમ પૂછ્યું તો એણે ના કહી. એડાના ઘરની વાત હું જાણતો હતો. એના પતિદેવ મારીબોરથી દક્ષિણે ઈટાલીની દિશામાં (અનુ. પૃ. ૧૯૧)

ડૉક્ટર આવતાં પહેલાં આપવાની પ્રાથમિક સારવારની સમજ આપતી લેખમાળા

હપ્તો-૮

લોહી વહેવા માંડે ત્યારે

લેખક
ડૉ. શિવપ્રસાદ
ત્રિવેદી



→ ટુર્નિકેટ પાટો

બાવડા કે જાંઘમાં ઊંડો ઘા થવાથી મોટી ધમની કપાઇને લોહીની ધાર થાય છે. આ રીતે બહુ વધારે લોહી વહી જવાથી ક્યારેક જીવનું જોખમ પણ આવી પડે છે. ધમની સીધી કપાઈ જાય ત્યારે તેની સ્થિતસ્થાપક દીવાલોના છેડા ખેંચાઇને ગુંચળું વળી સંકોચાતા હોવાથી વધારે લોહી જતું નથી છૂંદાયેલા ઘામાં ધમનીઓ ચેપાઈ જવાથી લોહીસ્રાવ જલદી બંધ થાય છે. વળી, આરંભમાં પુષ્કળ લોહી વહી ગયાં પછી લોહીનું દબાણ પણ ઘટતાં કપાએલા છેડે લોહી જામી જવાની તક મળે છે. પણ ઘણી વાર અરધી કપાએલી ધમનીનો ઘા ઉઘાડો રહેતાં પુષ્કળ લોહી વહી જાય છે. આવે વખતે ટુર્નિકેટ બાંધવો જરૂરી બને છે.

ટુર્નિકેટનો પાટો પહોળો અને અવયવ ઉપર બે આંટા ફરી વળ્યા બાદ ગાંઠ મારવા જેટલો લાંબો જોઈએ. અકસ્માત વખતે નેકટાઈ, ધોતિયાનો ચીરો કે સાયકલના પૈડાની ટ્યૂબ પણ ચાલી શકે. બાકી ખાટલાની પેચી પાટીનો પાટો બનાવી રાખવો અગર તો બકલવાળો ટુર્નિકેટ ખરીદવો.

હાથમાંથી લોહીસ્રાવ બંધ કરવા બાવડા ઉપર અને જાંઘ કે પગમાંથી લોહીસ્રાવ બંધ કરવા માટે વળાથી થોડે નીચે ટુર્નિકેટ બાંધવો સહીસલામત અને સગવડતાભર્યો છે. એ બાંધતાં અગાઉ હાથ કે પગ શરીર કરતાં ઊંચો રાખવો જેથી લોહી વહેવાનો વેગ ઘટે. દબાણ કેન્દ્ર ઉપર કાપડ કે ગૉઝની ગડ વાળેલી ગાદી ગોઠવવી. એના ઉપર ટુર્નિકેટના બે આંટા લઈ એક ગાંઠ મારવી, એના ઉપર નાની લાકડી મૂકી બીજી ગાંઠ મારી દેવી શિર્ષક સાથેની આકૃતિ પરથી આ સ્પષ્ટ સમજાશે. પછી લાકડી ફેરવીને પાટાના એ છેડાને વળ ચડાવવો, પણ બહુ આંટા ન મારવા. ટુર્નિકેટ સખત થતાં લોહી વહેતું બંધ થાય છે. છેલ્લો આંટો મારી લાકડી હાથ કે પગની સમાંતરે રાખી બીજા કપડા વતી અવયવ સાથે બાંધી દેવી.

ટુર્નિકેટ ઢીલો બાંધવાથી શિરાઓ દબાય છે પણ જાડી દીવાલની ધમનીઓ દબાતી નથી. આથી ટુર્નિકેટ બાંધ્યો હોય તેની આગળના અંગ ભણી લોહી જાય છે ખરું પણ પાછું ફરી શકતું નથી, પરિણામે એ ભાગમાં સોજો આવે છે. શિરાઓમાંથી લોહી પાછું ફરી ન શકવાથી ઘા વાટે તે બહાર નીકળે છે. વળી હાથ કે પગ ઊંચો ન કર્યો હોય તો તેમાં લોહી જાય ખરું. પણ સરળતાથી પાછું ચડી નથી શકતું.

ટુર્નિકેટ વધુ પડતો સખત બંધાય તો તેનાથી દુઃખમાં વધારો થાય છે. ટુર્નિકેટના નીચેના અવયવમાં લોહી ફરતું રહે એ માટે દર પંદર મિનિટે ટુર્નિકેટ સહેજ ઢીલો કરવો પણ કાઢી ન નાખવો. જો અવયવમાં લાંબા વખત સુધી લોહી ફરતું ન રહે તો તે ભાગ મરણ પામે આ સ્થિતિને અંગ્રેજી વૈદકમાં 'ગેન્ગ્રેઈન' કહે છે. હાથમાં અરધા કલાકમાં તો પગમાં ચાર કલાકમાં આ સ્થિતિ આવી પડે છે. આંગળીઓથી શરૂ થઈ તે આગળ વધે છે.

ટુર્નિકેટ ઢીલો થાય ત્યારે ઘા ઉપર હથેલી કે આંગળીઓનું દબાણ આપવું. ટુર્નિકેટ ઢીલો કર્યા બાદ એક મિનિટ દરમિયાન વધુ પડતું લોહી વહેવા ન માંડે તો ટુર્નિકેટ ફરી સખત ન કરતાં ઢીલો રહેવા દેવો, પણ કાઢી ન નાખવો. કે જેથી કદાચ ફરી લોહી વહેવા લાગે તો તે તુરત સખત થઈ શકે; બીજું, દાક્તરને ટુર્નિકેટ બાંધ્યાનો સમય પણ કહેવો જરૂરી છે. ટુર્નિકેટ બાંધ્યા બાદ દાક્તરી સારવાર મળવાને વધારે સમય વીતે તો એથી નુકસાન થાય છે.

જો ટુર્નિકેટ ખોટી રીતે બંધાય તો ધમનીઓ નહિ પણ એકલી શિરાઓ દબાવાથી લોહી વહેવાનું વધે છે અને જો યોગ્ય રીતે બંધાયો હોય અને વધારે સમય વીતે તો અંગ નાશ પામવાની સ્થિતિ આવી પડે છે. એટલે લોહી વહેતું બંધ કરવાની સાદી સરળ ને સલામત રીત તો ઘા ઉપર સીધા દબાણની છે. શિરાઓમાંથી વધારે વહેતા લોહી વખતે ધમનીઓના દબાણકેન્દ્રો ઉપર દબાણ આપવું, જેથી ઇજા પામેલા ભાગનું લોહી ફરતું બંધ થવાથી વહેતું અટકશે.

રોગ કે ઈજાને લીધે ફેફસાં, હોજરી અને આંતરડાંમાંથી પણ ઘણી વાર લોહી પડે છે.

ક્ષય રોગથી કે તૂટેલી પાંસળીનો છેડો ફેફસામાં પેસવાથી તેમાંથી ફીણવાળું અને લાલરંગનું લોહી ઉધરસ સાથે બહાર આવે છે.

હોજરીમાં થએલા ઘાથી કે તેમાં પડેલા ચાંદાથી ઊલટી વાટે લોહી આવે છે. હોજરીના પાચકરસોની અસર નીચે એ લોહી ફોદા-ફોદા જેવું બની શ્યામ કે કૉફી જેવા રંગનું દેખાય છે.

ટાયફોઈડ, તાવ, મરડો, ચોટ કે ઘાને લીધે આંતરડાંમાંથી લોહી પડે છે. આંતરડાંના ઉપલા ભાગમાંથી આવતું લોહી ડામર જેવું કાળું હોય છે જ્યારે આંતરડાંના નીચલા ભાગમાંથી આવતું લોહી લાલ.

ઉપર દર્શાવેલા ત્રણે અવયવોમાંથી લોહી પડતાં રોગીને આઘાત લાગે છે. લોહીસ્રાવ થતાં અગાઉ ચિંતા, તરસ અને બેચેનીનાં લક્ષણો દેખાય છે. રોગીના ચહેરા ઉપર ફિકાશ ને નબળાઈ જણાય છે. લોહીસ્રાવ વખતે મગજ, હૃદય ને ફેફસાંને લોહી મળે તે માટે ચામડીમાં રૂધિરાભિસરણ ઘટે છે. આનાથી રોગીની ચામડી ફીકી ને ઠંડી બને છે. રોગી ટાઢથી ધ્રૂજે છે. આ વખતે રોગીને ચતો સુવાડવો. જો તેને ઊલટી થતી હોય કે ઉધરસ આવતી હોય તો તેનું મોં એક બાજુએ રાખવું કે જેથી ઊલટી ગળામાં પાછી ન પડે. છાતીની ઈજા વખતે લોહી વહેતું હોય તો રોગીનાં છાતી અને માથું થોડાં ઊંચાં રાખવાં કે જેથી તેને શ્વાસ લેવાનું સુગમ પડે. રોગીને ઉત્તેજક દવા કે ગરમ પીણું આપવું નહિ પણ બરફ ચૂસવા આપવો કે ઠંડા પાણીના ઘૂંટડા ભરવા દેવા. પણ પેટની ઇજા વખતે મોં વાટે કશું આપવું નહિ. રોગીને વાત કરવા દેવી નહિ કે જરાય હાલવા પણ ન દેવો. એને સુવાડેલી સ્થિતિમાં જ દવાખાને કે ઘેર લઈ જવો. શરીરની ગરમી જાળવવા એકાદ ગરમ ધાબળો ઓઢાડવો પણ બહુ વધારે ઓઢાડવું નહિ. રોગી ઠંડીથી ધ્રૂજતો હોય તો તેના શરીરની પાસે ગરમ પાણીની થેલીઓ મૂકવી નહિ, કારણ કે ગરમીથી ચામડીની લોહીની નળીઓ પહોળી થવાથી

તેમાં વધારે લોહી જાય છે, પરિણામે શરીરનાં મહત્ત્વનાં અવયવોમાં એટલું ઓછું લોહી જાય છે. શરીરનાં અગત્યનાં અવયવોમાં પૂરતું લોહી જવા માટે શરીરે આપમેળે કરેલી યોજના તૂટી પડવાથી રોગીને નુકસાન થવાથી માંડી તેનું મૃત્યુ આવી પડે છે.

થોડાક સામાન્ય લોહીસ્રાવની પ્રાથમિક સારવાર જાણવા જેવી છે.



કાચ વાગવાથી ઘા પડીને થતા લોહીસ્રાવ વખતે લોહી બંધ કરવા માટે ઘાને દબાવતાં પહેલાં ઘામાંથી કાચના ટુકડા ખેંચી કાઢવા જોઈએ. સાથેના આકૃતિ મુજબ આ વખતે રોગીની બગલમાં હાથ નાખી બાવડમાં દબાણકેન્દ્ર દાબવાથી અને બીજા હાથે ઘાવાળો ભાગ દાબી રાખવાથી લોહીસ્રાવ બંધ થાય છે.

વાની ફોડકી થવાથી કાનમાંથી લોહી નીકળે છે પણ આ સ્થિતિની રોગીને જાણ હોય છે. ઊંચેથી પડવાથી કાનમાંથી થોડું પણ લોહી આવે તો તે ખોપરીના તળ ભાગનું હાડકું તૂટ્યાની નિશાની છે. આ વખતે કાનની તપાસમાં ન પડતાં કે કાનમાં રૂનું પૂમડું કે દવા ન મૂકતાં તાત્કાલિક વૈદકીય સારવારની તજવીજ કરવી.

નસકોરી ફૂટવાનો બનાવ તો સાધારણ છે. કંઈ વાગવાથી, નાકમાં ચેપ લાગવાથી, ઊંચાઈએ જવાથી કે અતિ આવેશમય પરિશ્રમ વખતે નાકના નાજુક આવરણની નીચેની નાની લોહીની નળીઓ ચીરાઈને તેમાંથી લોહી પડે છે. બાળકોમાં ડિફ્થેરિયા, રૂમેટિક તાવ, ઓરી અને ટાયફૉઈડની શરૂઆતમાં, એડિનોઈડ્ઝનો સોજો કે સાયનેસાઈટિસ થવાથી નાકની લોહીની નળીઓમાં ભરાવો થવાથી, અગર તો કોઈ દેખીતા કારણ વગર પણ વારંવાર નસકોરી ફૂટે છે. ને તે આપમેળે બંધ પણ થઈ જાય છે. મોટી ઉંમરે નસકોરી ફૂટે તો તે નાકમાં મસા, ચાંદી, લોહીનું ઊંચું દબાણ કે ગુરદાના રોગની નિશાનીરૂપ હોઈ શકે છે આના માટે દાક્તરી તપાસ ને સારવાર જરૂરી છે.

નસકોરી ફૂટી હોય તે વખતે રોગીને (ચક્કર આવતા ન હોય તો) સુવાડવો નહિ, પણ ખુલ્લી બારી પાસે હવા આવે એવા સ્થળે ટટ્ટાર બેસાડવો. ગળા આગળનાં સખત કપડાં ઢીલાં કરવાં. એનું માથું ગરદન ભણી થોડું ઢળતું રાખવું. લોહી નીચે ટપકે તે માટે કદી પણ માથું ભોંય ભણી ઝૂકતું રાખવું નહિ કે નાક નસકોરવા દેવું નહિ. તેના હાથ માથા ઉપર ઊંચા રખાવવા. તેને મોં વાટે શ્વાસોચ્છ્વાસ લેવા કહેવું. પાણીમાં પલાળેલું કપડું કે ભીની કરેલી માટી નાકના મૂળ ઉપર મૂકવાં. બોચી અને ગરદન ઉપર પણ પાણીનાં પોતાં મૂકવાં. જો લોહી બંધ ન થાય તો (રોગીના) પગ ગરમ પાણીમાં રખાવવા. જો બની શકે તો હાઈડ્રોજન પેરૉક્સાઈડમાં બોળેલું રૂ નસકોરામાં મૂકી નાક દબાવવું.

બીજો ઉપાય. ચક્કર આવતા હોય તો રોગીને સુવાડીને તેને મોં વાટે શ્વાસ લેવાનું કહીને ચારપાંચ મિનિટ સુધી બન્ને નસકોરાંનો પોચો ભાગ ચપસીને દબાવી રાખવો. આથી તૂટેલી લોહીની નળીમાં લોહી જામવાની તક મળશે.

મોં વાટે ઊંડા શ્વાસોચ્છ્વાસ લેવાથી ગરદનની શિરાઓ ખાલી થઈને પણ નસકોરામાંથી પડતું લોહી બંધ થાય છે.

વધારે લોહી પડતું હોય ત્યારે રોગીને સુવાડી દઈ દાક્તરના આવતા અગાઉ નાકમાં સમાય એટલી પહોળી રૂની લાંબી પટ્ટી આંગળીના છેડા વતી નાકમાં ખોસીને મૂકવી.

લોહી બંધ થયા પછી યે રોગીને ઉધરસ ખાવાની, ચાલવાની, બોલવાની, હસવાની ને થોડા કલાક સુધી નાક નસકોરવાની મના કરવી.

મોંમાંથી લોહી પડતું હોય ત્યારે બરફ ચૂસવા આપવો કે ઠંડા પાણીના ઘૂંટડા ભરાવવા. જીભ કે ગાલના અંદરના ભાગમાંથી લોહી પડતું હોય ત્યારે ઘા દબાય એવી રીતે ગોઝ, રૂ કે કપડું મૂકી તેના ઉપર આંગળીઓ વડે દબાણ આપવું.

રમતગમત દરમિયાન વાગતાં હોઠમાંથી લોહી પડવું તો સામાન્ય છે. એવે વખતે ચોખ્ખો હાથ કરી આંગળાં વડે દબાવવો.

પાડેલા કે પડેલા દાંતના ખાડામાંથી લોહી વહેતું હોય ત્યારે એ પોલાણમાં રૂ કે લિન્ટ મૂકીને રોગીને જોરથી દાંત ભીડવા કહેવું. જો શક્ય હોય તો પોટાશ પરમેન્ગેનેટના દ્રાવણમાં બોળેલું રૂ દાંતના પોલાણમાં મૂકવું. જો લોહી બંધ ન થાય તો એ ખાડામાં લિન્ટ અને તેના ઉપર નાનો બૂચ મૂકી રોગીને જોરથી દાંત દબાવવા કહેવું.

મૂત્રાશય મૂત્રપિંડ કે મૂત્રમાર્ગની કોઈ ઈજાના કારણે યા બસ્તી પ્રદેશનું હાડકું ભાંગવાથી પેશાબમાં લોહી આવે છે. જો તે કોઈ રોગના કારણે હોય તો રોગીને સુવાડી દેવો ને તેને શાંત થવા કહેવું. પેટના નીચલા ભાગ ઉપર બરફની થેલી કે ઠંડાગાર પાણીનાં પોતાં મૂકવાં. આ બન્ને સ્થિતિ વખતે દાક્તરને બોલાવવા.

અકસ્માતની કે કરોડની ઈજાવાળા રોગીને ઉતાવળથી હૉસ્પિટલમાં ખસેડવામાં લોહીસ્રાવ વધવાનું જોખમ છે, તથા આઘાતમાં વધારો થાય છે. બને તો રોગીને સ્થાન ઉપર પ્રાથમિક સારવાર આપવી. અગર તો દાક્તરને ત્યાં બોલાવવા. બાકી ઝડપથી રોગીને ખસેડવાની ધમાધમ અને રઘવાટથી ઍમ્બ્યુલન્સ ગાડી કે ઝોળીમાં હૉસ્પિટલમાં લઈ જવામાં તેની વેદના અને આઘાતમાં વધારો થાય છે. શ્રદ્ધાપૂર્વક શાંતિથી રોગીના પડખે ઊભા રહી ધીરજ આપવાથી રોગીનાં ચિહ્નો ને વેદના હળવાં થાય છે.

અનુસંધાન] **અંતર ગઠરી** [પૃ. ૧૮૯થી

લુબ્લિયાના શહેરમાં નોકરી કરે; દર શનિ રવિએ ઘેર આવે. બેડા અહીં નાટકશાળાના પાઠ કરે. આ દેશનાં મોટી પાંચ ભાષા, એકબીજાની લગોલગ, પણ મારીબોરમાં જન્મેલી બેડાના ઉચ્ચાર લુબ્લિયાનાના તખ્તા ઉપર પકડાઈ જાય ન ચાલે, એવી દહેશતે એ મારીબોરમાં દાદીમા સાથે રહેતી અને અહીં થીએટર ખેલતી. એને એક નાની બાળકી એની દેખભાળ કરવા પોતાના ઘર આગળ ગાડી ઊભી રાખી, અમને બેને મૂકી એ ઉપર ગઈ થોડી વારમાં એ આવી, ને બોલી: 'બને આમ મૂગાંમૂગાં જ બેસી રહ્યાં અત્યાંઓ? કંઈ અમસ્થી પણ વાતો તો કરવી હતી? યુરિકા તો શરમાય, પણ તમને મેં'તા! શું થયું હતું?'

'એમ અમસ્થાં બેપાંચ વાક્યોમાં અમે વાત તો કરી, પણ જાણે હવામાન અને ઠંડકની.' મેં કહ્યું બેડા ગાડી ગરમાવતાં કહે: 'ઠીક, મારી નાનકડી તો ભર ઊંઘમાં છે એટલે જરા મને શહેરબહાર ફરફરવા દો. પછી આપણે ક્યાંક સ્વસ્થ થઈને બેસીએ, ત્યાં તમને યુર્નાકાની પાકી ઓળખાણ કરવું દ્રાવા પણે ગામબહાર વળાંક લઈ, પેલા નાનકડા સરોવરમાં વળે છે, અને બીજે છેડે એમાંથી બહાર નીકળી ગિરિઓની ગોદમાં લપાતી વળી જાય છે. યાદ છે, ત્યાં પેલું જરા ઊંચે ડુંગરી ઉપરનું રેસ્ટોરાં, ગયે વર્ષે તો મારી નાનકડીને રમાડેલી ત્યાં—'

મેં ઉમેર્યું: 'શનિની સાંજે અને રવિ સવારે ઑસ્ટ્રિયાની સરહદ ઓળંગી નિસર્ગના અમીરસ પીવા કંઈક સહેલાણીઓ મારતી મોટરમાં ઊતરી આવે છે ત્યાં.'

'બધું બરાબર યાદ છે તમને, મિ. મહેતા! અને યાદ રાખજો, આજની રાત પણ તમને યાદ રહી જશે. રખે ભૂલતા. દ્રાવા નદીનો કાંઠો જો જરા ઝીણવટથી તપાસશો, તો તમને એના બને તટ ઉપર કોઈક રસિક ખૂણામાં ઘણાંના હૈયાની અઢળક વાતો છાનીમાની સંતાએલી જાણવા મળશે; ટકોરી શકો તો સાંભળવા પણ મળશે.' (ચાલુ)

પારજાંબલી કિરણો

લેખક • પુષ્કરભાઈ ગોકાણી

આપણી આંખ સાત રંગો જોઈ શકે છે : જાંબલી, નીલો, ભૂરો, લીલો, પીળો, કેસરી અને લાલ, તેમજ એ સાતે રંગમિશ્રિત સફેદ. કાળો એ રંગ નહિ, રંગનો અભાવ છે.

કોઈ પણ લાલ વસ્તુ ઉપર (શ્વેત) સૂર્યકિરણ પડે ત્યારે તે તેના સાતે રંગમાંથી લાલ સિવાયના બધા રંગ શોષી લે છે અને આપણી આંખ ફક્ત લાલ રંગ જ જોઈ શકે છે. એ જ રીતે સઘળા રંગોનું છે.

પ્રકાશ એ તરંગમય વીજચુંબકીય શક્તિ છે, અને તેની (વિવિધ) તરંગલંબાઈને કારણે તે જુદોજુદો રંગ ધારણ કરે છે. એ તરંગલંબાઈ દસ લાખ સેન્ટીમીટરથી એક સેન્ટીમીટરના હજાર અબજમા ભાગ જેટલી છે. આપણી આંખો ફક્ત ૦·૦૦,૦૦૭ સે.મી.થી ૦·૦૦૦૦૪સે.મી.ની લંબાઈના તરંગો જ જોઈ શકે છે. જે પ્રકાશના કુલ તરંગોનો તો અતિશય નાનો હિસ્સો છે. આના ઉપરથી આપણી દષ્ટિ-મર્યાદાનો ખયાલ આવે છે.

આમાં ૦·૦૦૦૦૭ સે.મી.થી ૦·૦૪ સે.મી.ના ગાળાના તરંગોને 'અધોરક્ત (ઈન્ફ્રા-રેડ)' કિરણો કહે છે જે દષ્ટિ તરંગલંબાઈ કરતાં મોટી તરંગલંબાઈના કિરણો છે. તેવી જ રીતે ૦·૦૦,૦૦૪ સે.મી.થી ૦·૦,૦,૦૦,૦૦૫ સે. મી. તરંગલંબાઇનાં કિરણો નરી આંખે દેખાતાં નથી. આ કિરણોને 'પારજાંબલી (અલ્ટ્રા-વાયોલેટ) કિરણો' કહે છે. આ બન્ને જાતનાં કિરણો દશ્ય પ્રકાશની બંને સીમા પર આવે છે. ગુનાશોધનમાં એ બહુઉપયોગી છે. આ કિરણોને રંગ ન હોવાથી અમુક પદાર્થોને તે ઘણો ચળકાટ આપે છે ને અમુક પદાર્થોને તે ખૂબ ઝાંખા દેખાડે છે.

કેટલાક પદાર્થો અદશ્ય પારજાંબલી કિરણોને ખાઈ જાય છે અને તેના બદલે આપણી આંખે જોઈ શકાય તેવાં કિરણો પરાવર્ત કરે છે. આવા પદાર્થોમાં ખાસ કરીને યુરેનિયમ, ટન્ગસ્ટન. લોહ, જસત, અમુક રંગ-રસાયણો, સૂતરના રંગવિહિન તાંતણા, પરસેવો, મૂત્ર, વીર્ય, લોહી, કફ માંસ વગેરે ગણી શકાય. લોહીના ટીપાને લૂછી નાખ્યું હોય તોપણ પારજાંબલી કિરણોમાં તે દેખાઈ આવે છે, શાહી અને કેટલાક રંગથી લખેલું લખાણ ભૂંસી નાખ્યા પછી યે પારજાંબલી કિરણોની હાજરીમાં તુરત દેખાઈ આવે છે. સામાન્ય રાસાયણિક પ્રક્રિયામાં પચી ગએલા ઝેરની હાજરી, જ્યારે રાસાયણિક કસોટીથી ન જાણી શકાય ત્યારે આ પારજાંબલી કિરણો તેને સહેલાઈથી ઓળખી બતાવે છે. ઔષધની ગોળીઓ અને કેફી પદાર્થો તો પારજાંબલી કિરણોથી તુરત પકડાઈ જાય છે. ધોબીનાં અદશ્ય નિશાનો, ગ્રીઝના ડાઘા, તેલી ધાબાં વ૦ જે સામાન્યરીતે ધોવાઈ ગયા પછી નરી આંખે નથી દેખાતાં તે પારજાંબલી કિરણો તળે જણાઈ આવે છે. આનું કારણ એ છે કે ભૂંસાઈ ગએલું દેખાતું લખાણ તેમજ લોહી, પેશાબ, પરસેવો વગેરેના ડાઘ નરી આંખે ભલે ન દેખાય. પણ એમની સૂક્ષ્મ હાજરી તો ત્યાં રહે છે. અને તેને કારણે તે પારજાંબલી કિરણોને શોષી લઈને અન્ય તરંગલંબાઈવાળાં કિરણો પરાવર્ત કરે છે.

પારજાંબલી કિરણોની હાજરીમાં પેશાબના અદશ્ય ડાઘ આછા પીળા રંગના દેખાય છે. વીર્ય આછા નીલા રંગનું. પરસેવાના ડાઘ સાવ ઝાંખા પીળા રંગના, માથામાં નાખવાનું તેલ, ગ્રીઝ અને સૌંદર્યપ્રસાધનોના ડાઘ સહેજ રતાશ પડતા પીળા રંગના દેખાય છે.

આ કિરણો ઠંડાં છે અને સામાન્ય રીતે ગરમ પારામાંથી નીકળે છે. સામાન્યતઃ ઘરમાં વપરાતી ટ્યૂબલાઇટમાંથી પણ પારજાંબલી કિરણો નીકળે છે. સામાન્ય કાચ તે કિરણોને ખાઈ જાય છે એટલે ટ્યૂબની અંદરના ભાગે ચૂનો ગંધક અને ફૉસ્ફરસનું મિશ્રણ લગાડેલું હોય છે તે આ પારજાંબલી કિરણોને શોષી લઈ, દિવસના જેવું પ્રકાશિત શીતળ અજવાળું આપે છે. ગુનાશોધન માટે વપરાતો મરક્યુરી (પારો) લૅમ્પ ખાસ પ્રકારના ક્વાર્ટ્ઝમાંથી અથવા વધારે પડતા કૉબાલ્ટ કે નિકલયુક્ત કાચની પારદર્શક નળીનો બનાવેલ હોય છે. તેની અંદર પારાની વરાળ હોય છે. ઓછા દબાણમાં નીકળતો વીજળીપ્રવાહ-વીજાણુ પેદા કરે છે જે પારાની વરાળને લાગતાં પારાના અણુઓમાં વીજાણું વધે છે પણ પારો સ્થિર ધાતુ હોઈ તે વધારે વીજાણુવાળા પારાના અણુ ફરી પોતાની મૂળ સ્થિતિ પ્રાપ્ત કરવા વીજાણુને પાછા ફેંકે છે, એ પ્રવાહ પારજાંબલી કિરણોનો પ્રવાહ બની રહે છે. જાહેરાતો માટે રાત્રે જે સામાન્ય નીઓન લાઈટો વપરાય છે તે પણ પારજાંબલી કિરણોબહાર કાઢતી હોય છે. ગુનાશોધન માટે સામાન્ય ચાલુ દબાણમાં વાપરી શકાય તેવા પારજાંબલી ગોળા તથા પાવર સેલથી ચાલતી પારજાંબલી ટૉર્ચ પણ પ્રાપ્ય હોવાથી તેનો સરળતાથી ઉપયોગ થઈ શકે છે.

ગુનાના સ્થળે જે ખંડ તપાસવો હોય તેને બંધ કરી અંધારામાં પારજાંબલી લૅમ્પ વડે સઘળી જમીન, ભીંત, કપડાં, પાથરણાં, ફર્નિચર વગેરે ઝીણવટથી તપાસાય છે. જો ગુનાનું સ્થળ ખુલ્લા પ્રકાશમાં હોય તો તેને કૉર્ડન કરી રાત્રે અંધારામાં તેની તપાસ થાય છે. અને શકમંદ સ્થાન પર નિશાનો કરી લઈને પછી ખુલ્લા પ્રકાશમાં તે પદાર્થો બને તો ત્યાંથી ખસેડી લૅબોરેટરીમાં વધુ તપાસ અર્થે મોકલાય છે. જ્યાં એના પર બીજી રાસાયણિક પ્રક્રિયાઓ કરતાં યોગ્ય પુરાવા મળી રહે છે એટલું જ નહિ, ઘણી વાર બીજી અણધારેલી માહિતી પણ પ્રાપ્ત થાય છે. સામાન્યત : પોલીસ કિટ (ગુનાશોધનના સાધનોની પેટી)-માં પાર જાબલી કિરણોવાળો લૅમ્પ અને ટૉર્ચ હોય જ છે.

ગાડીના ડબામાંથી એક મોટી બિનવારસી પેટી મળી આવી. ખોલી જોતાં એમાંથી એક શબ નીકળ્યું. ખૂન કરીને કોઈએ શબને પેટીમાં નાખી રેલ્વેમાં ચડાવી દીધી હતી. એ રેલ્વે લાઈનનાં બધાં સ્ટેશનોના કુલીઓની તપાસ કરતાં જ્યાંથી એ પેટી ચડી હતી તે સ્થળની ભાળ મળી. મરનાર ત્યાં પાંચેક જણને ઘેર કંઈ કામ અંગે ગયો હતો તે પણ જાણવા મળ્યું. પણ કુલી આ પાંચેમાંથી એકેને એ પેટી મુકાવનાર તરીકે ઓળખી શક્યો નહિ. પોલીસે અન્ય તપાસ સાથે પારજાંબલી કિરણો વડે એ પાંચેનાં ઘરની તપાસ કરી. બહુ ધીરજને અંતે ત્રીજા માણસની તપાસમાં તેની ફરસ ઉપર નરી આંખે ન દેખાય તેવા લોહીના ડાઘ મળી આવ્યા. પણ તેવા ડાઘ રસોડા નજીક પણ હતા. વળી. તે માણસ માંસાહારી હતો. પાંચમા માણસના ઘરમાં સૂવાના ઓરડાની ફરસ પર પણ તેવા લોહીના ડાઘ મળી આવ્યા. તે પણ માત્ર શાકાહારી નહોતો. છતાં પોલીસને તેના ઉપર વધારે શક પડ્યો. વધુ ઊંડી તપાસમાં તેના સોફાની ધોવાએલી ખોળમાં પણ પારજાંબલી કિરણોએ શકમંદ ડાઘ હોવાની ફરીઆદ કરી. આના જોરે એના પર આકરા સવાલો થયા. ને અંતે ગુનાહિત માનસે ખૂન કબૂલ કરવું પડ્યું.

પચ્ચીસ વર્ષ પહેલાં



મે ૧૯૪૩ અંક ૨૩૩

ગોરા કાળા-ઘઉંવર્ણા માણસો ઉપરાંત માણસોને ફાડી ખાનાર, ત્સાવોના બે મનુષ્યભક્ષી સિંહોને લગતી લેo કર્નલ પૅટર્સનની આ પરાક્રમકથા, જગતના સાહસ સાહિત્યમાં વિશિષ્ટ સ્થાન ધરાવે છે. આફ્રિકામાં રેલવેના ઈજનેરી બાંધકામ દરમ્યાન અચાનક એને અત્યંત બુદ્ધિશાળી, ચાલાક, ભયકર, માણસખાઉ વિકરાળ સિંહોનો સામનો કરવો પડયો. એ પ્રસંગે એણે એકલે હાથે જે પુરુષાર્થ કર્યો એની આખી કથા અત્યંત રોમાંચક છે. (પચ્ચીસ વર્ષ પહેલાં શ્રી હરિનારાયણ આચાર્યે પોતાની ચોટદાર કલમે એનો 'કુમાર'ના વાચકોને મહિનાઓ સુધી અવિસ્મરણીય આસ્વાદ આપેલો.) આફ્રિકામાં આવીને કામે ચડી ગયા પછી થોડા જ દિવસમાં સિંહ દેખાયા ને બે-ત્રણ મજૂરો અજબરીતે અકસ્માત ગુમ થયા. શરૂઆતમાં તો તેના માનવામાં એ વાત ન આવી, પણ થોડા જ દિવસમાં એના જ શીખ જમાદાર અંજનસિંહનો કમકમાટીભર્યો ભક્ષ્ય સિંહોએ કર્યો, અને પૅટર્સને તેમને જેર કરવા કમ્મર કસી. પણ અનેક પ્રકારની મથામણો, પ્રયત્નો અને સાવચેતીઓ છતાં, ન સિંહ હાથ લાગ્યા, ન તેમનો ઉત્પાત શમ્યો. એમની રંજાડ છેવટે એટલી તો વધી પડી કે એ આખો પ્રદેશ ત્રાસથી થરથરી ઊઠયો, મજૂરો હિજરત કરી નાસી ગયા, છતાં પૅટર્સને લેશમાત્ર હિંમત ન હારતાં એમનો કેવી રીતે નાશ કર્યો તેની રોમાંચક હકીકતનો એક ભાગ મે ૧૯૪૩ના અંકમાં આવેલો તેની વાનગી:

હવે તો કમનસીબીની પરંપરાથી હું અકળાઈ ગયો હતો અને એનું પરિણામ એ આવ્યું કે મજૂરોના દિલમાં 'સિંહ ખરેખર કોઈ અવતારી અંશ છે એ માન્યતા દઢ બની બેઠી.

ડિસેમ્બરની ૯મી તારીખે ફરી એક નાસીપાસ કરનારી નિષ્ફળતા પછી છાવણીમાં પાછા ફરતાં પહેલાં સિંહે મારેલા ગધેડાની તપાસમાં હું ઊપડયો. એનો પૂછડા તરફનો થોડો ભાગ જ ખવાયો હતો, એટલે મારી ખાતરી થઈ કે બેમાંથી એકાદ સિંહ તો રાતે આરોગવા જરૂર પાછો આવશે. આથી નજીકમાં કોઈ અનુકૂળ ઝાડના અભાવે મેં ત્યાં જમીનથી દસબાર ફૂટ ઊંચો માચડો બંધાવ્યો. વળી અંધારિયાના દિવસો હતા, એટલે ગોળી મારતાં પહેલાં ખાઇને સિંહ ઘસડીને અંધારામાં દૂર ન લઈ જાય એ ઇરાદાથી ગધેડાના મુડદાને નજીકના એક ઠૂંઠા સાથે તારથી સજ્જડ બાંધી દીધું.

સાંજ પડતાં જ હું એ અગાસિયા આસન ઉપર ચઢી બેસી ગયો. હું બેઠો ન બેઠો, ત્યાં તો જોતજોતાંમાં અંધારું થઈ ગયું અને તમામ સ્થળે શાંતિ પથરાઈ ગઈ. આફ્રિકાની અંધારી રાતની શાંતિનું ભાન થવા માટે તો વર્ણન સાંભળવા કરતાં અનુભવ જ કરવો જોઇએ. એ ખરેખર માણસના એકેએક જ્ઞાનતંતુને ઝણઝણાવી નાખે એટલી ગાઢ ને અસાધારણ અસર કરનારી હોય છે; તેમાં યે જે પરિસ્થિતિમાં હું બેઠો હતો તેવી નિર્જન, સંગાથ વિનાની દશામાં તો વળી સવિશેષ. એક તો અત્યંત એકાંત ને ગાઢ શાંતિ, તેમાં મારા આજના જાગરણનો વિશિષ્ટ હેતુ, – એ તમામની મારા ઉપર એટલી બધી અસર થઇ કે હું વ્યસ્તચિત્ત બની આસ્તેઆસ્તે સ્વપ્નસ્થ જેવી દશામાં ઊતરી પડયો. આ અર્ધમૂર્છિત દશામાંથી હું જાગ્રત થયો એક ડાંખળું ભાંગવાના અવાજથી. કાન તાણીને સાંભળતાં, ગીચ ઝાડીમાંથી કોઈ વિશાળકાય પ્રાણી બળાત્કારે રસ્તો કરતું હોય એમ મને લાગવા માંડયું અને મનમાં નક્કી થયું કે 'આ તો નરભક્ષી જ! આજે જરૂર મારું નસીબ તેજ છે.'

પુનઃ ત્રણી સર્વત્ર ગંભીર શાંતિ ફેલાઈ ગઈ. માળા ઉપર નિશ્ચેતન જેવો સ્થિર થઈ હું બેઠો હતો. મારો પ્રત્યેક જ્ઞાનતંતુ આકાંક્ષા ને આવેગથી તંગ બની ગયો હતો. થોડી ક્ષણમાં તો સિંહની હાજરી વિષેની મારી તમામ શંકા નિર્મૂળ થઈ અને ઝાડીમાંથી ભૂખની ચોખ્ખી નિશાની જેવો 'હાંઉઉફ' કરતોક ઊંડો ગંભીર નિઃશ્વાસ સંભળાયો. એકાદ ક્ષણમાં એ સાવધાનીથી આગળ વધ્યો અને ઝાંખરાંનો ખડખડાટ ફરીથી શરૂ થયો. પણ બીજી જ ક્ષણે એ થંભી ગયો અને ગુસ્સાભર્યો ઘુઘવાટ કરવા લાગ્યો. મને સમજાયું કે એને મારી હાજરી જણાઈ ગઈ હતી! મને પણ થયું કે ફરી એક વાર મારા કર્મે નિષ્ફળતા લખાઈ છે.

પણ ના. આ વખતે તો હવે 'શિકારી' જાતે જ 'શિકાર' બની બેઠો અને ત્યાંથી નાસી જવાને બદલે કે એના માટે બાંધી રાખેલા તૈયાર ભોગને ઝડપવાને બદલે, સિંહે તો આ વખતે મને જ ઝડપવાનો નિશ્ચય કર્યો. ચોરપગલે હવે એણે મારી આસપાસ ભમવા માંડયું અને મારા ખડખડપાંચમ જેવા માચડા ફરતાં ચક્કર લગાવતાં લગાવતાં, કાંટાળાં ઝાંખરાં વચ્ચેથી રસ્તો કરીને આવતાં, એણે મારી અને તેની વચ્ચેનું અંતર ધીમેધીમે ઓછું કરવા માંડયું! આ રમત એ બરોબર બે કલાક સુધી રમ્યો. અને હું પણ, પ્રત્યેક ક્ષણે એ મારા પર ધસી આવશે એવી ખાતરીથી વાટ જોતો બેઠો. એના ધક્કાથી પાતળા થાંભલામાંનો એકાદ ભાંગ્યો તો...? અથવા મારી અને જમીનની વચ્ચેનું દસબાર ફૂટનું અંતર સિંહ માપી શકયો તો...? મને રૂંવેરૂંવે ઝણઝણાટી થઈ આવી અને આવી ભયંકર સ્થિતિમાં મારી જાતને મૂકવાની જાણી જોઇને મૂર્ખતા કરવા માટે ભારે પશ્ચાત્તાપ થવા લાગ્યો. આ મનોદશામાં પણ હું હાલ્યાચાલ્યા સિવાય સ્થિર થઇને બેઠો હતો. ખરું પૂછો તો આંખનું એક મટકું મારવા જેટલી પણ મારામાં હિંમત રહી ન હતી.

પણ આખરે લાંબા વખત પડેલા પરિશ્રમની અસર મારા જ્ઞાનતંતુઓ ઉપર થવા માંડી અને જ્યારે મધરાતે અચાનક પાછળથી કંઈક આવીને મારા માથાના પાછલા ભાગમાં 'પટાક' કરતું ને અથડાયું એ વખતની મારી લાગણીઓની પરિસ્થિતિ વર્ણવી શકાય એમ નથી. એનો તો કેવળ ખયાલ કરવો જ ઘટે. ઘડીભર તો હું એટલો થથરી ગયો કે પાટિયા ઉપરથી ઊથલી પડતાં સહેજમાં રહી ગયો. મને તો લાગ્યું કે સિંહે પાછળથી તરાપ મારી છે. પણ થોડીક વારમાં મન ઉપર કાબૂ આવતાં મેં જોયું કે મને અથડાએલી ભયંકર(!) વસ્તુ તો બીચારું એક ઘુવડ હતું. મને સ્થિર બેઠેલો જોઈ ને એણે ઝાડનું ઠૂંઠું જ માની લીધું હશે! સાધારણ પ્રસંગોમાં આ બનાવ કંઈ ભડકાવનાર ન ગણાય, પણ એ પ્રસંગે તો મને લગભગ પક્ષાઘાત જ થઈ ગયો! અજાણતાં મને ધ્રુજારી આવી ગઈ ને એનો પ્રત્યાઘાત માળા હેઠળથી ગાત્ર શિથિલ કરી નાખતા ભયંકર ઘુઘવાટે કર્યો.

આ પછી મારાથી બની એટલી સ્થિરતા મેં રાખી. જોકે આવેશને લીધે હું ધ્રૂજતો હતો. થોડી વારમાં સિંહને દબાતે પગલે મારી નજદીક ફરીથી આવતો મેં સાંભળ્યો. ભૂખરાં ઝાંખરાં વચ્ચે એ ભરાઈ ગયો હતો, એટલે મહામહેનતે મને એનું શરીર નજરે પડતું હતું. પરંતુ મારા એ ઘડીના કાર્ય માટે તો એટલું યે બસ હતું એટલે એ અડોઅડ આવી પહોંચે તે પહેલાં તો ધડકતે હૈયે પણ સાવધાનીથી નિશાન લઈ મેં ઘોડો દબાવ્યો. ભડાકાના અવાજ ભેગો જ ભયંકર ગર્જનાનો અવાજ આવ્યો ને ચોગરદમ તરફડાટ કરતો, ફદકા

મારતો. ધમપછાડા કરતો એ મને સંભળાવા લાગ્યો. કારણ હવે એને હું જોઈ શકતો ન હતો. ગોળી વાગતાં જ એક કૂદકે એ ગાઢ ઝાડીમાં પેસી ગયો હતો. એને ઘાયલ કર્યાની વધુ ચોકસાઈ કરવા, જે દિશામાં એની ફૂદાફૂદ સંભળાતી હતી તે તરફ મેં ગોળીઓ છોડ્યે જ રાખી. ધીમે ધીમે દર્દની ચીસોની એ પરંપરા નિઃશ્વાસના રૂપમાં ફેરવાઈ ગઈ અને આખરે રુદન શમી પણ ગઈ. અને મારી ખાતરી થઈ કે શેતાની જોડીમાંનો એક, જેણે આટલા મહિના અમને ત્રાહિ ત્રાહિ પોકરાવી હતી તે, હવે અમને વધુ ત્રાસ આપશે નહિ.

જેવા મારા ભડાકા બંધ થયા કે આસપાસની છાવણીઓમાંથી હોકારાના અને પૂછવાના અવાજો ઉપર અવાજો જંગલ ભેદીને આવવા લાગ્યા. મેં પણ વળતો જવાબ વાળ્યો કે 'ગભરાતા નહિ હું સલામત છું અને બેમાંનો એક સિંહ માર્યો ગયો છે.' એ સાંભળતાવેંત તમામ છાવણીઓમાંથી આનંદના પોકારનો એટલો બધો શોરબકોર થઈ ઊઠ્યો કે એ સાંભળીને માઈલો સુધી રહેતા આદિવાસીઓને ખરેખર આશ્ચર્ય થયું હશે. ઘડી વારમાં તો જંગલની આડમાંથી દીવાઓની હારમાળા ચમકતી દેખાવા લાગી છાવણીમાંથી એકેએક માણસ નીકળી ચૂક્યો હતો, ને ઢોલ નગારાં વગાડતા, પીપૂડા ફૂંકતા તેઓ બળતી મશાલો સાથે માચડા ભણી આવી રહ્યા હતા. આવતાવેંત એમણે માળાને ઘેરી લીધો અને 'મુબારક' 'મુબારક' બોલતાં એમણે મારી સમક્ષ જમીન ઉપર પડીને મને સાષ્ટાંગ દંડવત્ નમસ્કાર કર્યા. હું તો દંગ જ થઈ ગયો! એ રાતે તો મેં એમને સિંહના મૃત દેહને લેવા જવાની રજા ન આપી, કારણ કે વખતે એનો સાથી આસપાસમાં નજીકમાં જ ભમતો હોય. વળી, પેલો ઘાયલ થવા છતાં જીવતો અને છેલ્લો કૂદકો મારવા જેવી સ્થિતિમાં પણ હોય. પછી અમે બધા વિજય-પ્રસ્થાન કરતા છાવણીએ પાછા ફર્યા. બાકીની રાત આનંદપ્રમોદમાં ગાળવામાં આવી.

મારી પોતાની વાત કરું તો, મેં તો એ રાત આશંકાભર્યા ચિત્તે જ ગાળી અને પરોઢિયું થતાંમાં તો એ ચકચાર સ્થળે જવા નીકળ્યો—રખેને એ શેતાન કોઈ અજબ ને હેરતભરી રીતે મારા હાથમાંથી છટકી ગયો હોય! સદ્ભાગ્યે મારી બીક નિર્મૂળ નીવડી. આજ પર્યંત ખેલ ખેલીને હાથતાળી આપી જનારું નસીબ આખરે આ વખતે ચારી આપી ગયું હતું. લોહીની ધારે ધારે થોડાંક ડગલાં ગયા હોઈશ ત્યાં એક ઝાડીની ઓથેથી ચકરાવો ખાઈ નીકળતાં જ, મારી છાતી સામે જ, કૂદકો મારવા માટે જમીન સરસી છાતી ચાંપીને તૈયાર બેઠેલા પ્રચંડકાય સિંહને જોતાં જ હું છળી ગયો! પણ થોડી વારે ભાન થતાં પાસે જઈને જોતાં ખાતરી થઈ કે ખરેખર એ મરણશરણ થઈ ગયો છે. એ જોઈને મારા સાથીઓ હર્ષથી ઉન્મત્ત બની ગયા, ને એની આસપાસ વીંટળાઈને નાચવા, કૂદવા, ગાવા અને નાનાં છોકરાં પેઠે આનંદમાં બરાડવા લાગ્યા. કેટલાકે તો મને ખભા પર ઊંચકી લઈને સિંહ ફરતી પ્રદક્ષિણા પણ કરી લીધી.

આભાર માનવાનો આ બધો ક્રિયાવિધિ સમાપ્ત થતાં, મેં સિંહના મૃતદેહને તપાસી જોયો તો જણાયું કે એને મારી બે ગોળી બરોબર વાગી હતી. એક એના ડાબા ખભા ઉપર થઈ, હૃદયને વીંધીને ગઈ હતી, જ્યારે બીજીથી એનો ડાબો પગ ભાંગી ગયો હતો. નાકની અણીથી પૂંછડીના છેડા સુધીની એની લંબાઈ નવ ફૂટ આઠ આંગળ, અને ખભા આગળની ઊંચાઈ ત્રણ ફૂટ અને નવ આંગળ હતી! છાવણીમાં લઈ જતાં, આઠ માણસોએ તો એને ઉપાડવો પડ્યો હતો!

નરભક્ષીઓમાંના એકના નિકંદનના આ સમાચાર વીજળીવેગે દેશમાં ચારે તરફ ફેલાઈ ગયા. મુબારકબાદીના તારોનો તો મારા ઉપર વરસાદ જ વરસ્યો અને રેલવે લાઇન ઉપરથી માણસોનાં ટોળેટોળાં સિંહની ખાલને સગી આંખે નીહાળવા ઊતરી પડ્યાં."

'હસ્તે બાઈ હીરૂ'

'કુમાર'ની છેક શરૂઆતથી ક્વચિત્ કાચિત્ લખાતા રહેલા જીવનબોધક લઘુલેખોમાંનો એક પચ્ચીસ વર્ષ પહેલાં આવેલો, તેની વાનગી પણ ઉતારીએ :

"મારા એક મિત્રની પડોશમાં હીરૂબાઈ કરીને આધેડ ઉંમરની એક વિધવા રહેતી હતી. તેનો જુવાન દીકરો પરદેશ કમાવા ગયો ત્યારે એક ઓળખીતા દુકાનદારને ભળાવી ગયો કે 'મારી માને જે કાંઈ પરચૂરણ ચીજ જોઇએ તે મારે ખાતે લખીને આપજો. દિવાળી ઉપર હું ઘેર આવીશ ત્યારે હિસાબ ચૂકવી આપીશ' જતી વખતે દાણ લૂગડાં તો ઘરમાં ભરી ગયો હતો. એટલે બે રાશીપોશાકીના ચિંતા હીરૂબાઈને નહોતી માત્ર ઝીણીનાની પરચૂરણ ચીજ જોઈએ તે પેલા વેપારીને ત્યાંથી તે લઈ આવતી. બાર મહિને દીકરો ઘેર આવીને વેપારીને ત્યાં હિસાબ ચૂકવવા ગયો ત્યારે પોતાને નામે બસ્સો રૂપિયાનો આંકડો નીકળતો જોઈને તે આભો જ બની ગયો! હિસાબ તપાસતાં ચોપડામાં રકમો વિગતવાર લખી હતી :

એક પૈસાની દીવાસળી—હસ્તે બાઇ હીરૂ; બે પાઈની દીવેટ—હસ્તે બાઈ હીરૂ; પૈસાનું ધૂપેલ—હસ્તે બાઈ હીરૂ; એક આનાનું ઘાસતેલ—હસ્તે બાઈ હીરૂ... આમ બધી રકમો વિગતવાર 'હસ્તે બાઈ હીરૂ' કરીને માંડી હતી, અને નીચે ખાસ્સો બસો રૂપિયા લગભગનો સરવાળો હતો! દીકરાએ મૂગે મોઢે રૂપિયા ગણી આપ્યા.

છેક નાનપણમાં સાંભળેલી આ ખરી બનેલી વાતે જીવનમાં મને એક મોંઘો પાઠ ભણાવ્યો છે કે 'નાની ચીજોનો સરવાળો હમેશાં મોટો હોય છે.' હીરૂબાઈના હિસાબમાં વેપારીનો વિશ્વાસઘાત હતો કે નહિ એ વાત બાજુએ મૂકીએ; પણ એક વાત જે બાઈ હીરૂ ન કરી શકી તે તો જીવનમાં ખાસ મહત્ત્વની છે : 'પાછું વાળીને જોવાની.'

અને એ ચેતવણી માત્ર ખર્ચ કરવા પૂરતી જ ઉપયોગી નથી. જીવનમાં ડગલે ને પગલે આપણે પાછું વાળીને જોયા વિના ચાલીએ છીએ. ખાતી વખતે આપણે જેમ પાછું વાળીને જોતા નથી ને માંદા પડીએ છીએ, તેમ ખરચની વખતે આપણે આપણું ગજું વિસરી જઇએ છીએ; બોલતી વખતે આપણે આપણું ગૌરવ વિસરી જઈએ છીએ, સ્વાર્થવશ થઈ કોઈ અજુગતું કામ કરતાં આપણી આર્યતા—'ખાનદાની' વિસરી જઈએ છીએ.

પણ એ નજીવાં ગણાતાં મામૂલી ખર્ચો બેદરકારીથી બોલી નાખેલાં હળવાં વેણ, વિસાત વિનાનાં લાગતાં નાનાંનાનાં આચરણોનો સરવાળો, બાઈ હીરૂના હિસાબની માફક, એટલી ધીમી ને અદૃશ્ય રીતે વધતો જતો હોય છે કે એક દિવસ ઓચિંતો તે આપણને પાયમાલી કે પસ્તાવાના કાદવમાં તરફડતા કરી મૂકે છે.

ઝાઝી કીડીઓએ સાપને હણ્યો હતો એ વાત જીવનમાં બધાં જ ક્ષેત્રોમાં હમેશને માટે સાચી છે. નાનાનજીવા લાગતા પ્રસંગો આપણે માત્ર જરાક જ ખમચીને વિચાર કરીએ, થોડીક જ વાર આત્મપરીક્ષા કરી લઈએ, ખરે વખતે ચેતીને પાછું વાળી જોઇ લઇએ, તો—

તો ? 'હસ્તે બાઈ હીરૂ'ની માફક આપણે 'હસ્તે' જીવનના અદૃશ્ય ચોપડામાં આપણે ખાતે લખાતા હિસાબનો સરવાળો જોઇને પસ્તાવાનો વખત કદી નહિ આવે. —ઈ. ત."



માધુકરી

સંકટભરી આ જિંદગીથી હારનારો હું નથી,
સાગર ડુબાડી દે મને એવો કિનારો હું નથી,
મારે સદા અજવાળવા અંધારઘેરા પંથ સૌ,
ચમકી અને તૂટી પડે એવો સિતારો હું નથી!

—શેખ'દમ આબુવાલા

સ્વ. બડે ગુલામઅલીખાં

પંડિત ઓમકારનાથ ઠાકુરના અવસાનનો આંચકો હજી તાજો જ છે, ત્યાં ભારતીય સંગીતનો એક બીજો સિતારો ખરી પડયો. લાંબા સમયની બીમારી બાદ ૨૩ એપ્રિલે રાત્રે બડે ગુલામઅલીખાંનું હૈદરાબાદમાં અવસાન થતાં ભારતીય સંગીતક્ષેત્રે આ બીજી એવી ખોટ પડી છે કે જે કદાચ ન યે પુરાય.

લાહોર નજીક કાસૂર ગામમાં પેઢીએથી સંગીતની સાધના કરતા આવેલા ઘરાણામાં એમનો જન્મ. પિતા અલીબક્ષ પતિયાળાના શીખ રાજદરબારના ગવૈયા હતા. પ્રપિતામહ મહારાજા રણજિતસિંહના દરબારમાં હતા. કાકા કાલેખાં પણ વિખ્યાત ગવૈયા હતા. ગુલામઅલીખાંને સંગીતની ઘણીખરી તાલીમ પણ એમણે જ આપેલી.

ઈ. ૧૯૨૫માં પહેલી વાર લખનૌમાં અખિલ હિંદ સંગીત પરિષદમાં પિતાની સાથે એમણે ગાઇને પોતાની આગવી પ્રતિભા દર્શાવી આપી ત્યારથી પ્રકાશતી આવેલી એ પ્રતિભાએ ઈ. ૧૯૩૯માં કલકત્તાના અધિવેશનમાં પોતાના શકવર્તી ગાનથી હિંદુસ્તાની સંગીતના ઇતિહાસમાં પોતાનું અમર સ્થાન પ્રાપ્ત કરી લીધું. છતાં હજી એક વર્ગ એમને માત્ર ઠુમરીના ગાયક તરીકે જ ઓળખાવતો હતો. પણ વિક્રમ સહસ્રાબ્દી નિમિત્તે મુંબાઈમાં યોજાએલા સંગીત સમારંભમાં એમણે સમગ્રતયા એક ઉચ્ચોચ્ચ સંગીતકાર તરીકેની સાબિતી આપી દીધી. અને આમ ઉત્તરોત્તર કીર્તિના શિખરો સર કરતા જઈ એમણે ભારતભરમાં નામના મેળવી લીધી. ઈ. ૧૯૪૪માં ગાંધીજી સમક્ષ એમણે 'રાધે કૃષ્ણ બોલ' ગાઈને એમની પણ ભારે પ્રશંસા મેળવેલી. એમનાં 'હરિ ૐ તત્સતે' રાજાજી પર પણ એવો જ પ્રભાવ પાડેલો.

હળવી 'ગઝલ'થી માંડી પંજાબી લોકગીતો, ભજન, ટપ્પા, દાદરા, ખયાલ વગેરે કોઈ પણ ગાન-પ્રકારને એ પોતાની લાક્ષણિકતાથી રજૂ કરતા. ઠુમરીના તો એ 'બાદશાહ' ગણાતા.



કર્ણાટકી સંગીત પ્રત્યે પણ એમને એટલો જ આદર હતો. આફતાબે મૌસિકી ફૈયાઝખાં પણ જેના આશિક હતા તે એમનો અવાજ, તાર ષડ્જ લગાવતાં યે ત્રણે સપ્તકમાં ઘૂમી વળતો અને અવરોહમાં મીંડ લેવાની એમની ખૂબી તો ભલભલા રિયાઝીને માટે પણ કપરી હતી. એવી જ ખૂબી હતી બારેબાર સ્વરોના ક્રમસરના આરોહાવરોહ લેવાની એમની સાહજિકતામાં. સંગીત એ એમને મન વ્યવસાય નહિ, જીવનનો એક અંતર્ગત ભાગ હતો.

'સબરંગ'ના ઉપનામે એમણે પોતે સંખ્યાબંધ રચનાઓ કરી છે અને બહુધા પોતાની એ રચનાઓ જ તેઓ ગાતા. 'હરિ ૐ તત્ સત્'; 'આયે ના બાલમ' વગેરે એમની ઉત્તમ જાણીતી કૃતિઓ છે. 'તોરે તિરછી નજરિયાં કે

વહાણકથા-૫

ગ્રીસનું વહાણવટું આગળ વધી રહ્યું હતું ત્યારે, આરંભમાં તો એના ઉમરાવો આસપાસના દરિયામાં માત્ર સાહસ ખાતર ચાંચિયાગીરી ચલાવતા, પણ ધીરે ધીરે એક રાષ્ટ્ર તરીકે ગ્રીકમાં સાગરયાત્રાનો પ્રેમ વધવા માંડયો. ઈ. સ. પૂર્વે ૮મી સદીમાં ત્યાંના લોકો પશ્ચિમમાં આગળ વધી ઈટાલીની દક્ષિણે સિસિલી બેટમાં જઈ વસ્યા અને ત્યાંથી સંબધો વધારવા સાથે ઉત્તરમાં પ્રસરતા ગયા. આમ, ગ્રીસના વિચારો, ખાસ કરીને કળાના આદર્શો પણ એ તરફ ફેલાયા. એ ઉત્તર તરફના લોકો એમના પાટનગર રોમના નામ પરથી રોમન કહેવાતા. ગ્રીસને અનુસરીને ઈ. સ. પૂર્વે ૪થા સૈકામાં તેઓ પણ વહાણ બનાવતા થઈ ગયા. આગળ જતાં રોમન વર્ચસ્વ ઘણું વધી ગયું અને ઈ. સ. પૂર્વે ૨૭૫ સુધીમાં તો એમણે આસપાસનાં બધાં ગ્રીક નગરો જીતી લીધાં. આ પછી ભૂમધ્ય સાગરમાં ઉત્તર આફ્રિકાના કિનારે, આજના ટ્યુનિસની નજીક આવેલું કાર્થેજ જ રોમનોનું એકમાત્ર હરીફ રહ્યું હતું. એ પણ ઈ.સ. પૂર્વે ૨૬૪થી રોમનોના હુમલાઓ સામે ઉત્તરોત્તર વધુ માર ખાતું રહી અંતે ઈ. સ. ૧૪૬માં સદાને માટે હાર પામ્યું.

આ યુદ્ધો દરમિયાન રોમનોને યુદ્ધનૌકાઓની જે જરૂર પડી તે તેમણે પરદેશી નૌકાઓ પડાવી લઈને અને એની નકલો કરીને પૂરી કરી. એમને મન વહાણ એ યુદ્ધનું એક સાધન જ હતું. ગુલામોની એમની પાસે સારી છત હતી. વહાણની અંદર ઠાંસીઠાંસીને ગુલામો બેસારીને એમને હલેસાં મારવામાં પ્રયોજતા અને તૂતક પર સૈનિકો લડવામાં રોકાતા. રોમનો જેટલા સારા લડવૈયા હતા એટલા સારા નાવિક ન બન્યા અને પરિણામે વહાણની બાંધણીમાં એમની કોઈ વિશિષ્ટ દેણગી જણાઈ નહિ. ગ્રીક વહાણની સરખામણીમાં કદમાં એ રોમન યુદ્ધજહાજો ઘણાં મોટાં હતાં, પણ એની બાંધણી એવી ભારેખમ હતી કે મુક્તપણે તે પાણી પર હરીફરી શકતાં નહિ.



રોમન યુદ્ધનૌકા

બાન' એમની પ્રિય ને બહુવિખ્યાત ઠુમરી છે.

હૃષ્ટપુષ્ટ શરીર, ને ભરાવદાર મૂછોવાળો કંઈક નીચા કદનો એ-મનો બાંધો પહેલવાન જેવો દેખાતો અને ખરેખર એમને કુસ્તીનો શૉખ પણ હતો જ. મીઠાઈના પણ એ એવા જ શૉખીન હતા, અને રમૂજી પણ પૂરા. દયાળુ પણ એટલા કે પોતાની લગભગ બધી કમાણી પરહિતાર્થે જ વાપરી નાખતા. નમ્રતા પણ એવી જ, કોઈ પણ સંગીત-રસિયા સામે એ વિનાગુમાન ગાવા લાગી જાય. ને રિયાઝ તો સતત ચાલુ જ,—ચાહે ઘરમાં હોય, ચાહે વાહનમાં યા દરિયાકાંઠે ફરતા હોય.

શુદ્ધ શાસ્ત્રીય ગાયકીના આગ્રહીથી માંડી માત્ર મધુર સંગીતના અનભિજ્ઞ ચાહક સુધી સૌકોઈને એમની બેઠકમાં છેવટ સુધી રસ જળવાઈ રહે એવી એમની કળા હતી. લોકોએ એમને મન ભરીને આવકાર્યા; ભારત સરકારે એમને 'પદ્મભૂષણ'નું માન આપ્યું; કલકત્તા યુનિવર્સિટીએ એમને સંગીતની માનાર્હ ડૉક્ટરેટની ઉપાધિ આપી. અફઘાનિસ્તાનના શાહે એમને પોતાના દરબારમાં જોડાવાનું નિમંત્રણ આપ્યું. (જોકે એમણે એ સ્વીકારેલું નહિ.) જ્યાં જ્યાં એમણે ગાયું ત્યાં ત્યાં માનઅકરામ પામ્યા. ઘરઆંગણે શીખેલા થોડા ઉર્દૂ, અરબી અને હિંદી સિવાય એમણે શાળાની કોઈ તાલીમ ભલે નહિ લીધેલી, પણ એમને એવી જરૂર જ નહોતી એમ એમનું જીવન જોતાં સહેજે લાગે. આરંભમાં લાહોર અને પંજાબમાં જ એમનું ક્ષેત્ર હોઈ ભાગલા પછી એ થોડો સમય પાકિસ્તાનમાં પણ રહ્યા હતા (અને આજે યે એમનો મોટો પુત્ર ત્યાં જ છે) પરંતુ એમનો આત્મા ભારતીય જ હોવાથી ભારતમાં પાછા આવીને જ એમણે શાંતિ મેળવી. સંગીતની અદ્ભુત શક્તિના પૂરા હિમાયતી હોવા છતાં મલ્હારથી વરસાદ વરસાવવા જેવી કે દીપકથી દીવા પેટાવવા જેવી સંગીતની કૌતુકભરી જાદુઈ અસરને તેઓ નકારી કાઢતા.

એમના નાના પુત્ર મુનવ્વરઅલીખાં, તુલસીદાસ શર્મા, પ્રસૂન બૅનરજી અને મીરાં બૅનરજી તથા દિલ્હીના વિનોદકુમાર વગેરે જેવા એમના અગ્રગણ્ય શિષ્યોમાં તથા સૌથી વિશેષ તો સંખ્યાબંધ રૅકૉર્ડ અને ઑલ ઇંડિયા રેડિયો પરના એમના સંગીતના સંગ્રહમાં એમનો અદ્વિતીય અમર સૂર જળવાઈ રહ્યાનું આશ્વાસન હોવા છતાં એનો સર્જક સ્રોત હવે વિલીન થઈ ગયાનું દુઃખ કોઈ પણ સંગીતપ્રેમીથી ભૂલી શકાય તેવું નથી જ.

રેવ. માર્ટિન લ્યૂથર કિંગ

'સત્યને જાણતા છતાં એને પાળીએ નહિ એથી વિશેષ કરુણ આ દુનિયામાં શું હોઈ શકે? ઝાહળાટ અનિષ્ટો વચ્ચે હું રહી શકું એમ નથી.'

બે કરોડ હબસીઓને સમાન અધિકારો અપાવવા અમેરિકામાં છેલ્લા દાયકાથી અહિંસક લડત ચલાવનાર, અહિંસાના પૂજારી અને મહાત્મા ગાંધીજીના અગ્રિમ અનુયાયી, ૧૯૬૪માં સૌથી નાની વયે શાંતિ માટેનું નોબેલ પારિતોષિક મેળવનાર બીજા હબસી ને ચૌદમા અમેરિકન, ડૉ. માર્ટિન લ્યૂથર કિંગના ઉપર્યુક્ત શબ્દો ગયા (એપ્રિલ) માસની ચોથીએ એક હત્યારાની ગોળીએ સાચા પાડ્યા છે.

ઝળહળાટ અનિષ્ટો વચ્ચેથી વિદાય લઈ ચૂકેલા એ ડૉ. કિંગનો જન્મ ઈ. ૧૯૨૯માં જ્યૉર્જિયા પરગણાના આટલાંટા શહેરમાં થએલો હતો. છ વર્ષની વયે ગોરા બાળક સાથે રમતાં અટકાવી માતાએ ગોરા-કાળાનો ભેદ સમજાવવા સાથે એ વિષે લઘુતાગ્રંથિ નહિ અનુભવવાની પણ સમજ આપી હતી. પિતાએ એમને મહા પ્રૉટેસ્ટન્ટ ધર્મસુધારક માર્ટિન લ્યૂથરની વાતો કહી એમનું માઇકેલ નામ બદલી નાખ્યું હતું. એમના મોસાળ દાદા રેવ, એ. ડી. વિલિયમ્સ દક્ષિણના રંગભેદ-વિરોધી નેતાઓમાંના એક હતા, અને એમના પિતાએ ગોરા-કાળાના



''આ હત્યારાઓની બાબતમાં વિચિત્ર વાત તો એ છે, ડૉ. કિંગ, કે તેઓ માને છે કે એમણે આપણને મારી નાખ્યા છે.'' (વિખ્યાત અમેરિકન કાર્ટૂનિસ્ટ બિલ મૉલ્ડિનનું આ કાર્ટૂન 'શિકાગો સન-ટાઈમ્સ'માં આવેલું, તે અમેરિકાનાં ઘણાંખરાં પત્રોએ પ્રકટ કર્યું હતું.)

સમાન પગારધોરણ માટે તેમજ આટલાંટાની અદાલતમાં અલગ લિફ્ટ નાબૂદ કરવા માટે લડતો ચલાવેલી. ડૉ. કિંગે બૉસ્ટન યુનિવર્સિટીની ધર્મશાસ્ત્રમાં ડૉક્ટરેટની પદવી પ્રાપ્ત કરી હતી.

૧૯૫૫માં ડૉ. કિંગના જીવનમાં ત્રણ મહત્ત્વની ઘટનાઓ બની. ૧) કૉરેટા સ્કૉટ નામની મધુર કંઠી આલાબામાની યુવતી સાથે લગ્ન, ૨) આલાબામામાં ડેક્સ્ટર ઍવન્યુ બાપ્ટિસ્ટ ચર્ચમાં પાદરીપદ અને ૩) બસમાં ગોરાઓની સીટ પર બેસવા માટે રોઝા નામની હરજાણના થએલા દંડ સામે આપેલી લડત, જેમાં બસ-બહિષ્કારના ૩૮૨ દિવસ ચાલેલા આંદોલને એમને રાષ્ટ્રભરમાં વિખ્યાત બનાવી દીધા.

એ પછી, આસપાસના વાતાવરણમાંથી ખ્રિસ્તી આદર્શો મેળવી એને અમલમાં મૂકવાનું ગાંધીજી પાસેથી શીખનાર આ સત્ય અને અહિંસાના ઉપાસકે હબસીઓના સમાન અધિકારો માટે અનેક અહિંસક લડતો ચલાવી, જેલો ભોગવી ઘર પર બૉંબના હુમલાનો ત્રાસ અનુભવ્યો.

૧૯૫૯માં મુંબઈ, અમદાવાદ, રાજકોટ ને દિલ્હીને આવરી લેતી ભારતની એક માસની મુલાકાતમાં એમણે ગાંધી-ફિલસૂફીનો અભ્યાસ કર્યો હતો ને ગાંધીજીવન સાથે સંબંધિત સ્થળોની મુલાકાત લીધી હતી.

અત્યંત પ્રવૃત્તિમય જીવન જીવતા પ્રખર વક્તા ડૉ. કિંગે અને 'સ્ટ્રાઈડ ટૉવર્ડ ફ્રીડમ' ને 'વ્હાઈ વી કાન્ટ' નામે બે સુંદર પુસ્તકો લખ્યાં છે.

'ટાઈમ' સામયિક દ્વારા ૧૯૬૩ના શ્રેષ્ઠ માનવી તરીકે લેખનાર ડૉ. કિંગને અમેરિકાની ઘણી વિદ્યાપીઠોએ માનાર્હ પદવીઓ અને ધાર્મિક તથા સામાજિક સંસ્થાઓએ માનઅકરામ આપેલા.

મિસરમાં ગોપૂજા

કૈરોની દક્ષિણે તેર માઈલ દૂર મિસરની પ્રાચીન રાજધાની મેમ્ફિસ નજીક હમણાં થએલા ઉત્ખનનમાં ભૂતકાળમાં પ્રચલિત ગોપૂજા અંગેના પુરાવા મળી આવતાં, લગભગ એકાદ દાયકાથી ચાલી રહેલા ગૌમાતા-ઍમિસના મંદિરનું સંશોધન પૂરું થયું છે.

કાળાનુક્રમે થતા રહેલા ફેરફારોને લીધે એ મૂળ મંદિર તો નાશ પામ્યું છે, પણ છેલ્લે ૧૨મી સદી સુધી ત્યાં ખ્રિસ્તીઓ વસ્યા હશે એમ જણાય છે. અહીંથી મળી આવેલા શિલાખંડો પરના પ્રાચીન લખાણ પરથી એને ઍમિસના મંદિરના અવશેષો તરીકે ઓળખી શકાય છે.

સંશોધનમાં ગાયની એક મૂર્તિ પણ મળી છે જેનું ધડ લાકડાનું છે અને એના પર ગાયની સાચી ખોપરી ઉપર માટી ભરીને કોરેલું મસ્તક જડેલું છે. પીઠ પર ઝૂલ આલેખેલી આ ગાય ધોળા અને કાળા રંગે રંગેલી છે. સરજનહારના જ એક અવતાર રૂપે એ અહીં પૂજાતી હતી. આ ઉપરાંત, અહીંથી કમળફૂલની સંજ્ઞાઓ પણ મળી છે. ભારતની સંસ્કૃતિ સાથે પણ ગાય અને કમળ છેક ઈ. સ. પૂર્વેથી સંકળાએલાં હોઈ આપણા સંશોધકોને આમાં વધુ રસ પડશે.

'કચ્છતિવુ'=કચ્છદીવ

રામેશ્વર અને લંકાના ઉત્તર બિંદુ વચ્ચે થોડાક માઈલની જે સામુદ્રધુની છે, તેમાં એકાદ માઈલના જ વિસ્તારનો આ દ્વીપ છે; તેની માલિકી કોની?— હિંદની કે સિલોન-લંકાની?—એ પ્રશ્ન હવે જાગ્યો છે.

આ ટાપુનું નામ તમિળમાં 'કચ્ચાતિવુ' જેવું બોલાય છે. તમિળમાં અંત્ય 'અ', 'ઉ' સ્વરો અનુક્રમે 'આ' અને 'ઉ' જેવી શ્રુતિ માત્ર જ છે; તે આપણી ભાષાઓ પેઠે બોલાય નહિ. 'તમિળ નાડુ' નહિ. પણ 'તમિળ નાડ' સાચું છે; અંત્ય ઉ-શ્રુતિ કેવળ બોલાય, લખાય નહિ.

વળી, તમિળમાં ત, થ, દ અથવા ક, ખ, ગ ત્રણે એક જ અક્ષરે લખાય છે; જેમ કે, 'કાંતિ' ને 'ગાંધી' સરખા જ અક્ષરોમાં લખાશે! બોલવામાં કાંઈક હ-શ્રુતિ નાખી 'કાંતિ' બોલે એટલે 'ગાંધી' સમજાય.

આમ, 'કચ્ચાતિવુ' પેઠે બોલાતો તમિળ શબ્દ બરોબર લખવો હોય, તો તે 'કચ્છદીવ' એમ લખવો ઘટે, (દીવ=દ્વીપ. સૌરાષ્ટ્રમાં 'દીવ' છે તે પણ અર્થતઃ 'કચ્છ-દીવ' જ છે. 'કચ્છ'નો અર્થ સંસ્કૃતમાં મોટા પ્રદેશને છેવાડે આવતો આવો જમીનનો ટુકડો—એવો જ છે.)

આપણા દેશની ભૂગોળનાં નામઠામ અંગ્રેજી લિપિને લીધે આપણા જ લોકમાં ખોટાં બોલાયા કરે છે, એ આપણાં સંસ્કાર તથા સ્વમાન વિષે દોષરૂપ છે. એમ બોલવાથી જેની ભાષાનું નામ હોય તે સામાને અપમાન લાગે. આપણી એક્તાને ખાતર એવું ન કરવું ઘટે.

(સત્યાગ્રહ) —મ. પ્ર. દેસાઈ

હિપ્પી

અમેરિકામાં આ એક નવી જમાત નીકળી છે અને આજકાલ વર્તમાનપત્રોમાં તેને અંગે અવારનવાર વાંચવા મળે છે. આમ તો અંગ્રેજીમાં 'હિપ' એટલે ઢીંઢું થાય છે. ઢીંઢું ધુણાવીને નાચે તે હિપ્પી. જેમ બાવાની જમાતમાં કોઈ પણ નાતની વ્યક્તિ સામેલ થાય ત્યારે તે બાવો કહેવાય, તેમ કોઈ પણ ગંજેરી ભંગેરી, કોઈ પણ ચસકેલ, કોઈ પણ વિચિત્ર અથવા વિચિત્ર હોવાનો દેખાવ કરનાર અને કોઈ પણ જિજ્ઞાસુ કે મુમુક્ષુ હિપ્પીમાં ખપી જાય છે! વાળ વધારવા, વિચિત્ર પોશાક પહેરવા, પાશ્ચાત્ય હોવા છતાં પૌરસ્ત્ય દેખાવું, ભાંગ ગાંજો ચરસ વગેરે પીવાં, 'એલ. એસ. ડી.' નામનું કેફી દ્રવ્ય પણ લેવું, નિજાનંદે મસ્ત રહેવું. બ્રહ્માનંદની ખોજમાં રહેવું અથવા રહેવાનો દેખાવ કરવો, અલગારી થઈને રખડવું, આ બધી હિપ્પીની રહેણીકરણી છે. મુંબાઈમાં ખાસ કરીને કોટના વિસ્તારમાં ક્યાંક કોઈક અમેરિકન હિપ્પી મળી જશે. હિપ્પીઓના પ્રતાપે હમણાંહમણાં યુરોપમાં અને ખાસ કરીને અમેરિકામાં ગાંજાની વપરાશ ઠીકઠીક વધી ગઈ છે!

(અખંડઆનંદ) —વિજયગુપ્ત મૌર્ય

વિલાયતથી 'બિટલ' નામે ઓળખાતાં યુવાન-યુવતી ગાયક યુગલો હૃષિકેશમાં યોગાભ્યાસ કરવા આવે છે; એમ એવી જ બીજી એક નવીન યુવક જમાત અમેરિકામાંથી કાશીમાં ઊતરી આવી છે,—જેને તે દેશમાં 'હિપ્પી' કહે છે. આ 'હિપ્પી'ઓ ભિખારી વેશે 'અનિકેત' બની ફરે છે. આ વિલાયતી યુવક-યુવતીઓ તેમના સમાજમાં ઊતરી ગએલાં નકામાં નથી; તેઓ કાર્યકુશળતા ધરાવે છે; પરંતુ તેમને ત્યાંના લોકજીવનથી સંતોષ નથી—તેમાં કોઈ સુખદ માર્ગ દેખાતો નથી: તેમને એક પ્રકારનું માનસિક મારગ-ભૂલાપણું લાગે છે.

આ વિદેશી નવજુવાનો એ વિરહાગ્નિને શમાવવા શીતળતાની શોધમાં હિમાળો ખેડે છે કે ભિક્ષાચર્યા કરતા ફરે છે. તેઓ વ્યસની છે-દારૂને બદલે ભાંગ અને ગાંજો વાપરે છે. તેમાં તેમને જુદા કોઈ મનોલોકનું સ્વર્ગ દેખાય છે. આ વ્યસન-યોગ વિષે 'ભૂમિપુત્ર' કહે છે: 'દસ ટકા જેટલા અમેરિકન વિદ્યાર્થીઓ LSD નામે સંમોહક દવાનો ઉપયોગ કરે છે, પરાયાપણાની લાગણી અનુભવતા વિદ્યાર્થીઓ પોતાની અસ્વસ્થતા ભૂલવા આ દવાનો આશરો લે છે. સાંસ્કૃતિક, નૈતિક ને માનવીય ભૂમિકાએ તેઓ પ્રચલિત અમેરિકન જીવનમૂલ્યોને ધિક્કારે છે. એમને મન આજનો અમેરિકન સમાજ કદરૂપો, કઢંગો, ધંધાદારી, ભૌતિક ને માનવીય મૂલ્યોનો હ્રાસ કરનારો છે.

(સત્યાગ્રહ) —'લોકચર'

'ગ્રીનિચ મીન ટાઇમ' રદ

જેના આધારે આખી દુનિયાનાં ઘડિયાળો મેળવાતાં એ 'ગ્રીનિચ મીન ટાઇમ' છોડીને બ્રિટનની પાર્લમેન્ટે હવે, ઈ. ૧૯૪૯માં યુરોપે અપનાવેલા 'સેન્ટ્રલ યુરોપિયન ટાઈમ'ને અનુસરવાનું નક્કી કર્યું છે.

ઈ. ૧૭૬૭માં ગ્રીનિચ મીન ટાઈમની શરૂઆત થએલી. ગ્રીનિચમાંથી પસાર થતી એક ઉત્તરદક્ષિણ રેખા નક્કી કરી, ત્યાંના શાહી ખગોળવિદે એને આરંભની રેખા ગણાવી હતી. એના આધારે શાહી આરમારના નાખુદાઓ દુનિયાના કોઈ પણ ભાગમાં દરિયો ખૂંદતા એક સર્વદેશીય સમયસંદર્ભ જાળવતા. ઈ. ૧૮૮૪માં ગ્રીનિચ મીન ટાઈમને 'આંતરરાષ્ટ્રીય સમયસંદર્ભ' તરીકે સ્વીકાર કરાએલો. પણ ત્યારે તો આખી દુનિયા પર બ્રિટનનો ડંકો વાગતો હતો. આજે હવે એ પોતાને યુરોપ સાથે જોડવા અને પોતે પણ એક યુરોપીઅન દેશ છે એમ દર્શાવવા મથી રહ્યું છે. ઇતિહાસપટ પરથી બ્રિટનના ગૌરવનો 'સમય' જાણે પૂરો થઈ રહ્યાની એ નિશાની છે. (ટા. ઑ. ઇંડિયા)

આ માસ (મે) ઇતિહાસમાં · વ્યક્તિવિશેષ · પ્રસંગવિશેષ

વ્યક્તિવિશેષ: મૅકિયાવેલી

રાજનીતિ અંગેના કેટલાક આગવા ખયાલો રજૂ કરતા પુસ્તક 'ધી પ્રિન્સ' (અલ પ્રિન્સપી)ના સર્જક મૅકિયાવેલીનું નામ આજે યે ઘણું જાણીતું છે.



નિકૉલી દિ બર્નાર્ડો દેઈ મૅકિયાવેલી એ એનું પૂરું નામ. પિતૃ તેમજ માતૃ પક્ષે ગર્ભશ્રીમંત કુટુંબના એ નબીરાનો જન્મ ઈ. સ. ૧૪૬૯ની ૩જી મેના રોજ ફ્લૉરેન્સમાં થએલો. મેડિસીની દેશનિકાલી પછી ચાર વર્ષે સ્થપાએલા ફ્લૉરેન્ટાઈન પ્રજાસત્તાકમાં યુદ્ધનું દફતર અને ગૃહખાતાની જવાબદારી સંભાળવા સાથે એણે ચૌદ વર્ષ સુધી એના રાજદૂત તરીકેની ફરજ પણ બજાવેલી અને એ અન્વયે એ કાળે અંદરોઅંદર લડતા બાખડતા યુરોપનાં ઘણાં રાજ્યોની સફર ખેડેલી.

ઈ. ૧૫૧૨માં મેડિસીએ ફરી સત્તા હાથ કરી. પ્રજાસત્તાકની પુનઃસ્થાપના કરવાની ચળવળ ચલાવવાના આરોપસર મૅકિયાવેલીને કેદની સજા થઈ જેમાંથી થોડા સમય બાદ એને મુક્તિ તો મળી પણ પછી એને સદાને માટે ફ્લૉરેન્સથી દૂર કૅશીઆનો નામે એક ગામડામાં જઈ રહેવું પડ્યું. ત્યાં દિવસે એ ખેતી કરતો અને રાત્રે, એના જ શબ્દોમાં કહીએ તો 'બીજાને ખર્ચે મેળવેલા અનુભવો'-ના નીચોડ રૂપ પોતાના બે ગ્રંથો–'ધી પ્રિન્સ' અને 'ડિસ્કોર્સિઝ'નું એણે લખાણ કર્યું.

'ધી પ્રિન્સ'માં મૅકિયાવેલીએ પોતાની મિતાક્ષરી ને જુસ્સાદાર ઈટાલી ભાષામાં નવા પ્રિન્સે (રાજા કે સરમુખત્યારે) કઈ રીતે પોતાની સત્તા સ્થિર કરવી જોઈએ એ દર્શાવ્યું છે. ઍરિસ્ટોટલના 'પોલિટિક્સ' પછી ઇતિહાસમાં એણે જ કદાચ રાજકારણને આ રીતે ચર્ચ્યું છે. પોતાના પ્રવાસો દરમિયાન જે કંઈ જોયું અને ઈતિહાસમાં એણે જે કંઈ વાંચ્યું એના આધારે લોકો વિષે એણે બાંધેલા ખયાલો પર આધારિત પોતાના વિચારો દર્શાવતાં મૅકિયાવેલીએ અફર વ્યવસ્થાવાળા સમાજના આદર્શની કલ્પનાને નકારી કાઢી છે. નરી વાસ્તવિક દૃષ્ટિએ કરેલાં અવલોકનોને પરિણામે સામા માણસના ગુણો પ્રત્યે લાગણીશૂન્ય બની મૅકિયાવેલીએ રાજ પ્રત્યે લોકોની જે વર્તણૂકની આશા રાખી છે તેના પર એણે પોતાના રાજનીતિના વિચારો ઘડ્યા છે. એના મતથી રાજકારણમાં 'અંતિમ પરિણામ જ એનાં સાધનોને ન્યાય આપે છે.' 'લોકોને કાં તો સારી રીતે સાચવવા જોઈએ યા એમને તદ્દન દાબી દેવા જોઈએ; કેમ કે તેઓ નાની બાબતોનો બદલો લઈ શકે છે પણ મોટીનો નહિ.' 'જે 'પ્રિન્સ'-ને પોતાનું વર્ચસ્વ જાળવવું હોય એને જરૂર પડયે ખોટું કામ કરતાં યે આવડવું જોઇએ.' 'પ્રિન્સમાં બધા જ ગુણ હોવા જરૂરી નથી, પણ એ ગુણો એનામાં છે એમ દેખાવું તો જોઈએ જ.' આ અને આવા અનેક સૂત્રોથી ભરેલા એના ગ્રંથમાંથી જે મુખ્ય સૂર ઊઠે છે તે એ છે કે 'રાજ્ય એ જ સર્વોપરી સત્તા છે અને એના રક્ષણાર્થે ન્યાય કે નીતિમત્તાને પણ ગૌણ ગણવા જોઇએ.'

'ડિસ્કોર્સિઝ'માં એણે પ્રજાસત્તાક રાજ્ય અંગે લેખો લખ્યા છે. પણ એ ઉપરાંત, મૅકિયાવેલીએ કેટલાંક હાસ્યરસિક સર્જનો પણ કર્યાં છે, જેમાંનું 'લા મૅંડ્રૅગોલા' તો ઈટાલિયન ભાષામાં કદાચ સર્વોત્તમ હાસ્યરસિક નાટક કહી શકાય એવી કૃતિ છે. એણે કેટલીક કડવી છતાં સાચી બાબતો પણ કહી છે. ઈ. ૧૫૨૭ની ૨૨મી જૂને એનું અવસાન થયું.

પ્રસંગવિશેષ: ક્રાંતિના ખપ્પરમાં લવાઝીએનો ભોગ; ૮મી મે, ૧૭૯૪

જ્યારે કોઈ નવો ખયાલ ફેલાય છે ત્યારે એ અંગેના ઉત્સાહના અતિરેકમાં ઘણી વાર વિવેક અને ન્યાય ભુલાઈ જાય છે. ફ્રાંસની લોકક્રાંતિએ સડેલી રાજાશાહીને ભલે દૂર કરી, પણ એના ખપ્પરમાં કેટલાંયે નિર્દોષો અને અનેક પ્રતિભાશાળી માણસોનો ભોગ ચડાવાઈ ગયો. લોરેન્ત લવાઝીએ એવો જ એક વિજ્ઞાની હતો. એ કાળના રસાયણ શાસ્ત્રનો એ 'પિતા' ગણાતો. વિજ્ઞાનના તત્કાલીન બધા સિદ્ધાંતોનું પૃથક્કરણ કરી એણે એના ક્રમવિભાગો નક્કી કર્યા હતા. શ્વાસોચ્છ્વાસની ક્રિયા એ એક પ્રકારનું દહન છે એમ એણે શોધેલું. ધાતુઓ પર વિવિધ તેજાબની અસર અંગે એણે સંશોધનો કરેલાં. પણ ક્રાંતિના નામે ઊર્મિવશ બની એણે બળવાખોરોને દારૂગોળો પૂરો પાડેલો. અને પછી રાજકારણમાં પડવા રાજ્યના કરખાતામાં કામગીરી લીધેલી. સાથોસાથ એના વૈજ્ઞાનિક સંશોધનો પણ ચાલુ જ હતાં. ઈ. ૧૭૯૧માં લોકમાનસ પલટાયું. 'કરખાતા'ના અમલદારો એમને મન અધમ થઈ પડ્યાં. ને એમનો નાશ કરવાનું નક્કી થયું. લવાઝીએ સામે ત્યારે તો કંઈ થઈ શક્યું નહિ પણ પછી 'ઍકેડેમી ઑવ સાયન્સ'ને પણ રાજદ્રોહી સંસ્થા ગણી એના સભ્યોને જેલમાં નાખ્યા. લવાઝીએ તો 'ઍકેડેમી'નો મુખ્ય સભ્ય હતો. સૌની સાથે એને પણ જેલ મળી, ત્યાં પણ એણે 'પ્રસ્વેદની ક્રિયા'નો પ્રશ્ન ઉકેલવા મથામણો કરવા માંડી. આખરે એક દિવસ ન્યાયનું નાટક ખેલાયું. 'ઍકેડેમી'ને ગુનેગાર ઠેરવી એના બધા સભ્યોને સજા કરવામાં આવી અને એ મુજબ ઇ. ૧૭૯૪ની ૮મી મેએ લવાઝીએનો શિરચ્છેદ થયો. જેને જીવ્યે ફ્રાંસ વધુ સુભાગી બનત એ આમ ક્રાંતિના ખપ્પરમાં હોમાઈ ગયો. લા ગ્રૅંજે એને માટે ખરું કહ્યું છે, 'એનું માથું ઉડાવી દેતાં તો ફ્રાંસને એક જ ક્ષણ લાગી, પણ એવું જ બીજું મસ્તક ઉપજાવતાં એને એક સૈકો જોઇશે.'



પોતાની પ્રયોગશાળામાં લવાઝીએ. એક સમકાલીન ભાસ્કર્ય


ગીતિ

સુજન ન બનતો વેરી, પરહિત કરતો વિનાશ કાળે એ;
ચન્દનતરુ છેદાતાં સુવાસિત કરે મુખ કુહાડાનું.

સુભાષિત

ઑક્સફર્ડની ઑલ સે લ્સ કૉલેજમાં ભણીને બે તેજસ્વી વિદ્યાર્થીમિત્રો એકીસાથે તેના ફેલો પણ થયા. એમાંનો એક ગરીબ હતો તે કેળવણી ખાતામાં અધ્યાપક બનીને હિંદ આવ્યો, એ પ્રો. બેઈન; બીજો શ્રીમંત ઉમરાવ હતો તે જતે દહાડે વાઈસરૉય બનીને હિંદ આવ્યો, એ લૉર્ડ કર્ઝન. વાઇસરૉયગીરી દરમ્યાન કર્ઝન પૂનાની મુલાકાતે ગયો ત્યારે ત્યાંની કૉલેજની મુલાકાત વેળા વર્ગેવર્ગ ફરી વળવા છતાં તેની આંખે બેઈન ન ચડયો. પ્રિન્સિપાલ સેલ્બીને પૂછતાં ઉત્તર મળ્યો કે તે આજના દિવસની રજા પર ઊતર્યો છે. જેના તાપે ભલા ચમરબંધીને પણ દઝાડયા હતા એ લૉર્ડ કર્ઝનની ગાડી તરત એ મામૂલી પ્રોફેસરના બંગલા તરફ વળી, અને એ નાના બંગલાનાં પગથિયાં ચડતાં ચડતાં એ મહાન વાઇસરૉયે બૂમ પાડી: 'હલ્લો બેઈન!' ઉત્તરમાં ધીમું મલકતો મિત્ર બહાર આવ્યો. તેને એવી ઈરાદાપૂર્વકની ગેરહાજરીનું કારણ પૂછતાં ગૌરવપૂર્ણ નીડર જવાબ મળ્યો: 'જૂનો મિત્ર વાઈસરૉય થયા પછી મને કેવોક યાદ કરે છે તે જોવા ખાતર જ!'

કહેવતો: 'ઉલેચ્યે અંધારું ન જાય'–જેનું કશું જ પરિણામ આવવાનું ન હોય એવાં કામ પાછળ વગરસમજ્યે થતું નિરર્થક વેતરું નિર્દેશવા માટે વપરાતી કહેવત. એને મળતી બીજી ઉક્તિ: 'પાણી વલોવવા જેવું.'



દૃષ્ટિભ્રમ: એક નજરે જોતાં આ બધા ઘનનાં કાળાં મોં નીચલા ડાબા ખૂણા તરફ મંડાએલાં જણાશે ને બીજી નજરે જોતાં બધા ઘન બંદુકોની માફક ઉપલા જમણા ખૂણા તરફ મંડાએલા જણાશે. ઉલટાવીને જોવાથી પણ એ જ રીતે જણાશે અને બંને પડખે ફેરવી જોવાથી પણ એ જ પ્રકારના દૃષ્ટિભ્રમથી તે જમણા નીચલા ને ઉપલા ડાબા ખૂણા તરફ મંડાએલા જણાશે.

એકાક્ષરી અનેકાર્થી શબ્દ: કૂ = પિશાચિણી કે ચડેલ; પૃથ્વી; પહોળી શેરી કે માર્ગ; રહેઠાણ; પક્ષી જેવો અવાજ કરવો; કોયલનો અવાજ; દુઃખથી ચીસ પાડવી તે.



હેલિયોટ્રોપિઝ્મ (સૂર્યાવર્તન) નામની પ્રક્રિયાને લીધે સૂર્યમુખીના ફૂલને સ્નાયુઓ ન હોવા છતાં એનું મુખ સૂર્ય તરફ ફરે છે. તેની દાંડલીના છાયાવાળા ભાગના કોષો ઝડપથી વિકસે છે એટલે ત્યાં વળાંક ઉત્પન્ન થાય છે.

આ આંકડા તાજેતરના 'ભૂમિપત્ર'માં પ્રગટ થયા છે: આઝાદી પછીનાં વીસ વર્ષમાં ૬૭૯૧૨ બસો, ૮૦૧૭૧ ખાનગી મોટરો, ૯૧૩ જીપ, ૨૧૯૧ ટ્રેનના ડબ્બા અને ૧૧૧૨ રેલવે સ્ટેશનોને આગ લગાડવામાં આવી, ને ૯૭૬૫૧૨ કરોડ રૂપિયાની સાર્વજનિક મિલકતની ભાંગફોડ થઈ. —રસિક કાપડિયા

ઝડપીમાં ઝડપી બોલાતી ભાષા ફ્રેન્ચ છે.

દુનિયાની લાંબામાં લાંબી વાડ સસલાંના ત્રાસ સામે ઑસ્ટ્રેલિયાએ બાંધી છે.



કલાકણિકા: બાંકુરા (બંગાળા)ની પિત્તળની આ માછલીનું પેટાળ, અંદર કંઈ મૂકવા માટે પોલું છે. ઘરમાં લટકતી એ હવામાં ઝૂલતી હશે ત્યારે કેવી લાગતી હશે?





સદ્ય-સ્નાતા (ચિત્રકાર · સુશીલ સેન) ઑ. ઈ. ફાઈન આર્ટ્સ ઍન્ડ ક્રાફ્ટ્સ સોસાએટીના સૌજન્યથી ગ્રામજીવન (ચિત્રકાર · પી. સી. વીરમણિ)

ટોચ-કોણ (ટૉપ-ઍંગલ)થી નિરૂપેલા મુખચિત્ર પછી આ (જમણી બાજુના) ચિત્રમાંનું દશ્ય 'સેમી ટૉપ-ઍંગલ'થી દેખાતું હોય એવી એની રચના છે. નજીકના ઘરમાંની, તે પછીના ફળિયામાંની અને આગળ ખેતરમાંની પ્રવૃત્તિઓ ઉત્તરોત્તર દશ્યમાન થતી જઇને ચિત્રમાં ઊંડાણ સાધી આપે છે. જ્યારે ડાબી બાજુનું ચિત્ર સંમુખ-દશ્યનો નમૂનો છે. શિથિલ આલેખનાવાળા જમણી બાજુના ચિત્રને પડછે આનું સારું સંયોજન પણ માધુર્યમંડિત છે, એની પ્રતીતિ તો, સૂકવેલાં બે વસ્ત્રોની પશ્ચાદ્ભૂમાંથી ખીલી આવતા નારીપાત્ર તથા ફૂલછોડના લલિત વળાંકો કરાવી રહે છે. વિષયદષ્ટિએ, એકમાં ગ્રામજીવનનું માધુર્ય છે, બીજામાં મધ્યમવર્ગના ગૃહજીવનનું.